Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળબોધાવલિ-પુસ્તક ૨ જું.

બાળસદ્‌બોધ.

લેખકઃ હર્ષદર ગોપાળજી ત્રિવેદી.
રહે. ભાવનગર (કાઠિયાવાડ.)

બીજી આવૃત્તિ—સંવત ૧૯૭૪.
પ્રકાશકઃ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય,
મુંબઈ-૨ અને અમદાવાદ.

૬૬૫/૨

કિંમત—અમદાવાદના કાર્યાલયમાં સવાત્રણ આના.
અન્ય સર્વ સ્થળે પાંચ આના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या.....६६७१
पुस्तकालय-पञ्जिका-संख्या.....७६३५

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Balsubodhini

स्टाक प्रमाणीकरण ११८१-११८२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલગ્રન્થાવલિ-પુસ્તક ૨ જું.

બાળસદ્‌બોધ

લેખક: ઠક્કર ગોપાળજી ઉદ્ધવજી
મુ. ભાવનગર (કાઠિયાવાડ)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયને માટે
પ્રકાશક: ભિક્ષુ-અખંડાનન્દ.
કાલબાદેવી-મુંબાઇ.

CHE... 1973
Initial ...

આવૃત્તિ ચોથી પ્રત ૫૪૦૦. કુલ પ્રત ૧૩૦૦૦.
વિક્રમ સંવત ૧૯૭૮. ઇ. સ. ૧૯૨૨.

મૂલ્ય કાર્યાલયમાં સાડાચાર આના. } માર્ગવ્યય અલગ.
અન્યત્ર પાંચ આના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી સસ્તું સાહિત્ય વર્ધક મુદ્રણાલય–અમદાવાદ
ભિક્ષુ–અખંડાનન્દ દ્વારા મુદ્રિત.

"અનુક્રમણિકા" માટે પુસ્તકની છેવટે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ છેલ્લી આવૃત્તિ વિષે બે બોલ.

આ સંસ્થાએ પ્રકટ કરેલાં બાલોપયોગી પુસ્તકો મુંબઇ અને બંગા-દરાનાં કેળવણી ખાતાંઓ તરફથી તો ઇનામ અને લાઇબ્રેરી માટે મંજૂર થએલાંજ છે. ઉપરાંત સુરત રાષ્ટ્રીય કેળવણી મંડળ તરફથી ભરવામાં આવેલી પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સભાએ પણ પહેલા, બીજા તથા ત્રીજા ધોરણનાં પાઠય પુસ્તકો તરીકે **બાળસદ્ગુણો**, **બાળકોની વાતો** તથા **સદ્ગુણી બાળકો** પસંદ કરવાથી તેની બે માગણી વધી પડી; તેથીજ આ આવૃત્તિ સત્વર પ્રસિદ્ધ થવા પામી છે.

આ આવૃત્તિમાં ભાષા વગેરેનો કેટલોક સુધારો કરવામાં આવ્યો છે.

ત્રણેક વર્ષ પર નીકળેલી આગલી આવૃત્તિની પેઠે આ આવૃત્તિને માટે બહારની આર્થિક સહાય નહિ નીકળી આવેલી હોવાથી આ પ્રસંગે લાગતના પ્રમાણમાં કિમ્મત વધુ આવી તે સ્વાભાવિકજ છે.

આ પુસ્તક છપાવવાની પરવાનગી પૂર્ણ નિષ્કામભાવે અને સર્વ અધિકાર સાથે સદાને માટે આપવા માટે, તેના લેખક શ્રીયુત ગોપા બાઇ ઉદ્ધવજી દક્કરનો અત્રે સપ્રેમ આભાર માનવામાં આવે છે.

સંવત ૧૯૭૮, ચૈત્રી પૂર્ણિમા. પ્રસિદ્ધ કર્ત્તા.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવનાનો સારાંશ.

અસલના વખતમાં જે આધ્યાત્મિક, માનસિક અને શારીરિક કેળ-વણી અપાતી હતી; તેમાં ધર્મશિક્ષણને ખાસ પ્રાધાન્ય અપાતું હતું. આજે ખરી રીતે એમાંની એકે જાતની કેળવણી અપાતી નથી અને જે અપાય છે તે માત્ર ઉપર ટપકેનીજ. કેટલાક વખતના કડવા અનુભવ પછી રાજા તથા પ્રજા બન્નેને જણાયું કે ધર્મ–નીતિની કેળવણી સિવાય વિદ્યાર્થીઓમાં સ્વાર્થ, અતડાઇ, અનાચાર વગેરે દુર્ગુણો દાખલ થાય છે; માટે તેને દૂર રાખવા સારૂ ધર્મ–નીતિના શિક્ષણની ખાસ જરૂર છે. આ હેતુ પાર પાડવા માટે તેઓએ કેટલીક નિશાળોમાં ધર્મ-નીતિનું શિક્ષણ દાખલ કર્યું છે; કેટલીકમાં તે શિક્ષણની પરીક્ષા લેવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોરણ દાખલ કર્યું છે; અને કેટલીકમાં માત્ર ઈશ્વર પ્રાર્થનાઓ બોલાવવાનું ધોરણ દાખલ કર્યું છે. આ હેતુ સફળ કરવા માટે ધર્મ–નીતિના શિક્ષણનાં ખાસ પુસ્તકોની પણ જરૂર છે.

વર્ગનોજ શિક્ષક ધર્મ–નીતિનું શિક્ષણ આપે તેના કરતાં શિક્ષણ આપવાને ખાસ જુદો શિક્ષક હોય તો તેનું પરિણામ વિશેષ લાભદાયક થાય, એમ મારો નમ્ર મત છે. વળી છોકરાઓનું ચારિત્ર્ય સુધારવા પહેલાં શિક્ષકોએ પોતાનું ચારિત્ર્ય સુધારવું એ ખાસ આવશ્યક છે. જ્યારે ખુદ શિક્ષકોજ નિશાળે મોડા આવે; મોઢામાં પાનના ડુચા રાખે; કોટનાં બટન ખુલ્લાં રાખે; ખુરસી ઉપર ગમે તેમ બેસે; છોકરાઓને ગમે તેવા અપશબ્દો કહે; નજીવી બાબતમાં ચીડાઇ જાય અને સજા કરે; ત્યારે તેમના શિક્ષણથી વિદ્યાર્થીઓ સુધરે એ અસંભવિત છે. ધર્મ-નીતિનું શિક્ષણ આપનાર શિક્ષક પવિત્ર આચરણવાળો અને નમ્ર હોવો જોઇએ. કે જેથી સાંભળનારાઓના મન ઉપર સચોટ છાપ પડે. છોકરાઓ ધર્મ–નીતિનાં પુસ્તકો વર્ગમાં વાંચે તેના કરતાં શિક્ષક સ્વાર્પણ, ભ્રાતૃભાવ, પ્રમાણિકપણું, સત્ય, દેશદાઝ વગેરે સદ્‌ગુણ ઉપર અડધો કલાક બહુજ રસથી વાર્તા કહી જાય; અને છોકરાઓ પાસેથી તેમાં રહેલો બોધ કઢાવે તે સારૂં છે એમ મારૂં માનવું છે. વળી છોકરાઓ તે પ્રમાણે વર્તે છે કે નહિ, તે પણ પ્રસંગોપાત જોતા રહીને જરૂર જણાય તો ખામીઓ તરફ છોકરાઓનું લક્ષ ખેંચવું જોઇએ.

વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઉપર તેમનાં માબાપોએ પણ લક્ષ આપવાની ખાસ જરૂર છે. જે માબાપ છોકરાનાં લૂગડાંલત્તાં, પગરખાં, છત્રી અને દફ્તર ઉપર ધ્યાન આપે અને તેઓની નીતિ–રીતિ, અભ્યાસ અને શારીરિક સંપત્તિ ઉપર ઓછું ધ્યાન આપે તેઓની પણ મોટી ભૂલ છે.

કેવી પદ્ધતિથી વાર્તા કહેવી અને કેવી રીતે વાર્તાનો સાર ખેંચાવવો તે દર્શાવવા જ આ નાનકડું પુસ્તક લખેલું છે. આ પુસ્તકની અંદર કેટલીક કવિતા પુરી પાડવામાં તથા સુધારો વધારો કરવામાં જે મિત્રોએ સહાય આપી છે, તેમનો હું ઉપકાર માનું છું.

ભાવનગર. શ્રીકૃષ્ણજયંતિ–સંવત ૧૯૬૭. **લેખક.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળ સદ્‌બોધ

૧—મનને ભટકવા નહિ દેવા વિષે.

સમજ્યાવું તોપણ નહિ સમજે, આગળથી તું અવળું;
સુખ લેવું જો હોય સરસ તો, શાણા થઇ જા સવળું.

મહેતાજી—છોકરાઓ, આજથી હું તમને એક એક વાર્તા કહીશ. બોલો, તમને બધાને તે ગમશે ? કેમ મોહનલાલ, તમે શું કહો છો ?

મોહનલાલ–હાજી, તો તો બહુજ મજા આવે.

મહેતાજી–પણ આપણે એક શરત કરવાની છે, તે એ કે બીજે દિવસે પાછી તમારે તે વાત મને ફરીથી કહી જવી પડશે. કેમ, તમારે તે કબૂલ છે ?

સર્વ છોકરાઓ–હાજી, અમારે એ શરત કબૂલ છે.

મહેતાજી–ત્યારે હવે બરાબર ધ્યાન દઇને સાંભળો. તમારામાંથી કોઇ પાંડવ–કૌરવ વિષે કાંઇ જાણો છો ?

રતિલાલ–હાજી, અમારી શેરીમાં એક માણભટ મહાભારતની કથા કહેતા હતા; તેમાં પાંડવ–કૌરવની વાત આવતી હતી.

મહેતાજી–તમારી વાત બરાબર છે; પણ માણભટ એટલે શું એ તમને બબર છે ? હરિલાલ, તમે કહો જોઇએ.

હરિલાલ–સાહેબ, કથા કહેવાવાળા ભટ પોતાની પાસે પિત્તળની કે તાંબાની મોટી ગોળી રાખે છે તેને માણ કહે છે; અને કથા કહેતાં કહેતાં વચમાં વચમાં તે વગાડે છે તેથી તે માણભટ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી–શાબાશ, હરિલાલ શાબાશ. ત્યારે હરજીવનદાસ તમે કહો કે **મહાભારત** એટલે શું ?

હરજીવનદાસ–સાહેબ, મહા એટલે મોટું અને ભારત એટલે ભરતખંડ. જેને હિંદુસ્તાન કહે છે તે સંબંધી કંઇક હશે.

મહેતાજી–નહિ નહિ, તમે બેસી જાઓ. બીજા કોઇ જાણો છો ?

સર્વ–ના જી.

મહેતાજી–સાંભળો ત્યારે, મહા એટલે મોટું, એ વાત તો બરાબર; પણ ભારતની વાત આપણને હરજીવનદાસે કહી તે બરાબર નથી. ભારત એટલે **ભરત**ના વંશને. **ભરત** નામે એક રાજા હતો. તે **દુષ્યંત** તથા **શકુન્તલા**નો પુત્ર હતો અને તે નવી ગુજરાતી પાંચમી ચોપડીમાં **સર્વદમન**ના નામથી ઓળખાય છે. તે **ભરત** રાજાના વંશમાં થયેલા રાજાઓની મોટી કથાનું નામ મહાભારત કહેવાય છે. એ વંશમાં એક **કુરુ** નામે રાજા થયો. તેના વંશમાં અમુક પેઢીએ **ધૃતરાષ્ટ્ર**, **પાંડુ** અને **વિદુર** થયા. ધૃતરાષ્ટ્રના પુત્રો તે કૌરવો કહેવાયા અને **પાંડુ** રાજાના પુત્રો પાંડવો કહેવાયા. હવે રણછોડદાસ, પાંડવોનાં નામ તમને આવડતાં હોય તો બોલો.

રણછોડદાસ—યુધિષ્ઠિર, **ભીમ**, **અર્જુન**, નકુળ અને **સહદેવ**.

મહેતાજી–બરાબર, બેસી જાઓ. યુધિષ્ઠિરનું બીજું નામ શું કેશવલાલ ?

કેશવલાલ—**ધર્મરાજા**.

મહેતાજી—**મોતીલાલ**, કૌરવો કેટલા હતા ? તેમના બે મોટા ભાઈઓનાં નામ કહો.

મોતીલાલ—કૌરવો સો હતા અને સૌથી મોટાભાઈનું નામ દુર્યોધન અને બીજાનું નામ દુઃશાસન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી—ઠીક, હવે આપણે વાત આગળ ચલાવીશું. આ બધા પાંડવો અને કૌરવો દ્રોણાચાર્ય એટલે કે દ્રોણ ગુરૂને ત્યાં શીખવા જતા હતા. એ વખતે હાલની પેઠે બાંકડા, બુરશી, ટેબલ કે ઘોડી–પાટીયાં નહોતાં; અને વળી જેમ તમે માત્ર પાંચ કલાકજ આવીને ઘેર પાછા જતા રહો છો તેમ પણ નહોતું .....

જયંતીલાલ (વચમાં બોલી ઉઠયા)—ત્યારે સાહેબ, કેમ હતું ?

મહેતાજી—જુઓ છોકરાઓ, આ જયંતીલાલ કેવા ઉતાવળીયા છે ! હજી હું બોલું છું તેટલામાંજ પોતે વચમાં બોલી ઉઠયા. કોઇ પણ છોકરાએ વચમાં બોલવું જોઇએ નહિ. હું બોલી રહું અને પછી સમજણ ન પડે તો બુશીથી પૂછવું. બોલો વેણીલાલ, આપણે શું વાત કરતા હતા ?

વેણીલાલ—સાહેબ, આપ એમ કહેતા હતા કે અસલની નિશાળમાં બાંકડા, બુરશી વગેરે નહોતાં.

મહેતાજી—હા જુઓ, અસલના વખતમાં છોકરાઓ ગુરૂને ત્યાંજ રહેતા હતા; ખાતા–પીતા પણ ત્યાંજ અને ગુરૂના ઘરનું કામ–કાજ પણ કરતા હતા. હવે આ બધા છોકરાઓને દ્રોણ ગુરૂ બાણ મારવાની, ઘોડા તથા હાથી ઉપર બેસવાની, રથ હાંકવાની અને લડાઈ વગેરેની બીજી વિદ્યા શીખવતા હતા. શીખવતાં શીખવતાં એક વર્ષ થયું ત્યારે તેમની પરીક્ષા લેવાનું ગુરૂજીએ નક્કી કર્યું. રામપ્રસાદ, તમારી પરીક્ષા લેવાય છે તે તમને ગમે છે ?

રામપ્રસાદ—સાહેબ, પરીક્ષા તે વળી કોને ગમે ? પરીક્ષા આવવાની હોય ત્યારે તો આવાનું પણ પૂરૂં ભાવે નહિ અને રાતના ઉજાગરા કરવા પડે. પરીક્ષા તો સાહેબ બહુજ ભુંડી.

મહેતાજી—પહેલા નંબર, તમે પરીક્ષા વિષે શું કહો છો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો નંબર—સાહેબ, રામપ્રસાદે જે વાત કરી તે બરાબર નથી. જો પરીક્ષા ન હોય તો પછી બધા છોકરાઓ આળસુજ થઈ જાય અને આખો દિવસ રમ્યાજ કરે. વળી દરરોજ જે પોતાનો પાઠ બરાબર કરતો હોય અને નિશાળમાં આઘું ગેરહાજર ન રહેતો હોય, તેને પરીક્ષા વખતે બહુ મહેનત કરવી પડતી નથી.

મહેતાજી—પહેલા નંબરવાળા **શંકરલાલે** બહુ સારૂં કહ્યું. **શંકરલાલ**, તમારી વાત સાચી છે. હવે આપણે આપણી વાત આગળ ચલાવીએ. **દ્રોણ** ગુરુએ બધા છોકરાઓને પંદર દિવસ અગાઉથી ખબર આપી અને કહ્યું કે, હું તમારા બધાની પરીક્ષા **વિજયાદશમી**ને દિવસે લઇશ; માટે તમારે અગાઉથી તૈયાર કરી રાખવી. આથી બધા છોકરાઓ ખૂબ મહેનત કરવા મંડ્યા. વિજયાદશમી, જેને લોકો **દશેરા**ના નામથી ઓળખે છે; તે દિવસે સવારમાં ગુરુજી બધાને એક જંગલમાં લઇ ગયા. ત્યાં એક મોટા આંબાના ઝાડ ઉપર લાકડાની ચકલી મૂકી. બધા વિદ્યાર્થીઓને તે ઝાડથી સો હાથ છેટે હારબંધ ઉભા રાખ્યા. તેમાં પહેલો **ધર્મરાજા**, પછી **ભીમ**, **નકુળ**, **સહદેવ**, **દુર્યોધન**, **દુઃશાસન** અને તેના બીજા ભાઇઓ હતા. બોલો **કનૈયાલાલ**, કોઈનું નામ રહી જાય છે ?

કનૈયાલાલ—જી ના; કોઇનું નામ નથી રહી જતું.

મહેતાજી—અરે, તમારી પાસે બેઠેલા વિદ્યાર્થીના નામરાશિને આપણે ભૂલી ગયા છીએ કે નહિ ?

કનૈયાલાલ—જી હા, આપણે **અર્જુ**નનું નામ ભૂલી ગયા.

મહેતાજી—**અર્જુ**નને સૌથી છેલ્લે નંબરે રાખ્યા હતા. આ બધા છોકરાઓ ગોઠવાઇ ગયા પછી ગુરુએ **ધર્મરાજા**ને કહ્યું કે, **ધર્મરાજા** તૈયાર થઈ જાઓ. આમ કહ્યું એટલે **ધર્મરાજા** બાણ ચઢાવીને તૈયાર થયા પણ બાણ છોડયું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે બાણ કેમ નહિ છોડયું હોય, **અર્જુનલાલ** ?

અર્જુનલાલ—જી, તેને ગુરુએ હજી હુકમ આપ્યો નહોતો તેથી.

મહેતાજી—શાબાશ **અર્જુનલાલ** શાબાશ. જુઓ, પછી ગુરુએ તૈયાર થએલા **ધર્મરાજને** પૂછયું કે, તું શું જુએ છે ? ત્યારે ધર્મરાજાએ કહ્યું: હું આપને, પાંદડાંને, ઝાડને તથા ચકલીને જોઉં છું. આ સાંભળીને ગુરુએ કહ્યું: તું બેસી જા. તરતજ **ધર્મરાજા** બેસી ગયા. પછી તેવીજ રીતે **ભીમને** પૂછયું. તેણે પણ તેવાજ જવાબ આપ્યો; એટલે ગુરુએ તેને પણ બેસી જવાની આજ્ઞા કરી. આવી રીતે **અર્જુન** સિવાયના બધાને પૂછયું અને બધાએ તેવાજ જવાબ આપ્યો; એટલે ગુરુએ બધાને બેસાડી દીધા. પછી **અર્જુનને** પૂછયું કે, **અર્જુન** તું શું જુએ છે ? **અર્જુને** કહ્યું: ગુરુજી માત્ર ચકલીનેજ હું જોઉં છું. ત્યારે ગુરુએ કહ્યું: ચકલીના કયા ભાગ તું જુએ છે ? **અર્જુને** કહ્યું: માત્ર તેનું માથુંજ. ગુરુએ હુકમ કર્યો, **અર્જુન** બાણ છોડ. **અર્જુને** બાણ છોડયું અને તરતજ ચકલી નીચે પડી. બધા નાપાસ થયા અને એક **અર્જુનજ** પાસ થયા. હવે તમે મને કહો કે **દ્રોણ** ગુરુએ બધાને શા માટે બાણ છોડવાની ના પાડી અને એક **અર્જુનનેજ** હા પાડી ? વારા ફરતી છેલ્લેથી બોલો.

(કોઇ જવાબ ન આપી શકયા, માત્ર **શંકરલાલજ** ઉભા થયા.)

શંકરલાલ—સાહેબ, મને એમ લાગે છે કે **અર્જુન** ઉપર ગુરુની બહુ કૃપા હશે તેથી હા પાડી હશે.

મહેતાજી—અહીં એ વાત નથી. તમે બધા જો ધ્યાનથી બીજાઓનો જવાબ અને **અર્જુનનો** જવાબ સરખાવશો તો તમને તરત ખબર પડશે. કેમ, હવે કોઈ કહી શકશો ?

વિનાયક—સાહેબ, હવે મને ખબર પડી. જુઓ, બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓના જવાબ ઉપરથી ગુરુજી જાણી ગયા કે આ બધાનું મન એક ઠેકાણે નથી; અને અર્જુનનું મન બરાબર ચકલીના માથા તરફજ હતું તેથી ગુરુજીએ તેને બાણ છોડવા હુકમ કર્યો.

મહેતાજી—વાહ વાહ, વિનાયક, તમે બહુજ સારો જવાબ આપ્યો. આપણે જ્યારે પાટીયા ઉપર દાખલો ગણતા હોઇએ, તે વખતે જો તમારૂં ધ્યાન પાટીયા ઉપર ન હોય અને મશાલાની દાળ કે શીંગમાં ગયું હોય, તો તમે દાખલો શીખવાના શીખી રહ્યા. તમે કવિતા બોલતા હો ત્યારે તમારૂં ધ્યાન ગલીદંડો રમવા ઉપર જાય તો તમે કવિતામાં ભૂલ કરવાનાજ. આવી રીતે જે કામ આપણે કરતા હોઇએ તે કામમાં જો આપણું મન બરાબર ન રાખીએ તો તે કામ આપણે સારી રીતે કરી શકવાનાજ નહિ. એક વિદ્વાને કહ્યું છે કે, "કામની વખતે કામ કરો અને રમવાની વખતે રમો." આપણે પણ આવીજ ટેવ પાડવી જોઇએ. એટલે કે ભણવા બેસવું ત્યારે ચોપડીમાં મન રાખવું, જમવાની વખતે જમવામાં મન રાખવું અને રમત વખતે રમતમાં મન રાખવું. જો આમ કરીશું તો આપણે પણ અર્જુનની પેઠે કામ પાર પાડી શકીશું. ગલીદંડો રમતી વખતે દંડાવાળાનું ધ્યાન ક્યાં હોવું જોઇએ રતિલાલ?

રતિલાલ—તેનું ધ્યાન ગલી ફેંકનાર તરફ રહેવું જોઇએ.

મહેતાજી—તેનું ધ્યાન ત્યાં ન હોય તો શું થાય?

માધવજી—તે ગલીને રોકી ન શકે અને પાછી પણ ન વાળી શકે અને દંડો મૂકી દેવો પડે.

મહેતાજી—બરાબર. તેવીજ રીતે અહીંઆં આપણે પાઠ વાંચતા હોઇએ તે વખતે તમારૂં ધ્યાન જો ઘેર હોય તો તમને પાઠ બરાબર આવડવાનો નહિ; માટે આપણે ઉપર કહી ગયા તેમ કામ કરતી વખત કામ કરવું અને રમતી વખત રમવું. બીજું હું તમને જે જે વાર્તા કહું તે દરેક ઉપરથી બોધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાનું ધ્યાનમાં રાખવું અને પછી તેજ પ્રમાણે વર્તવું. પેલી પુતળીની પેઠે એક કાનેથી સાંભળીને બીજે કાનેથી કાઢી ન નાખવું. નહિ તો તેની માફક તમારી કિંમત પણ કોડીનીજ થશે.

જીવણરામ—સાહેબ, એ વાત મહેરબાની કરીને કહો તો ઠીક.

મહેતાજી—આજે તો હવે વખત થઈ ગયો છે માટે તે કાલે કહીશું; પણ આજે આપણે જે વાત કહી ગયા તે ઉપરથી તમે સાર શું લીધો? બોલો જોઇએ **શંકરલાલ**?

શંકરલાલ—સાહેબ, આજની વાત ઉપરથી સાર એ લેવો કે જે કામ કરવું તે બરાબર મન દઈને કરવું. તે વખતે બીજી ત્રીજી બાબતમાં ધ્યાન ન રાખવું.

મહેતાજી—શાબાશ. હવે કાલે પેલી પુતળીની વાત કરીશું.

૨—બંધુભાવ.

પરમેશ્વરની આ પ્રજા, સઘળો છે સંસાર;
એક કુટુંબી આપણે, એક પિતા પરિવાર.

મહેતાજી—રામપ્રસાદ, કાલે આપણે કયી વાત કહી ગયા?

રામપ્રસાદ—સાહેબ, કાલે આપણે પાંડવ-કૌરવની વાત કહી ગયા. તેમાં તેઓ ગુરુને ત્યાં ભણવા ગયા અને તેમની પરીક્ષા લેવાઈ; ત્યાં સુધીની વાત આપે કહી હતી.

મહેતાજી—બરાબર છે. કહો **અર્જુનલાલ**, આપણે કાલે તે વાત ઉપરથી શું સાર લીધો હતો?

અર્જુનલાલ—દરેક કામ બરાબર ધ્યાન રાખીને કરવું.

મહેતાજી—બોલો **રતિલાલ**, આજે કયી વાત કરીશું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતિલાલ—કાણી પુતળીની વાત કહેવાનું આપે કહ્યું હતું.

મહેતાજી—બરાબર. કહો ત્યારે, તમારામાંથી કોઇએ **અકબર** કે **બીરબલનું** નામ સાંભળ્યું છે ?

શંકરલાલ—જી હા. ઇતિહાસમાં **અકબર** બાદશાહનું નામ આવે છે. વળી મેં 'સમ્રાટ **અકબર**' એ નામની ચોપડી પણ વાંચી છે.

મહેતાજી—તમારી વાત બરાબર છે. જ્યારે મહિના દોઢ મહિનાની મોટી રજા પડે ત્યારે 'સમ્રાટ **અકબર**' નું પુસ્તક અને 'બાદશાહ અને **બીરબલ**' ની ચોપડી વાંચવા બધા છોકરાઓને હું ભલામણ કરું છું; કેમકે તેમાંથી તમને એ બહુજ ભલા બાદશાહનો મહિમા તથા દેશાભિમાન વગેરે ઘણી બાબતો સમજવાની મળશે; તેમજ ગમત સાથે જ્ઞાન મળશે. **શંકરલાલ**, **અકબર** બાદશાહ વિષે તમે વધુ કાંઈ જાણો છો ?

શંકરલાલ—જી હા, **અકબર** દિલ્હીનો બાદશાહ હતો. તે પોતે મુસલમાન છતાં બધા ધર્મોને માન આપતો, તથા હિંદુ અને મુસલમાનોને સરખા ગણીને રાજ્યમાં એક સરખી રીતે જગ્યાઓ આપતો.

મહેતાજી—શાબાશ છે **શંકરલાલ**. જુઓ છોકરાઓ, આપણે પણ **અકબર** જેવા થવું જોઇએ. કોઇ પણ માણસ પછી ગમે તો તે હિંદુ હોય, **મુસલમાન** હોય, **અંગ્રેજ** હોય કે **પારસી** હોય, તે બધાને આપણે આપણા ભાઇ સમાન ગણવા જોઇએ; અને તેઓની સાથે તકરાર ન કરતાં સંપીને રહેવું જોઇએ. ખરી રીતે તેઓ આપણા ભાઇઓજ છે.

ચીમનલાલ—સાહેબ, આપે કહ્યું કે તેઓ ખરી રીતે આપણા ભાઇઓ છે, તો તે કેવી રીતે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી—ચીમનલાલ, આપણે બધા કોના પુત્રો છીએ ?

ચીમનલાલ—સાહેબ, આપણા માબાપના પુત્રો છીએ.

મહેતાજી—ચીમનલાલ, એ તો બરૂં; પણ આપણને બધાને એટલે કે આ આખા જગતના પ્રાણીઓને, પશુપંખીઓને, હિંદુ, મુસલમાન, અંગ્રેજ, પારસી વગેરેને કોણે બનાવ્યા છે ?

ચીમનલાલ—એ બધાનો બનાવનાર તો પરમેશ્વર છે.

મહેતાજી—એ તમને કોણે શીખવ્યું ?

ચીમનલાલ—સાહેબ એક ચોપડીમાં કવિતા છે કેઃ—

ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તેં સંસાર;
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધાં તૈયાર.

મહેતાજી—બસ, હવે તમે બધા સમજ્યા હશો કે આપણા બધાનો બનાવનાર એક પરમેશ્વર છે; અને એમ છે તો પછી આપણે બધા ભાઇઓ કહેવાઇએ કે નહિ ? બોલો ચીમનલાલ.

ચીમનલાલ—જી હા. હવે હું સમજ્યો.

મહેતાજી—વળી જુઓ, તમારી જુની ચોપડીમાં પણ એક કવિતા છે કેઃ—

પરમેશ્વરની આ પ્રજા, સઘળો છે સંસાર;
એક કુટુંબી આપણે, એક પિતા પરિવાર.
કાળા ગોળા કોઇ છે, ધનહીણા ધનવાન;
કહો ન હલકો કોઇને, સઘળા એક સમાન

માટે આપણે બધાની સાથે ભાઈ તરીકે વર્તીએ તો આપણા પિતા પરમેશ્વર રાજી થાય. હવે આપણે આપણી વાત આગળ ચલાવીએ. અકબર બાદશાહની પાસે બીરબલ નામનો વજીર હતો. તે બહુજ ડાહ્યો, વિવેકી અને ચતુર હતો. એની ચતુરાઇથી ખુશ થઇને બાદશાહ ઇનામો આપતો ત્યારે બાદશાહના બીજા નોકરો તેની અદેખાઇ કરતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખતે બીરબલના બધા દુશ્મનો ભેગા થયા અને વિચાર કરવા લાગ્યા કે, આપણે ગમે તેમ કરીને પણ બીરબલની લાજ લઈએ તો ઠીક થાય. એક જણાએ બધાને કહ્યું કે, ભાઇઓ મારે ત્યાં જયપુરનો એક કારીગર આવ્યો છે અને તે બહુજ હુંશિયાર છે; માટે આપણે તેની પાસે કાંઇ કારીગરી કરાવીને બીરબલની લાજ લઇએ. આ વાત બધાને પસંદ પડી. પછી કારીગરને ત્યાં બોલાવ્યો અને બધી વાત કહી દેખાડી. તેણે કહ્યું કે, ખુશીથી હું તમારૂં કામ કરી આપીશ; પણ મને છ મહિનાની મુદત આપો, અને મને જે ચીજો જોઇએ તે અપાવો. બધાએ એ વાતની હા પાડી, એટલે તે પોતાનું કામ કરવા બેસી ગયો.

છ મહીના થયા એટલે તે કારીગર ત્રણ સોનાની પુતળીઓ બનાવી લાવ્યો. તે ત્રણે એક સરખા કદની હતી. આંખોમાં પણ સરખી, વજનમાં પણ સરખી અને ત્રણેનાં ઘરેણાં પણ સરખાં હતાં. આ ત્રણ પુતળીઓને એક બાજઠ ઉપર મૂકીને તેણે બીરબલના દુશ્મનોને કહ્યું કે, આની કિંમત તમે બધા કરો. તે બધાએ તપાસી તપાસીને જોઇ, પણ સરખી હતી તેથી કિંમત કહી શક્યા નહિ. ગામના કારીગરોને બોલાવીને પણ તે બતાવી; પણ બધા કહે છે કે ત્રણે પુતળીઓ કિંમતમાં સરખી છે. પછી તે કારીગરે કહ્યું: તમારી પરીક્ષા બરાબર નથી. હવે આ પુતળી બીરબલને બતાવવા હું કચેરીમાં લાવીશ અને તેની લાજ લઈશ. આથી બીરબલના દુશ્મનો બહુ રાજી થયા. પછી બીજે દિવસે અકબર બાદશાહની કચેરીમાં તે કારીગર આવ્યો અને ત્રણે પુતળીઓ મૂકી તેની કિંમત કરાવવા વિનંતી કરી. બાદશાહે તેને ખૂબ તપાસીને તથા તેનું વજન પણ કરાવીને કહ્યું કે, આ તો બધીજ સરખી છે. કારીગરે કહ્યું: સાહેબ, જો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી સરખી કિંમતની હોત તો હું આપની પાસે શું કામ લાવત ? હવે આપ કૃપા કરીને આની કિંમત આપના હુંશિયાર ગણાતા બીરબલ પાસે કરાવો.

બાદશાહે બીરબલ સામું જોતાં તે ઉભો થયો અને પુતળીઓ તપાસીને તેણે બાદશાહના કાનમાં કહ્યું કે, કામ જરા કઠિન હોવાથી એક મહિનાની મુદત જોઇએ. બાદશાહે કારીગરને કહી એક મહિનાની મુદત અપાવી. પછી બીરબલ ત્રણે પુતળીઓ પોતાને ઘેર લઇ ગયો.

મહેતાજી—કપિલરાય, મેં હમણા શી વાત કરી ?

કપિલરાય—સાહેબ, આ રણછોડદાસ મને વાત કરાવતા હતા એટલે મારૂં ધ્યાન તેમાં ન રહ્યું.

મહેતાજી—કાલની વાત ઉપરથી તમે આવોજ સાર લો તો પછી વાર્તા કહેવાની જરૂર શી છે ? હવેથી એવી ભૂલ કરશો નહિં કાલની વાત ઉપરથી શું સાર લેવાનો છે તે યાદ છે કે નહિ, રણછોડદાસ ?

રણછોડદાસ—જી હા. જે કામ કરવાનું હોય તેમાં બરાબર ધ્યાન રાખવું.

મહેતાજી—તમે તે પ્રમાણે વર્ત્યા છો ?

રણછોડદાસ—જી ના, મારી ભૂલ થઈ તે માફ કરો.

મહેતાજી—મેઘજીભાઇ, આપણે ક્યાંસુધી વાત કહી ગયા છીએ ?

મેઘજીભાઈ—સાહેબ, બીરબલે એક મહિનાની મુદત માગી અને ત્રણે પુતળીઓ ઘેર લઇ ગયો ત્યાં સુધી.

મહેતાજી—પછી તપાસ કરતાં કરતાં વીશ દિવસ તો વહી ગયા પણ બીરબલ કંઈ કળી શક્યો નહિ. બીરબલને ખાવાનું, પીવાનું કે કોઈની સાથે બોલવાનું પણ ગમતું ન હતું. પણ પછી બહુ ઉંડી તપાસ કરતાં તેને મુદ્દો સમજાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી બીરબલ ત્રણે પુતળીઓ લઇને રાજી થતો થતો કચેરીમાં ગયો અને બાદશાહને કહ્યું: હજુર, આ ત્રણે પુતળીઓની કિંમત આ પ્રમાણે છે:—પહેલીની કિંમત એક કોડીની છે; બીજીની સવા લાખની છે; અને ત્રીજીની તો કિંમતજ થઈ શકે તેમ નથી.

બાદશાહે કહ્યું: બીરબલ, આ પહેલી પુતળી સોનાની છે, તેની ડોકમાં સાચાં મોતીની માળા છે, આંખમાં હીરા છે; તો પણ તેની કિંમત તું એક કોડીની કરે છે તેનું કારણ શું? બીરબલે કહ્યું: આપ કારીગરને પૂછી જુઓ કે મેં કિંમત કરી છે તે ખરી છે કે ખોટી? એ જો કહે કે ખરી, તો પછી આપને અને આ કચેરીનાં સર્વ માણસોને સમજાવું. પછી બાદશાહે તે કારીગરને પૂછયું કે બીરબલે જે કિંમત કરી છે તે સાચી છે કે ખોટી? કારીગરે કહ્યું: જી, સાચી. પછી બાદશાહે બીરબલને કહ્યું કે હવે તું સમજાવ.

પછી બીરબલે પાણીથી ભરેલું એક તપેલું સભામાં મંગાવી તેમાં પહેલી પુતળીને મૂકી; એટલે તરતજ તેના કાન પાસે પાણીના પરપોટા થવા મંડયા અને બડબડ બડબડ અવાજ થવા માંડયો. પછી બીરબલે કહ્યું: ગરીબપરવર, આ પુતળીને બન્ને કાને સોંસરાં કાણાં છે; એટલે એક કાનમાં રેડેલું પાણી બીજે કાને તે તરત કાઢી નાખે છે. માટે તેની કિંમત એક કોડીની છે. હવે આ બીજી પુતળીના એકજ કાનમાં કાણું છે અને બીજું કાણું મ્હોંમાં છે. તેના કાનમાં નાખેલું પાણી મ્હોંમાંથી નીકળે છે એટલે પહેલી પુતળી કરતાં તે ઠીક છે. માટે તેની કિંમત રૂપિયા સવાલાખની; અને ત્રીજી પુતળીના કાનમાં પાણી નાખીએ તેટલું હૃદયમાંજ ઉતરે છે તે માટે તે અમૂલ્ય છે.

આ જવાબ સાંભળીને બાદશાહ અને આખી સભા અજબ થઇ. બાદશાહે બીરબલને મોટું ઇનામ આપ્યું; અને ચેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારીગર ઝંખવાણો પડીને બીરબલની માફી માગવા લાગ્યો. પછી તેણે બીરબલના દુશ્મનોની વાત કહી દેખાડી. બાદશાહ એ વાત સાંભળીને એ બધા ઉપર બહુજ ગુસ્સે થયો અને તેઓને સજા કરવા જતો હતો; પણ બીરબલે આજીજી કરીને બધાને માફી અપાવી. બોલો અર્જુનલાલ, તમે આ વાર્તામાંથી શું સાર લીધો ?

અર્જુનલાલ—આપણને જે વાત કહેવામાં આવે તે ત્રીજી પુતળીની માફક આપણા મનમાં બરાબર ઠસાવી રાખવી.

મહેતાજી—બીજો કાંઈ સાર કહેશો, **નર્મદાશંકર** ?

નર્મદાશંકર—જી, હા. પહેલી પુતળીની માફક એક કાનેથી સાંભળી બીજે કાને વાત કાઢી નાખવી નહિ.

મહેતાજી—હવે પુતળીની વાત પૂરી થઈ. બીજો જે કાંઈ સાર વાતમાંથી નીકળી શકે તે તમે બોલો, **હરજીવનદાસ** ?

હરજીવનદાસ—સાહેબ, આપણે બીરબલની પેઠે બુદ્ધિ વાપરવી અને કઠિન કામમાં ન મુંઝાતાં ધીરજથી વિચાર કરવો.

મહેતાજી—વાહ વાહ, તમારી વાત પણ બરાબર છે. કુબેરલાલ, તમે કાંઇક વિશેષ સાર કહેશો ?

કુબેરલાલ—હા જી. આપણે બીરબલની પેઠે દુશ્મનોને માફી આપવી અને અપકારને બદલે ઉપકાર કરવો.

મહેતાજી—શાબાશ, શાબાશ. હવે કાંઇ સાર બાકી છે ? જેને બોલવું હોય તે ઉભા થાઓ.

(કોઈ ઉભા ન થતાં **શંકરલાલ** ઉભા થયા.)

શંકરલાલ—સાહેબ, આપણે અકબર બાદશાહની પેઠે હિંદુ, મુસલમાન, અંગ્રેજ, પારસી વગેરેને નાત-જાતનો ભેદ નહિ ગણતાં સરખા ગણવા અને બધાની સાથે ભાઈઓની માફક વર્તવું.

મહેતાજી—બહુજ સરસ. હવે આવતી કાલે હું તમને તે ઉપર એક રાજાની વાત કહીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩—સર્વનો પ્રભુ એક છે, પણ જુદા જુદા નામથી ઓળખાય છે.

લેશે કોઇ અલ્લા નામ, રટશે કોઈ મુખથી રામ;
હિંદુ મુસલમાન હરેક, ઈશ્વર સર્વેનો છે એક.
વૉટર, આબ, જળ, કહેવાય, જુદાં નામ માત્ર જણાય;
અળગી વસ્તુ નહિ અક્કેક, ઈશ્વર સર્વેનો છે એક.

મહેતાજી—મગનલાલ, કાલે આપણે કઇ વાત કહી ગયા ?

મગનલાલ—અકબર અને બીરબલની.

મહેતાજી—આજે આપણે કઇ વાત કહેવાના છીએ, વેણીલાલ ?

વેણીલાલ—એક રાજાની વાત કહેવાનું આપે કહ્યું હતું.

મહેતાજી—બરાબર છે. હવે આપણે વાત શરૂ કરીએ. એક રાજા હતો. તેને પક્ષી પાળવાનો બહુજ શોખ હતો; એટલે તે જુદી જુદી જાતનાં, જુદા જુદા રંગનાં, જુદા જુદા રાગવાળાં અને જુદા જુદા દેશનાં પક્ષીઓ બહુ ભેગાં કરતો હતો. તે રાજાની પાસે એક બહુરંગી પક્ષી હતું. એક દિવસે તે પક્ષી લઇને એક નોકર રાજાના મહેલના દરવાજા પાસે બેઠો હતો. તે વખતે એક પાસેના ગામડાનો બ્રત્રી ત્યાં આવી ચડયો. તે પક્ષીનો રંગ તે વખતે રાતો હતો. તે થોડી વાર ત્યાં ઉભો રહ્યો અને પછી થોડે છેટે આવેલા એક વડના ઝાડ નીચે જઇને બેઠો. થોડીવાર પછી ત્યાં એક બીજો બ્રત્રી આવ્યો. તે વખતે તે પક્ષીનો રંગ લીલો હતો. તે થોડીવાર ત્યાં ઉભો રહ્યો અને પછી તે પેલાજ વડ નીચે આવીને બેઠો. ત્યાં આવીને પ્રથમ આવનાર બ્રત્રીને તેણે કહ્યું કે, ભાઇ રામજી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલું પક્ષી જોયું ? કેવા સરસ લીલા રંગનું છે ? ત્યારે તે બોલ્યો: લાડ ખીમજી, તારી આંખે કાંઇ ઝાંખ તો નથી આવી ? તે પક્ષીનો રંગ તો ચણોઠી જેવો લાલચોળ છે. ખીમજીએ કહ્યું; ચાલ ચાલ, જુઠા બોલા, હું હજી આ ઘડીએજ જોઈને આવું છું અને મને બોટો પાડે છે ! આ પ્રમાણે વાદવિવાદ ચાલતો હતો; તેવામાં તેમનો ઓળખીતો એક ભાવસાર ત્યાં આવ્યો અને પૂછયું કે, ભાઈ, તમે કેમ લડો છો ? એટલે બન્નેએ પોતાની વાત તેને કહી દેખાડી; ત્યારે તે ભાવસાર કે જેનું નામ પદમશી હતું તે બોલ્યો: ભાઇ તમે બન્ને બોટા છો. હું હજી આ ઘડીએજ તે પક્ષીને જોઇને આવું છું. તેનો રંગ તો કાળા શાહી જેવો છે. આ સાંભળીને ખીમજી બોલ્યો: અલ્યા પદમશી, શું તું મને આંધળો ગણે છે ? તું ઘરડો છે એટલે બરાબર જોઇ નહિ શકતો હોય ! પદમશીએ કહ્યું: તમે બન્ને છતી આંખે આંધળા છો; જો મારું કહેવું ન માનતા હો તો ચાલો મારી સાથે, હું તમારી ખાત્રી કરી આપું ! આમ રકઝક ચાલે છે તેટલામાં તેમના ગામનો એક ભીમો નામનો કણબી આવ્યો અને આ ત્રણેને લડતા જોઈને બોલ્યો કે તમે કેમ લડી મરો છો ? પછી તે બધાએ પોતાની વાત કહી દેખાડી ત્યારે ભીમો પટેલ હસીને બોલ્યો: અલ્યા, તમે ત્રણે આંધળા છો આંધળા ! હું આ ઘડી હજી જોઈને આવું છું, એ પક્ષીનો રંગ તો બગલાની પાંખ જેવો ધોળો છે ! નકામા શું બાઝી મરો છો ? આ સાંભળીને પેલા ત્રણ જણા ભીમાને મારવા દોડ્યા અને ચારે વચ્ચે ધમાધમી થઈ રહી તથા મોટો હોકારો થયો. તે સાંભળીને અડખે પડખેથી બે ચાર માણસો દોડી આવ્યા અને પેલો પક્ષીવાળો સિપાઈ પણ ત્યાં આવ્યો. તેઓએ પેલા ચાર જણને છુટા પાડયા અને લડવાનું કારણ પૂછયું; ત્યારે તેમણે બધી વાત કહી દેખાડી. તે સાંભ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળીને પેલા માણસો અને તે સિપાઇ ખૂબ હસ્યા. પછી પેલા પક્ષીને બતાવીને તેણે કહ્યું: જુઓ, આનો રંગ કેવો પીળો છે? ભલા માણસો, આ તો બહુરંગી પક્ષી છે અને પાંચ પાંચ મિનિટે પોતાનો રંગ બદલે છે, તમે નાહક લડી મુઆ. આ વાત સાંભળીને પેલા ગામડીઆઓ પણ અચંબો પામી હસ્યા અને પછી પોતાને ગામ ગયા. કહો **રામપ્રસાદ**, હવે તમે શું સાર કાઢ્યો?

રામપ્રસાદ—જે વાત જોઇએ અથવા સાંભળીએ તે સંબંધી ખૂબ તપાસ કરવી અને બધી વિગત જાણવી; નહિ તો પેલા ગામડીઆની પેઠે નાહક તકરાર થાય.

મહેતાજી—તે બરાબર છે, પણ જે ખરો સાર છે તે તો રહી જાય છે. સાંભળો, જેમ પક્ષી એકજ હતું પણ તે જુદા જુદા રંગ બદલતું હતું; તેમ પ્રભુ તો એકજ છે પણ તે જુદાં જુદાં રૂપ લે છે. કોઈ વાર તે **રામ** થાય, કોઈ વાર **કૃષ્ણ** થાય, કોઇ વાર **મહમ્મદ** થાય, કોઈ વાર ઈસુખ્રિસ્ત થાય, અને કોઇ વાર **જરથોસ્ત** થાય. એને જેમ અનુકૂળ પડે તેમ તે અવતાર લે છે, પણ મુદ્દે તો તે એકજ છે. જેમ પેલા ગામડીઆઓ પેલા પક્ષીના જુદા જુદા રંગને જોઇને લડતા હતા તેમ આપણે બધા પ્રભુનાં જુદાં જુદાં નામ જેવાં કે **રામ**, **ખુદા**, **અલ્લાહ**, **ગૉડ**, **યેગંબર** વગેરેથી તકરાર કરીએ છીએ. જેમ પાણી છે તેને કેટલાક જળ કહે છે, કેટલાક આબ કહે છે, કેટલાક વારિ કહે છે, કેટલાક વૉટર કહે છે, કેટલાક તન્ની કહે છે; પણ જુદા જુદા નામથી તે કાંઈ બદલાઈ જતું નથી, તેમ પરમેશ્વર પણ જુદા જુદા નામથી બદલાઈ જતા નથી. વળી આપણે સર્વે પણ તેના પુત્રો હોવાથી ભાઇઓજ છીએ; માટે આપણે સંપીને અને સ્નેહથી ચાલવું જોઇએ. હવે કાલે આપણે અપકારને બદલે ઉપકાર કરવા વિષે બીજી વાત કરીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪–અપકારને બદલે ઉપકાર.

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;
જે સુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ.

મહેતાજી—કેમ હરજીવનદાસ, આજે કઈ વાત કહીશું ?

હરજીવનદાસ—સાહેબ, આપે કાલે અપકારને બદલે ઉપકાર કરવા વિષેની વાત કહેવાનું કહ્યું હતું.

મહેતાજી—ઠીક,તમે કોઇએ **ચંદ્રહાસ**નું નામ સાંભળ્યું છે ?

(મગનલાલ ઉભા થયા.)

મગનલાલ—જી હા, મેં સાંભળ્યું છે; એટલુંજ નહિ પરંતુ એક દિવસ મારા વડીલ સાથે કથા સાંભળવા ગયેલો ત્યારે **ચંદ્રહાસ**નું પૂરું આખ્યાન મેં સાંભળ્યું હતું અને તે મને બહુ ગમ્યું હતું.

મહેતાજી—બરાબર, **ચંદ્રહાસ**નું આખ્યાન બહુ સારું છે. આજે આપણે તેની વાત કહીશું. કેરલ નામનો એક દેશ હતો. ત્યાં **સુધાર્મિક** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને એક પુત્ર થયો. તે બહુ રૂપાળો હતો. વળી તે હસમુખો અને બોલવામાં વિવેકી હતો. જેમ જેમ તે મોટો થતો ગયો તેમ તે લોકોમાં બહુ પ્રિય થઇ પડયો; અને બધા તેનાં બહુ વખાણ કરવા લાગ્યા. રાજકુમારનાં વખાણ સાંભળીને રાજાના પિત્રાઇઓ તેની બહુ અદેખાઈ કરવા લાગ્યા અને આડાં અવળાં બહાનાં કાઢીને **સુધાર્મિક** રાજા સાથે લડાઈ કરી. લડાઈમાં રાજા મરાયો અને રાણી પોતાના એકના એક રાજકુમારને એક વિશ્વાસુ દાસીને સોંપીને સતી થઈ.

દાસી તે રાજકુમારને લઈને તે રાજ્યમાંથી નાશી છુટી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરતાં ફરતાં કુંતલપુર કરીને શહેર હતું તેમાં આવીને રહી. થોડા દિવસ પછી તે દાસી પણ મરી ગઈ અને રાજકુમાર એકલો થઈ ગયો. આ વખતે તેની ઉમ્મર સાતેક વર્ષની હતી. તે બોલવામાં બહુજ હુંશિયાર હતો અને મીઠું મીઠું બોલતો; તેથી લોકો તેને બોલાવતા–બવરાવતા–પીવરાવતા તથા લૂગડાં પણ આપતા.

કુંતલપુરનો જે રાજા હતો તે બહુ નબળો હતો; તેથી બરેબરૂં રાજ્ય તો તે રાજાનો પ્રધાન દુષ્ટબુદ્ધિજ કરતો હતો. રાજાને માત્ર મહેલ, ગાડી–ઘોડા વગેરે મોજ–મજા કરવાની વસ્તુઓજ તે આપતો હતો. દુષ્ટબુદ્ધિ બહુ દુષ્ટ હતો, તેથી તેનામાં દયા તો હતીજ નહિ. હવે એક વખતે તે પ્રધાને પોતાના બાપનું શ્રાદ્ધ હતું તે દિવસે બ્રાહ્મણોને જમવા નોતર્યા. બ્રાહ્મણો જમવાની તૈયારી કરતા હતા ત્યાં પેલો રાજકુમાર જેને સૌ દાસીપુત્ર તરીકે ઓળખતા હતા તે ત્યાંથી નીકળ્યો. બધા બ્રાહ્મણોએ તેને ત્યાં બોલાવ્યો અને પ્રધાનની રજા લઈને જમવા બેસાડ્યો. જમ્યા પછી સૌની સાથે પેલો દાસીપુત્ર બેઠો હતો ત્યાં પ્રધાન આવ્યો અને તે બાળકનું ચળકતું કપાળ જોઇને તેના મનમાં લાગ્યું કે; આ કોઈ મોટાનો છોકરો હોવો જોઈએ. પછી પ્રધાને બ્રાહ્મણોને પૂછ્યું કે, તમે આ બાળકનું ભવિષ્ય કહી શકશો ? ત્યારે તે બધામાંથી એક વિદ્વાન હતો તેણે કહ્યું કે, પ્રધાનજી, તે મોટો પરાક્રમી, શૂરવીર, દાનેશ્વરી અને ભક્ત થશે અને વળી તે આપનો જમાઇ થશે.

આ સાંભળીને દુષ્ટબુદ્ધિ પ્રધાનને બહુ ક્રોધ થયો અને મનમાં નક્કી કર્યું કે આ બાળકને હું મરાવી નાખું; નહિતો મારી આબરૂ જશે. આવી રીતે વિચાર કરીને તે બ્રાહ્મણોનું ભવિષ્ય ખોટું પાડવા તે પ્રધાને બે ચંડાળોને બોલાવ્યા, અને હુકમ કર્યો કે પેલો દાસીપુત્ર ગામમાં રખડ્યા કરે છે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલમાં લઇ જઇને મારી નાખો અને મારી ખાત્રી માટે કાંઈ નિશાની લાવી આપો; એટલે હું તમને ઇનામ આપીશ.

પ્રધાનના હુકમને તાબે થઈને ચંડાળો તે કુમારને ફોસલાવીને જંગલમાં લઈ ગયા અને મારવાની તૈયારી કરી. છોકરો હુંશિયાર હતો એટલે ચંડાળ પાસેથી રજા લઈને તે પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો:–" હે પ્રભુ, તમે મને આ દુઃખમાંથી બચાવો. આ જગતમાં આપના સિવાય મારૂં કોઈ છે નહિ. આપ મને મદદ નહિ કરો તો કોણ કરશે ?" આ પ્રમાણે આંખમાં આંસુ લાવીને પ્રાર્થના કરી, એટલે પેલા ચંડાળોને દયા આવી અને તેની છઠ્ઠી આંગળી હતી તેજ માત્ર કાપીને તેને કહ્યું કે; તું અહીંથી બહુ દૂર નાસી જા અને ફરીથી અહીં આવીશ નહિ. ચંડાળોએ તે પછી ગામમાં આવીને પ્રધાનને છઠ્ઠી આંગળી નિશાની માટે આપી. એટલે તેણે રાજી થઈને તેમને ઇનામ આપ્યું.

હવે પેલો કુમાર કેટલેક દૂર જઈ રોતો રોતો એક ઝાડ નીચે બેઠો. એવામાં ચંદનાવતી નગરીનો રાજા કુલીંદ શિકાર કરીને પાછો આવતો હતો. તેણે પેલા બાળકને રોતો જોયો એટલે તે ઝાડ પાસે આવ્યો. બાળકની સાથે વાતચીત કરતાં તે બહુ રાજી થયો અને પોતાને પુત્ર નહોતો તેથી તેણે મનમાં વિચાર કર્યો કે, મારા ઉપર પ્રભુએ કૃપા કરીને આ બાળક મોકલ્યો છે; માટે એને હું પુત્ર તરીકે રાખીશ. પછી તે તેને પોતાના નગરમાં તેડી ગયો અને ખૂબ ભણાવ્યો–ગણાવ્યો તથા યુદ્ધકળા પણ શીખવી. તેનું નામ ચંદનાવતી ઉપરથી ચંદ્રહાસ પાડયું.

તે મોટો થતો ગયો તેમ તેમ રાજ્યના કામમાં પણ ભાગ લેતો ગયો અને પ્રભુની ભક્તિ પણ વધારે વધારે કરતો ગયો. કુલીંદ રાજા વૃદ્ધ થયો એટલે રાજ્ય ચંદ્રહાસને સોંપ્યું; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સાથે એટલી આજ્ઞા કરી કે, કુંતલપુરના પ્રધાન દુષ્ટબુદ્ધિએ આપણાં સો ગામ હરામનાં લઈ લીધાં છે; પણ તે બહુ દુષ્ટ અને બળવાન હોવાથી કદિ તું તેની સાથે લડતો નહિ. તે પ્રમાણે વર્તવા ચંદ્રહાસે વચન આપ્યું. ચંદ્રહાસનો દાબડો જોઈને તેની પ્રજા તથા સર્વ નોકરોમાં ભક્તિભાવ વધ્યો. તે એટલે સુધી કે કેટલાક મહિના પછી ચંદ્રહાસે પોતાના સેવકોને ખંડણી ભરવા કુંતલપુર મોકલ્યા. તે દિવસે અગીયારશ હતી તેથી ચંદ્રહાસના સેવકોએ ઉપવાસ કર્યો અને દુષ્ટબુદ્ધિએ તેમને જમવા તેડ્યા, પણ તેઓ જમવા ગયા નહિ. આથી દુષ્ટબુદ્ધિને બહુ માઠું લાગ્યું અને ચંદ્રહાસના સેવકોનું અપમાન કરી કાઢી મૂક્યા તથા ખોટું બહાનું કાઢી ચંદનાવતી ઉપર ચડાઇ કરી.

ચંદ્રહાસને આથી ક્રોધ ચડવા છતાં કુલીંદ રાજાને વચન આપેલું હોવાથી કજીયાનું મોં કાળું કરવા દુષ્ટબુદ્ધિની સાથે લડાઈ ન કરતાં તેને સામે લેવા ગયો; અને તેનો સારી રીતે સત્કાર કરીને ગામમાં લઈ આવ્યો. કુલીંદ રાજા પણ તે વખતે હાજર હતો તેને દુષ્ટબુદ્ધિએ પૂછયું કે આ પુત્ર તમને શી રીતે પ્રાપ્ત થયો ? કુલીંદે કહ્યું કે, હું એક વખત શિકારેથી આવતો હતો તે વખતે એક ઝાડ નીચે તે રોતો બેઠો હતો. મેં તેને રોવાનું કારણ પૂછયું ત્યારે તેણે કહ્યું કે મારી છઠ્ઠી આંગળી ચંડાળો કાપી ગયા તેથી મને બહુ પીડા થાય છે. પછી મને આ બાળક ઉપર દયા આવી અને મારે પુત્ર નહોતો તેથી મેં તેને પુત્ર તરીકે રાખ્યો છે. રાજા આ વાત સાંભળીને દુષ્ટબુદ્ધિને પેલા દાસીપુત્રની તથા ચંડાળોની વાત યાદ આવી અને મનમાં બહુ ગુસ્સે થયો. તે વિચાર કરવા લાગ્યો કે જો તે જીવતો હશે તો મારો જમાઇ થશે અને મારી આબરૂ જશે; માટે તેને તો ગમે તેમ કરીને મારી નખાવું તો ઠીક. આવો વિચાર કરીને તેણે એક યુક્તિ શોધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કુલાંદ રાજાને કહ્યું કે ભાઈ, મારે એક જરૂરનો કાગળ મારા પુત્ર ઉપર મોકલવો છે; માટે આ તમારા પુત્રને તે આપવા મોકલશો ? કુલાંદે હા કહેવાથી કાગળ લઈ જવા ચંદ્રહાસ તૈયાર થયો.. દુષ્ટબુદ્ધિએ નીચે પ્રમાણે પત્ર લખ્યો હતો:—

ભાઈ મદન,

રૂપ, ગુણ કે ઉમ્મરનો કાંઇ પણ વિચાર કર્યા વિના આ ચીઠ્ઠી લાવનારને તુરત વિષ દઈ દેજે.

લી૦ **દુષ્ટબુદ્ધિ.**

કાગળ ચંદ્રહાસને આપીને કહ્યું કે આ તમે હાથોહાથ મારા પુત્ર મદનને આપજો.

(આ વખતે એક છોકરાથી અરર એમ અવાજ થઈ ગયો.)

મહેતાજી—ભાઇ, એ કોણે અવાજ કર્યો ?

ચુનીલાલ—સાહેબ, આ નવનીતરાયથી એમ બોલાઇ ગયું છે.

મહેતાજી—કેમ નવનીતરાય, તમે બોલ્યા ?

નવનીત—જી હા, મને એમ લાગ્યું કે હવે બિચારો ચંદ્રહાસ નક્કી મરાશે; તેથી મારાથી અરરર બોલાઇ ગયું.

મહેતાજી—તમે કેવા દયાળુ છો તે આ ઉપરથી જણાઇ આવે છે; પણ તમારે મુંઝાવું નહિ. કહેવત છે કે 'જેને રામ રાખે તેને કોણ ચાખે ?' માટે હવે શું થાય છે તે જુઓ.

કાગળ લઇને ચંદ્રહાસ સાંજ પડતાં કુંતલપુર નજીક આવી પહોંચ્યો. રસ્તા ઉપર એક બગીચો આવવાથી તે ત્યાં જઇ થાક ખાવા બેઠો; પણ એટલામાં તો તેને નિદ્રા આવી ગઇ. તે બગીચો દુષ્ટબુદ્ધિ પ્રધાનનો હતો. સાંજે પ્રધાનની પુત્રી કે જેનું નામ વિષયા હતું તે પોતાની દાસીઓ સાથે ત્યાં ફરવા આવી. ફરતાં ફરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે ચંદ્રહાસને જોયો અને તેની પાસે ચીઠ્ઠી પડેલી હતી તે જોઈ. ચીઠ્ઠી વાંચીને તેને વિચાર થયો કે ઉતાવળમાં મારા પિતાજીએ 'વિષયા' ને બદલે 'વિષ' લખ્યું છે; કારણ કે આવા રૂપ ગુણવાળાને કોઇ ઝેર દેવાનું લખે નહિ. વળી મારા પિતા મારે માટે પતિની શોધમાંજ છે; પણ પોતે નહિ આવી શકયા હોય તેથી આ ચીઠ્ઠી લખી હશે. આમ વિચારીને તેણે એક સળી લીધી અને પોતાની આંખમાંના આંજણવડે 'વિષ' શબ્દની પડખે 'યા' અક્ષર ઉમેરીને ચીઠ્ઠી હતી ત્યાં મૂકી દીધી.

ચંદ્રહાસ જાગ્યો એટલે ચીઠ્ઠી લઈને પ્રધાનના મહેલમાં ગયો અને **મ**દનને ચીઠ્ઠી આપી. ચીઠ્ઠી વાંચી **મ**દને તો તરતજ બ્રાહ્મણોને બોલાવ્યા અને **ચ**ંદ્રહાસની સાથે પોતાની બેન વિષયાને પરણાવી. થોડા દિવસ પછી દુષ્ટબુદ્ધિ શહેરમાં આવ્યો અને **ચ**ંદ્રહાસને જીવતો જોઇને તથા પોતાનો જમાઇ થએલો જોઇને બહુજ બીજાઇ ગયો અને ગમે તેમ કરીને પણ તેને મારી નખાવવા વિચાર કરવા લાગ્યો. છેવટે એક યુક્તિ શોધી કાઢીને તેણે એક દિવસે **ચ**ંદ્રહાસને કહ્યું કે, ગામથી એક ગાઉ દૂર અમારી કુળદેવી છે ત્યાં તમે એકલા આજ રાત્રે પગે લાગવા જજો. **ચ**ંદ્રહાસે હા પાડી. પ્રધાને ચંડાળોને બોલાવી હુકમ કર્યો કે આજ રાત્રે અમારી કુળદેવીને પગે લાગવા એક જુવાન રાજકુમાર આવે તેને તમે મારી નાખજો.

હવે તે ગામનો રાજા કુંતલિક બહુ માંદો થઇ ગયો અને મરવાની તૈયારીમાં હતો. **ચ**ંદ્રહાસ તેની પાસે જતો આવતો એટલે રાજાને તેના ઉપર બહુ હેત હતું. રાજાએ પ્રધાનના પુત્ર **મ**દનને રાત્રે બોલાવી કહ્યું કે, અત્યારે ને અત્યારે ગમે ત્યાંથી તું **ચ**ંદ્રહાસને મારી પાસે લાવ. **મ**દન **ચ**ંદ્રહાસને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધવા નીકળ્યો ત્યારે ચંદ્રહાસ કુળદેવીને મંદિરે જતો હતો. મદને ચંદ્રહાસને કહ્યું કે, લાવો, હું તમારી વતી પૂજા કરવા જઇશ અને તમે રાજા પાસે જાઓ. તેઓ તમને બહુ યાદ કરે છે. આથી ચંદ્રહાસ રાજા પાસે ગયો. ત્યાં રાજાએ પોતાની એકની એક પુત્રીને બોલાવીને ચંદ્રહાસના હાથમાં તેના હાથ સોંપ્યો અને કહ્યું કે, આજથી આ તમારી પત્ની છે. પછી બ્રાહ્મણોને બોલાવીને તેમનાં લગ્ન કર્યાં અને તેઓ ફૂલ દડે રમતાં અન્તરમાંથી નીકળ્યાં. આ મોટો વરઘોડો જોવા પ્રધાને પોતાના મહેલની બારીમાંથી ડોકીયું કર્યું અને રાજકુંવરી સાથે ચંદ્રહાસને જોયો ત્યારે તો તેને મૂર્છા આવી ગઈ. પછી ભાન આવતાં તેણે એક સિપાઈને મોકલ્યો અને કહ્યું કે તું ચંદ્રહાસને પૂછી આવ કે કુળદેવીને મંદિરે પૂજા કરવા કેમ નથી ગયા ? ચંદ્રહાસે જવાબ કહેવરાવ્યો કે મારી વતી પૂજા કરવા મદનભાઇ ગયા છે. આ ખબર સાંભળતાંજ પ્રધાન પોતે ઘોડે ચડીને એકદમ ત્યાં ગયો; પણ ત્યાં મદનનું મડદું પડયું હતું ? આ જોઈને પ્રધાન બહુ રોવા કુટવા લાગ્યો. પણ શો ઉપાય ? મારે ગામમાં જઈને શું મોઢું બતાવવું ? આમ વિચારીને તેણે આપઘાત કર્યો.

લગ્નના કામથી પરવારીને ચંદ્રહાસે મદનની ખબર કઢાવી, પણ કાંઇ ખબર ન આવવાથી તે પોતે મંદિર ગયો અને ત્યાં મદન અને પ્રધાનનાં મડદાં જોયાં. આથી તેને બહુ ખેદ થયો. પછી પોતાના સાથળમાંથી લોહી કાઢી તે દેવીને પ્રસન્ન કરવા મંડયો, પણ દેવી પ્રસન્ન ન થયાં. છેવટે પોતાનું માથું કાપવા જાય છે ત્યાં દેવીએ દર્શન દીધાં અને વરદાન માગવા કહ્યું. ચંદ્રહાસે માગ્યું કે આ બન્નેને જીવતા કરો. તે પ્રમાણે તે બન્નેને દેવીએ જીવતા કર્યા. આથી દુષ્ટબુદ્ધિની આંખ ઉઘડી અને તે સમજ્યો કે ખરેખર ચંદ્રહાસ બહુ લાયક છે; અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં તેની તરફ ઘણા અપકાર કર્યા તો પણ તેણે તો મારી ઉપર ઉપકાર કર્યા. પછી સૌ આનંદથી ઘેર ગયા. ચંદ્રહાસને કુંતલપુરનું રાજ્ય આપ્યું અને મદનને તેનો પ્રધાન બનાવ્યો. કહો મગનલાલ, તમે હવે આ વાતમાંથી શું સાર કાઢો છો ?

મગનલાલ—જે માણસ અપકારને બદલે ઉપકાર કરે છે તેનું પ્રભુ હમ્મેશાં સારૂંજ કરે છે.

મહેતાજી—બીજું કાંઈ ? રતિલાલ ?

રતિલાલ—જી, હા. જે કોઈ બરા મનથી પ્રભુ પ્રાર્થના કરે છે તેને પ્રભુ ચંદ્રહાસની માફક બચાવે છે.

મહેતાજી—બીજું કાંઇ, રામપ્રસાદ ?

રામપ્રસાદ—જે બીજાનું બૂરૂં કરવા જાય તેનું પોતાનુંજ બૂરૂં થાય છે, માટે કોઇનું બૂરૂં કરવું નહિ.

મહેતાજી—તે ઉપર કાંઇ કહેવત તમને સાંભરે છે, શાંતિલાલ ?

શાંતિલાલ—જી, હા. 'બોદ્દે તે પડે.'

મહેતાજી—શાબાશ, હવે બીજો કાંઈ સાર તમે કહો, અર્જુનલાલ ?

અર્જુનલાલ—જે કોઇ સારા હોય છે તે હમ્મેશાં અપકારને બદલે ઉપકારજ કરે છે. દુષ્ટબુદ્ધિએ ચંદ્રહાસને દુઃખ દેવામાં બાકી ન રાખ્યું છતાં ચંદ્રહાસે તેનું સારૂંજ કર્યું; માટે હમ્મેશાં અપકારને બદલે ઉપકારજ કરવો.

મહેતાજી—ચંદ્રહાસ બીજાઓને કેમ બહુ ગમતો હતો તેનું કારણ તમને બબર છે, મુકુંદરાય ?

મુકુંદરાય—જી, હા. તે બહુ હસમુખો અને વિવેકી હતો.

મહેતાજી—બરાબર, આજે આપણે આટલેથી બંધ રાખીશું અને કાલે આપણે બીજી એવીજ એક વાત કહીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫—ગરીબનો અનાદાર નહિ કરવા વિષે.

કબીર ગર્વ ન કીજીએ, રંક ન હસીએ કોય;
અબી તો નાવ સમુદ્રમેં, ના જાને કયા હોય.

મહેતાજી—કેશવલાલ, આપણે પહેલે દિવસે કોની વાત કરી હતી, તમને યાદ છે ?

કેશવલાલ-હા જી, પાંડવ કૌરવોની અને તેમની પરીક્ષાની.

મહેતાજી—બરાબર. હરિલાલ, પાંડવો અને કૌરવોના ગુરુનું નામ શું ?

હરિલાલ—દ્રોણ, સાહેબ.

મહેતાજી—ઠીક. આજે હવે હું તમને તે દ્રોણગુરુ અશ્વત્થા તો દ્રોણાચાર્ય સંબંધી વાત કહું છું. દ્રોણ જ્યારે અગ્નિવેશ નામે બ્રાહ્મણને ત્યાં ભણતા હતા; ત્યારે પ્રષદ રાજાનો પુત્ર દ્રુપદ પણ ત્યાંજ ભણતો હતો. તે બન્નેને બહુજ ભાઈબંધી હતી. બન્ને સાથે રમતા, સાથે જમતા અને સૂતા પણ સાથેજ. ભણી રહ્યા પછી સૌ નિશાળીઆઓ પોતપોતાને ગામ ગયા. દ્રોણની સ્થિતિ ગરીબ હતી એટલે તે પોતાના ભાઈબંધ દ્રુપદ રાજા પાસે ગયો અને તેને આશીર્વાદ આપી ઉભો રહ્યો. રાજાએ પૂછ્યું કે તું કોણ છે ? ત્યારે દ્રોણે કહ્યું કે હું તારો ભાઈબંધ દ્રોણ છું અને આપણે બન્ને સાથેજ ભણતા હતા. હું બહુ ગરીબ સ્થિતિમાં હોવાથી તારી પાસે ભિક્ષા માગવા આવ્યો છું. દ્રુપદે કહ્યું: હું રાજા અને તું ભિખારી; આપણા વચ્ચે ભાઈબંધી ન જ હોય. રાજાનો મિત્ર તો રાજાજ હોય. માટે તું અહીંથી ચાલ્યો જા, નહિ તો સિપાઈ પાસે કઢાવી મૂકીશ. આ વચનથી દ્રોણની છાતી ભેદાઇ ગઈ. તે ત્યાંથી ચાલી નીકળ્યો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમે તેમ કરીને તેનો અહંકાર ઉતારવો એમ તેણે મનમાં નિશ્ચય કર્યો.

તે હસ્તિનાપુર ગયો અને ત્યાં પાંડવો, કૌરવો અને બીજા રાજકુમારોને બાણવિદ્યા શિખવી. પછી જ્યારે ભણાવવાનું કામ પૂરું થયું ત્યારે શિષ્યોએ ભેગા થઈને ગુરુજીને કહ્યું: મહારાજ, હવે ગુરુદક્ષિણા માગો; અમે આપના ઘણા દેવાદાર છીએ. આ સાંભળીને ગુરુ બોલ્યા: હે શિષ્યો, ગુરુદક્ષિણામાં માત્ર હું એટલુંજ માગું છું કે તમે દ્રુપદ રાજાને બાંધીને મારી પાસે લઈ આવો.

પહેલાં કૌરવો ગયા પણ તે બધાને દ્રુપદે હરાવ્યા. પછી પાંડવો ગયા અને તેઓ દ્રુપદને પકડીને ગુરુ પાસે લઈ આવ્યા. દ્રોણે કહ્યું: કેમ દ્રુપદ, તારાં અહંકારનાં વચનો યાદ આવે છે કે ? તેં કહ્યું હતું કે રાજાનો મિત્ર રાજાજ હોય. હે મિત્ર, તું કદાચ મારો મિત્ર થવા રાજી નહિ હોય; પણ હું તો રાજીજ છું. તારી સાથે મિત્રતા બાંધવાજ મેં તારું રાજ્ય લીધું છે; પણ હવે તેમાંનું અર્ધું હું તને આપું છું અને અર્ધું હું રાખું છું. આ સાંભળીને દ્રુપદ દ્રોણને પગે પડયો અને માફી માગી કહ્યું કે, જગતમાં જો મિત્ર હો તો તમારા જેવા ઉદાર મિત્રજ હજો. પછી દ્રુપદને છોડી મૂકયો અને શિષ્યો પણ રાજીખુશીથી પોતાને મુકામે ગયા. કેમ ચુનીલાલ, તમે આ વાતમાં શું સાર લીધો ?

ચુનીલાલ—જે માણસ અહંકાર કરે છે તે વહેલો મોડો બહુ દુઃખી થાય છે; માટે અહંકાર ન કરવો.

મહેતાજી—અહંકાર ન કરવો એ વાત ખરી; પણ શેનો અહંકાર ન કરવો શંકરલાલ ?

શંકરલાલ—કોઇપણ બાબતનો; જેમકે રૂપ, ગુણ, ધન, વિદ્યા, તપ, ભક્તિ, બળ વગેરેનો અહંકાર ન કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી—શાબાશ શંકરલાલ. હવે તમે કાંઇ સાર ઓલો, કાનજીભાઈ ?

કાનજીભાઈ—કોઇપણ માણસનો આપણે તિરસ્કાર ન કરવો.

મહેતાજી–બરાબર. કહો કેશવલાલ, તમે શું સાર લીધો?

કેશવલાલ–મિત્રની સાથે કોઈ દિવસ તોછડાઇ ન કરવી અને વખત આવે મિત્રને માટે પ્રાણ આપવા પડે તોપણ આપવા. વળી મિત્રનો અપકાર ન ગણતાં તેના ઉપર ઉપકાર કરવો.

મહેતાજી—વારૂ, બીજું કાંઇ રહી જતય છે, હરિપ્રસાદ ?

હરિપ્રસાદ–ગુરુની પાસેથી વિદ્યા શિખીને આપણે તેનો ઉપકાર ન ભૂલવો અને જેમ ગુરૂ રાજી થાય તેમ કરવું.

મહેતાજી–બસ, હવે કાલે તમને પાંડવો અને કૌરવોની વાત કહીશું અને પછી તેમાંથી શું સાર નીકળશે તે જોઇશું.

૬—ક્ષમા.

અરૂં વીર–ભૂષણ ને, પરમ ધરમ સાર,
ક્ષમા ક્ષમા ક્ષમા વિના, અવર ન ધારજો;
શરણ આવેલકેરાં, દુઃખ શોક દૂર થવા,
અમિ ભરી આંખડી, હસીને હસાવજો.

મહેતાજી—આજે વલ્લભદાસ અને ત્રિભોવનદાસને કેમ ઉભા રાખ્યા છે, મોનીટર ?

મોનીટર—સાહેબ, અમે બધા પાણી પીવા ગયા ત્યારે ધક્કાધક્કીમાં ત્રિભોવનદાસના હાથમાંથી પાણીનો પ્યાલો વલ્લભદાસના પગ ઉપર પડી ગયો. એ બદલ ત્રિભોવનદાસે માફી માગી, તોપણ વલ્લભદાસે ગુસ્સે થઈને ત્રિભોવનદાસને એક ઘુસ્તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્યો; ત્યારે ત્રિલોચનદાસે તેમને એક લપાટ મારી. પછી મેં વચ્ચે પડીને તેમને છૂટા પાડીને કલાસમાં લાવી ઉભા રાખ્યા.

મહેતાજી—તમારે બન્નેને બહુજ શરમાવા જેવું છે. આવી રીતે જો વર્તો તો પછી તમને જે બોધદાયક વાત કહીએ છીએ, તેનું ફળ કયાં રહ્યું! માણસો કેટલી બધી ક્ષમાદ્રષ્ટિ રાખે છે તે ઉપર હું તમને વાત કહું તે સાંભળો.

મગનલાલ—સાહેબ, કાલે તો આપે એમ કહ્યું હતું કે પાંડવો અને કૌરવોની વાત કહીશું.

મહેતાજી—મગનલાલ, તમારી વાત બરાબર છે; પણ હું તમને જે વાત કહીશ તેમાં બધું આવી જશે. સાંભળો.

પાંડવોને રહેવાને તેમના મોટા કાકા ધૃતરાષ્ટ્રે ખાંડવ-પ્રસ્થ નામનું સ્થળ આપ્યું હતું. તે જો કે પ્રથમ તો મોટું જંગલ હતું, પણ ધીરે ધીરે તેઓએ તેને સુધારીને તેનું મોટું શહેર બનાવ્યું હતું. તે એવું તો સરસ હતું કે લોકો તેને ઈંદ્રપુરી અથવા તો ઈંદ્રપ્રસ્થ કહેતા હતા. ત્યાં એક મોટો મહેલ બાંધ્યો હતો. તેના વાસ્તુ વખતે ઘણા રાજાઓને નોતર્યા હતા અને તેમાં દુર્યોધનને પણ બોલાવ્યો હતો. દુર્યોધન ત્યાં આવીને પાંડવો તથા દ્રૌપદીની સાથે મહેલ જોવા ગયો. તેમાં એક ઠેકાણે એવી કારીગિરી હતી કે જ્યાં પાણી હતું ત્યાં જાણે સાફ આરસ-પહાણની જમીન હોય એમ જોનારને લાગે. ત્યાં આવતાં દુર્યો-ધન છેતરાયો. તે રોફમાં ને રોફમાં ચાલ્યો એટલે ધબ દઈને પાણીમાં પડયો અને તેનાં લૂગડાં ભીંજાયાં. આથી ભીમ અને તેના નાના ભાઈઓ તથા દ્રૌપદી હસી પડયાં. આગળ ચાલતાં એક ઠેકાણે પાણી નહોતું ત્યાં તેને પાણી જેવું લાગ્યું, તેથી તેણે પોતાનાં કપડાં ઉંચાં લીધાં. આ વખતે પણ ધર્મ-રાજા સિવાય બધાં ખડખડ હસી પડયાં. વળી એક ઠેકાણે બારણા જેવો સુંદર આકાર હતો ત્યાં બારણું ધારી ચાલવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતાં તેનું માથું અફળાયું અને તે શરમાઈ ગયો. આ વખતે પણ બધાં બળ હસ્યાં. આથી તે મનમાં ખૂબ બળ્યો અને તેઓના ઉપર વેર લેવાનો નિશ્ચય કર્યો. પછી પાંડવોએ તેને પોતાનો બધો વૈભવ બતાવ્યો તેથી પણ દાઝયા ઉપર ડામ જેવું થયું. રાત-દિવસ ચિંતામાં અને ચિંતામાં તેનું શરીર બહુ લેવાઈ ગયું. પછી તેના મામા શકુનિની સલાહથી દુર્યોધને પણ કાંઇક ખુશાલીનું બહાનું કાઢીને પાંડવોને હસ્તિનાપુર બોલાવ્યા.

પાંડવો ત્યાં આવ્યા એટલે ધર્મરાજાને જુગટું રમવાનું દુર્યોધને કહ્યું. ધર્મરાજાનો એવો ઠરાવ હતો કે જો કોઇ દ્યૂત રમવાનું કહે તો તેને ના પાડવી નહિ; આથી તે રમવા બેઠા. ધર્મરાજાની સામે દુર્યોધનની વતી તેનો મામો શકુનિ બેઠો. શકુનિ રમવામાં બહુ કપટી હતો એટલે ધર્મરાજાને હરાવતોજ ગયો. રમતાં રમતાં ધર્મરાજા રાજપાટ, નોકર-ચાકર, પોતાના ભાઇઓ, પોતાની જાત અને છેવટે પોતાની પત્ની દ્રૌપદીને પણ હારી ગયા અને તેઓ બધાં દુર્યોધનનાં દાસ બન્યાં. છેવટે દુર્યોધનનો ભાઇ દુઃશાસન દ્રૌપદીનો લાંબો ચોટલો પકડી તેને સભામાં ઘસડી લાવ્યો અને તેનું પહેરેલું વસ્ત્ર ખેંચવા માંડયું. આથી દુઃખી થઈ દ્રૌપદીએ પ્રભુની પ્રાર્થના કરી કેઃ-" હે અનાથના નાથ, હે ગોવિંદ, હે દ્વારકાવાસી, હે કૃષ્ણ, તમે મારી મદદે આવો. " આ પ્રાર્થના સાંભળીને ભગવાનનું હૃદય પીગળ્યું અને અદૃશ્ય રહીને તેમણે દ્રૌપદીને વિવિધ રંગનાં ચીર પૂર્યા. દુઃશાસન એક ચીર ખેંચતો કે બીજું પ્રકટ થતું. આવી રીતે સેંકડો ચીરનો ઢગલો જમીનપર થયો. ચીર ખેંચી ખેંચીને દુઃશાસન થાકયો અને શરમાઇને બેસી ગયો. છેવટે ધૃતરાષ્ટ્રે દ્રૌપદીને કહ્યું કે "તારી ઇચ્છામાં આવે એવું વરદાન માગ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે તેણે વરદાનમાં પોતાના પાંચે પતિઓને દાસપણામાંથી છોડાવ્યા. જતાં જતાં પણ દુર્યોધને ધર્મરાજાને દ્યૂત રમાડ્યા અને તેમાં એવી સરત કરી કે, જે હારે તે બાર વર્ષ વનવાસ ભોગવે અને એક વર્ષ છુપા રહે; તેમજ છેલ્લા વર્ષમાં સામા પક્ષવાળા શોધી કહાડે તો ફરીથી બીજાં બાર વર્ષ વનમાં જાય અને એક વર્ષ છુપા રહે. આમ સરત કરીને તેઓ રમ્યા અને તેમાં પણ કપટી શકુનિ જીત્યો. હવે પાંડવો રાજપાટ છોડીને વનમાં ગયા. થોડા વખત પછી કર્ણ, શકુનિ અને દુઃશાસને દુર્યોધનને કહ્યું કે, "આપણે વનમાં જ્યાં પાંડવો છે ત્યાં જઈએ અને તેઓને તમારો વૈભવ બતાવીને સંતાપીએ."

આ વાત સાંભળીને દુર્યોધન બહુજ ભપકાથી પોતાનું લશ્કર અને ભાઈબંધોને લઈને પાંડવો જ્યાં વનમાં રહેતા હતા ત્યાં જવા નીકળ્યો. રસ્તામાં ગંધર્વોના રાજા ચિત્રસેનનું નગર આવ્યું. તે ચિત્રસેનનું અપમાન દુર્યોધને એક વખત કર્યું હતું; તે સંભારીને ચિત્રસેન તથા ગંધર્વોએ દુર્યોધનને હરાવી તેને તથા તેના ભાઈબંધોને કેદ કર્યા.

દુર્યોધનના બે ચાર માણસો નાસીને પાંડવો પાસે આવ્યા અને દુર્યોધન પકડાયાના સમાચાર આપ્યા. આ સાંભળીને ભીમ તો ખૂબ રાજી થયો અને તેઓને જરાએ મદદ ન આપવા પોતાનો મત જણાવ્યો. પણ દયાળુ ધર્મરાજાએ તેને ખૂબ ઠપકો આપી કહ્યું: "ભાઈ, તારૂં વેર સમજણ વિનાનું છે. આ તો તારો ભાઈ છે; પણ ભાઇ ન હોય અને ગમે તે માણસ સંકટમાં હોય તો તેને પણ આશ્રય આપવો એ આપણી ફરજ છે; માટે ઉતાવળ કરો અને ત્યાં જઈને તેમને મદદ કરો." પછી ધર્મરાજા સિવાય બધા ભાઈઓ ત્યાં ગયા અને ગંધર્વો સાથે લડ્યા. લડતાં લડતાં ચિત્રસેન અને અર્જુનનો ભેટો થયો. તેઓ બન્નેએ એક બીજાને ઓળખ્યા તેથી લડાઇ બંધ પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રસેને કહ્યું કે: "ચાલો આપણે ધર્મરાજા પાસે જઈએ અને તેમને બધી હકીકત કહીએ. પછી તે હુકમ કરશે તેમ આપણે કરીશું."

તેઓ સર્વે ત્યાં ગયા. પોતાનું અગાઉ કરેલું અપમાન તથા તેઓ કેવા અરાજ વિચારથી ત્યાં આવ્યા હતા તે પણ ચિત્રસેને ધર્મરાજાને કહી દેખાડયું; અને કહ્યું કે હવે આપ જેમ કહો તેમ કરીએ. ધર્મરાજા બોલ્યા: "હે ગંધર્વરાજ, આપ મારીવતી તેને ક્ષમા આપો. તે હજી બાળક છે માટે તેને જવા દઈ અમારા કુળની લાજ રાખો." પછી ચિત્રસેને તેને છોડી દીધો. ધર્મરાજાએ ચિત્રસેનની પ્રશંસા કરી અને તેમને વિદાય કર્યા. પછી દુર્યોધનને કહ્યું કે, "હે ભાઈ, આવું ઉછાંછળું કૃત્ય કદિ કરતો નહિ; કેમકે ઉછાંછળાપણાથી કદિ પણ સુખ રાળનું નથી. હે કુરુપુત્ર, તું તથા તારા સર્વ ભાઇઓ સુખી થાઓ. તારા રાજનગરમાં તું સુખે પાછો જા. શોક કરીશ નહિ." પછી દુર્યોધન પોતાને સ્થાનકે ગયો. કહો મગનલાલ, હવે તમારે કાંઈ કહેવું છે ?

મગનલાલ—ના જી, આ વાતમાં તો બધો સાર આવી ગયો.

મહેતાજી—કહો હરિલાલ, તમે આમાંથી શું સાર લીધો ?

હરિલાલ—ધર્મરાજાની પેઠે હમેશાં વેર ભૂલી જઈને ક્ષમા આપવી.

મહેતાજી—વલ્લભદાસ, તમે શું કહો છો ?

વલ્લભદાસ—સાહેબ, મારી ભૂલ થઇ, હવે એવું નહિ કરું.

મહેતાજી—તમે ત્રિભોવનદાસ ?

ત્રિભોવનદાસ—સાહેબ, હું પણ હવે બહુજ ધીરજ રાખીશ અને સર્વેને ક્ષમા આપીશ.

મહેતાજી—તમે બીજું શું કહો છો અર્જુનલાલ ?

અર્જુનલાલ—કોઈ પણ દિવસ જુગાર ન રમવો; કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે જુગાર રમવાથી બહુ દુઃખ ઉત્પન્ન થાય છે.

મહેતાજી—બીજું કાંઈ કહેશો, **છોટાલાલ** ?

છોટાલાલ—હા જી. કોઈની મશ્કરી ન કરવી; કારણ કે તેથી વેર થાય છે અને તેમાંથી ઘણાં માઠાં પરિણામ આવે છે.

મહેતાજી—બરાબર છે. "હસવામાંથી બસવું થાય છે" એમ આપણામાં કહેવત છે, તે અક્ષરે અક્ષર સાચી છે. હવે કાલે આપણે બીજી વાત કહીશું.

૭—મશ્કરીનાં માઠાં ફળ.

મશ્કરી કદી નહીં કોઈની કરો, દેખો ભૂલ સુધારો કરો; દિલ દુઃખવીએ બીજા તણું, પ્રભુ દીએ સાટું તે તણું.

મહેતાજી—**નાનાલાલ**, કાલે આપણે કયી વાત કહી ગયા ?

નાનાલાલ—કાલે **ધર્મરાજાની** ક્ષમા વિષે વાત કરી હતી.

મહેતાજી—**રણછોડદાસ**, **પાંડવોને** વનમાં જવું પડ્યું તેનું મૂળ કારણ શું ?

રણછોડદાસ—સાહેબ, તેઓ જુગાર રમ્યા તે.

મહેતાજી—નહિ, તેઓને દુર્યોધને શા માટે જુગટે રમાડ્યા તે તમે કહેશો, **રામજીભાઈ** ?

રામજીભાઈ—**પાંડવોએ** દુર્યોધનની મશ્કરી કરી હતી તેથી તેઓના ઉપર વેર લેવા.

મહેતાજી—બરાબર છે. મશ્કરીનાં કેવાં માઠાં ફળ થાય છે તે ઉપર આજ હું તમને એક વાત કહું છું. એક વખત કેટલાક **યાદવ** કુમારો રમવા નીકળ્યા હતા.

કેશવલાલ—સાહેબ, **યાદવો** એટલે કોણ ?

મહેતાજી—યદુ કરીને એક રાજા હતો; અને તેના વંશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થયેલા પુરુષો તે યાદવો કહેવાતા હતા. તે યાદવો ફરતાં ફરતાં એક તપોવન કે જ્યાં નારદ, વિશ્વામિત્ર વગેરે ઋષિઓ તપ કરતા હતા ત્યાં આવી પહોંચ્યા. તે બધા જુવાનીઆઓએ વિચાર કર્યો કે આ બધા ઋષિઓની આપણે કાંઈક મસ્કરી કરીએ તો ઠીક. વિચાર કરતાં કરતાં તેઓએ એક યુક્તિ શોધી કાઢી. તેઓએ શ્રીકૃષ્ણનાં મોટાં રાણી જાંબુવતીના પુત્ર સાંબને સ્ત્રીનાં વસ્ત્ર પહેરાવ્યાં અને પેટપર લોઢાની તાંસળી બાંધીને પેટ મોટું કર્યું. પછી તે બધા ઋષિઓની પાસે ગયા અને એક જણાએ તે સ્ત્રીને બતાવી ઋષિઓને પૂછયું કે, "આ ગર્ભવતી સ્ત્રી શરમાળ હોવાથી આપને મોં બતાવી શકતી નથી. તેને પુત્રની બહુ ઈચ્છા છે તો આપ કૃપા કરીને જણાવો કે તેને પુત્ર આવશે કે પુત્રી?" ઋષિઓ ત્રણે કાળને જાણવાવાળા મહા સમર્થ હતા. તેથી તેઓએ જણાવ્યું કે, "હે નાદાન રાજકુમારો, તમે અમારી મસ્કરી કરો છો; પણ એમાંથી તો તમારા કુળનો નાશ કરનારું એક લોઢાનું મુસળ અવતરશે." આ સાંભળીને તે જુવાનીઆઓ બહુ ગભરાઈ ગયા અને ઋષિઓનું કહેવું સાચું છે કે ખોટું તેની ખાત્રી કરવા સારૂ તેઓએ સાંબને પેટે બાંધેલી તાંસળી છોડી. તો તેમાંથી એક લોઢાનું મુસળ નીકળ્યું. તેઓ હવે બહુ પસ્તાવા લાગ્યા; પણ શું કરે? પછી તેઓ પોતાના વડીલ ઉગ્રસેન રાજા પાસે ગયા અને બધી વાત કહી, તથા શ્રીકૃષ્ણને પણ બનેલી હકીકત કહી બતાવી.

શ્રીકૃષ્ણ સમજી ગયા કે જ્યાં પૂજ્ય પુરુષોની મસ્કરી થાય ત્યાં ભુંડુંજ થવાનું છે. છતાં તેમણે તેઓને ધીરજ આપવાને કહ્યું કે, "તે મુસળના ઝીણા ઝીણા કટકા કરીને સમુદ્રમાં નાખી દો." આથી તેઓ સમુદ્ર કાંઠે ગયા અને મુસળના ઝીણા ઝીણા કટકા કરીને તેમાં નાખી દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એક વખતે **શ્રીકૃષ્ણ** વસુદેવ અને ઉદ્ધવ સિવાયના બધા **યાદવોને** લઈને **પ્રભાસપાટણની** યાત્રાએ ગયા. ત્યાં **શ્રીકૃષ્ણ** અને **બલદેવ** સિવાયના બધા **યાદવો** દારૂ પીને છાકટા થયા અને પોતપોતાની બડાઈ હાંકવા લાગ્યા. વાત કરતાં કરતાં કજીયો વધી પડયો અને અંદર અંદર તેઓ યુદ્ધ કરવા લાગ્યા. લડતાં લડતાં બાણો ખૂટી ગયાં અને ધનુષ્યો ભાગી ગયાં. પછી સમુદ્રને કાંઠે ઉગેલી પાનો એંચી કાઢી. તે પાનો લોઢાની મુસળ થઈ પડી અને યાદવો તે પાનોથી લડી લડીને કપાઇ મુવા. માત્ર એક **શ્રીકૃષ્ણજ** બાકી રહ્યા. તે પીંપળાના ઝાડની નીચે બેઠા હતા. એક શિકારીએ દૂરથી હરણ જાણીને તેમના તરફ બાણ મૂકયું, તે તેમને વાગ્યું. શિકારી તેમની પાસે આવી પહોંચતાં તેણે પોતે કરેલી ભૂલની માફી માગી. ભગવાને તેને ક્ષમા આપી અને પછી પોતે પણ સ્વધામ પધાર્યા. કહો રતિલાલ, તમે આમાંથી શું સાર લો છો ?

રતિલાલ—કોઈની મશ્કરી કરવી નહિ; કારણ કે તેનું પરિણામ બહુ બરાબ આવે છે.

મહેતાજી—બરાબર. બીજો શું સાર નીકળશે **છોટાલાલ** ?

છોટાલાલ—કોઇ દિવસ દારૂ કે બીજી કેફી ચીજ ન પીવી; કારણકે તેથી ભાન ભૂલી જવાય છે અને ન કરવાનું થઈ જાય છે.

મહેતાજી—બરાબર. હવે તમે કાંઇ બોલો **હિંમતલાલ**.

હિંમતલાલ—આપવડાઈ ન કરવી; કારણ કે તેથી કલેશ થઈને વખતે મારામારી અને કાપાકાપી પણ થઇ જાય છે.

મહેતાજી—હવે કાંઇ રહી જાય છે, **મથુરદાસ** ?

મથુરદાસ—ભગવાને જેમ શિકારીને માફી આપી; તેમ આપણને કોઈ જાણે અજાણે ગાળ દે, મારી જાય કે રસ્તે ચાલતાં અજાણે કચરો નાખે તો તેને માફી આપવી જોઇએ.

મહેતાજી—શાબાશ, એ પ્રમાણે વર્તવું જો કે કઠણ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ધીમે ધીમે તેમ કરવા મહેનત કરવી જોઇએ. મોટા માણસો હંમેશાં ક્ષમાજ બતાવે છે. કાલે આપણે એક બીજી વાત કહીશું.

૮—સાહસ ન કરવા વિષે.

વગર વિચાર્યું જે કરે, પાછળ તે પસ્તાય;
દેખો એવાં કામથી, જન ભલેરા જાય.

મહેતાજી—આજે હવે આપણે.....

પટાવાળો—સાહેબ, આ ગોવિંદજી આજે છાપરા ઉપર ચડ્યા હતા અને તેણે નળીઆં ભાંગી નાખ્યાં છે.

મહેતાજી—ઠીક છે, હું તે સંબંધી તપાસ કરી ઘટતું કરીશ. તમે હવે જાઓ.

પટાવાળો—બહુ સારૂં, સાહેબ.

મહેતાજી—કેમ ગોવિંદજી, આજે છાપરે કેમ ચડ્યા હતા ?

ગોવિંદજી—સાહેબ, હું અને વનમાળીદાસ આપણા વર્ગની બારી પાસે ઉભા હતા. હું પછવાડે વાડામાં નીચે વળી જોવા ગયો એટલે મારી ટોપી પડી ગઈ; તેથી છાપરા ઉપર ચડી વંડીએ ઉતર્યો અને પછી ત્યાંથી વાડામાં ઠેકડો માર્યો.

મહેતાજી—પાછા શી રીતે ઉપર ચડ્યા ?

ગોવિંદજી—વનમાળીદાસે તેનો ફેંટો નાખ્યો તે પકડીને હું ઉપર ચડી ગયો.

મહેતાજી—ગોવિંદજી, તમે બહુજ સાહસ કર્યું. છાપરે ચડતાં કે વાડામાં ઠેકતાં, કે ફેંટો તૂટતાં તમે નીચે પડી ગયા હોત તો તમારા શા હાલ થાત ? એક તો તમને વાગત અને તમારી ફજેતી થાત. આ તમારો પહેલો ગુન્હો છે, માટે હું તમને માત્ર એક કલાક ઉભા રહેવાનીજ સજા કરૂં છું. ફરીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ભૂલ ન થાય તેની બહુ સંભાળ રાખજો. હવે આજે આપણે કયી વાત કહીશું, હરજીવનદાસ ?

હરજીવનદાસ—સાહેબ, સાહસ નહિ કરવા વિષે વાત કહો તો ઠીક.

મહેતાજી—બરાબર છે. આજે આપણે એ સંબંધીજ વાત કહીશું. તમે **અર્જુનનું** નામ તો સાંભળ્યું છે. તે **અર્જુ**નને અભિમન્યુ નામનો એક પુત્ર હતો અને તેને **પરીક્ષિત્** નામે દીકરો હતો. તે **પરીક્ષિત્** રાજા એક વખત શિકારે નીકળ્યો. શિકાર કરતાં કરતાં તે પોતાના માણસોથી વિખુટો પડી ગયો. તે બહુ થાકી ગયો હતો અને તરસ પણ બહુ લાગી હતી. ફરતાં ફરતાં છેટેથી તેણે એક ઝુંપડી જોઇ; તેથી પોતાના ઘોડાને તે તરફ હાંકયો. ઝુંપડીએ આવીને જોયું તો શમીક નામના ઋષિ પ્રભુના ધ્યાનમાં બેઠા હતા. તેમને પગે લાગીને તેણે કહ્યું: "મહારાજ, મને તૃષા બહુ લાગી છે; માટે થોડું પાણી આપો." પણ ઋષિ તો ધ્યાનમાં હતા એટલે સાંભળે ત્યારેને! રાજાએ ત્રણ ચાર વખત પાણી માગ્યું પણ તેને કાંઈ જવાબ ન મળ્યો; તેથી તેને લાગ્યું કે આ ઋષિ ઢોંગ કરીને બેઠા છે; માટે હું પણ જો ખરો રાજા હોઉં તો એને બરાબર પાઠ. રાજા ઉશ્કેરો થયો અને પાસે એક મુએલો સર્પ હતો તે બાણથી ઉંચકીને ઋષિની ડોકમાં નાખ્યો અને પછી હરખાતો હરખાતો પોતાના નગરમાં ગયો.

પછી કેટલાક ઋષિકુમારોએ આ વાત **શમીક** ઋષિનો પુત્ર શૃંગી નદીકાંઠે નહાતો હતો તેને કહી. આ સાંભળીને તે ઋષિબાળકે શાપ આપ્યો કે, મારા પિતાની જેણે મશ્કરી કરી છે તેને આજથી સાતમે દિવસે નાગ કરડશે. પછી તેણે આશ્રમે આવી પિતાની ડોકમાંથી સર્પ કાઢયો. ઘણીવાર થઈ તોપણ ઋષિ જાગૃત થયા નહિ ત્યારે તેના પુત્રને એમ લાગ્યું કે હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા પિતા મરી ગયા છે. આમ ધારીને તે બહુ રોવા લાગ્યો. આથી ઋષિ જાગી ઉઠયા અને રોવાનું કારણ પૂછયું; ત્યારે તેણે બધી વાત કહી દેખાડી.

રાજાને શાપ આપેલો સાંભળીને ઋષિ બહુ દિલગીર થયા અને કહ્યું: "હે પુત્ર, તેં બહુ સાહસ અને ખોટું કામ કર્યું. ભૂખ તરસની પીડાથી રાજાએ આવું સાહસ કામ કર્યું હશે; આપણે બ્રાહ્મણોએ તો હંમેશા ક્ષમા જ રાખવી જોઇએ. વળી તે રાજા આપણો રક્ષક છે. હે પુત્ર, આપણામાં શિક્ષા કરવાની શક્તિ હોય છતાં પણ કોઈ નિંદા કરે, ગાળો દે, મશ્કરી કરે, અપમાન કરે, કે વખતે મારી પણ લે, તે છતાં તેને ક્ષમા આપવી તેજ સૌથી ઉત્તમ ધર્મ છે." પછી ઋષિએ પોતાના એક શિષ્યને પરીક્ષિત્ રાજા પાસે મોકલ્યો અને કહેવરાવ્યું કે; "મારા નાદાન છોકરાએ તમને શાપ આપ્યો છે; માટે હું બહુ દીલગીર છું. પણ હવે તમે દાન ધર્મ અને સત્ પુરૂષોનો સમાગમ કરજો કે જેથી તમને મુક્તિ મળે." દરમ્યાન રાજા પોતાને મહેલે ગયો અને પાણી પીને શાંત થયો; એટલે પોતે જે સાહસ કામ કર્યું હતું તેને માટે પસ્તાવો કરવા લાગ્યો. એટલામાં પેલો શિષ્ય પણ ત્યાં આવ્યો અને ગુરુએ કહેલાં વચનો કહી દેખાડયાં. તે સાંભળીને પરીક્ષિત્ પોતાના પુત્ર જનમેજયને રાજપાટ સોંપીને ગંગાકાંઠે ગયો. ત્યાં મહાત્મા શુકદેવજીએ તેને સાત દિવસ ભાગવતની કથા સંભળાવી અને છેવટે ત રાજા મુક્તિને પામ્યો. હરજીવનદાસ, તમે આ વાતમાંથી શું સાર કાઢો છો ?

હરજીવનદાસ—કોઈની મશ્કરી ન કરવી; કારણ કે તેથી બહુ માઠું પરિણામ આવે છે.

મહેતાજી—**મણિલાલ**, તમે કાંઈ સાર બોલો.

મણિલાલ—ઋષિપુત્ર શૃંગીની પેઠે કોઈ પણ કામ ક્રોધને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વશ થઇને ન કરવું; કારણ કે તેથી પાછળથી પસ્તાવું પડે છે.

મહેતાજી—નટવરલાલ, એકલા ઋષિપુત્ર પેઠે કે કોઇ બીજાની પેઠે પણ બરૂં ?

નટવરલાલ—હા જી. પરીક્ષિતની પેઠે પણ બરૂં. કારણ કે તેણે પણ તરસને લઇને સાહસ કામ કર્યું. માટે એકે કામ વિચાર કર્યા વિના નજ કરવું.

મહેતાજી—ઠીક, બીજું કાંઇ **ચુનીલાલ** ?

ચુનીલાલ—શમીક ઋષિની પેઠે આપણે પણ બહુ ક્ષમા રાખવી અને આપણા દુશ્મનનું પણ ભલું થાય તેમ કરવું.

મહેતાજી—શાબાશ **ચુનીલાલ**. હવે કાલે વળી કાંઇ બીજી વાત કહીશું.

૯—પ્રાણીમાત્ર ઉપર દયા રાખવા વિષે.

દયા ધર્મકો મૂળ હે, પાપ મૂળ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાણ.

મહેતાજી—કેમ **પ્રાણજીવનદાસ**, કાલે ક્રિકેટ રમવા જતાં શું તોફાન થયું હતું ?

પ્રાણજીવનદાસ—સાહેબ, હું અને **રતિલાલ** જતા હતા, એવામાં ત્યાંથી બે ગધેડાં નીકળ્યાં. પછી હું લાકડી લઇને તેમની પાછળ દોડયો અને તેમને બૂબ દોડાવ્યાં; એટલે **રતિલાલ** મને બીજ્યો. ત્યારે મેં તેને કહ્યું કે એમાં તારા બાપનું શું જાય છે. અમે ગમે તેમ કરીશું.

મહેતાજી—**પ્રાણજીવનદાસ**, તમે સાચું બોલ્યા તેથી હું બુશી થયો છું. પણ **રતિલાલ**ને તમે જે ઉત્તર આપ્યો તે સાંભળી હું બહુ નારાજ છું. તમારો વાંક હતો અને તમને **રતિ**-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલે સારી શિખામણ આપી, તેથી ચોર કોટવાળને દંડે તેમ ઉલટા તમે તેના ઉપર નારાજ થયા. વળી માત્ર મસ્તી કરવાની ખાતરજ તમે રાંક ગધેડાંને દોડાવ્યાં એ ઠીક ગણાય? તમારા જેવા છોકરાને એ બહુ શરમાવા જેવું છે.

પ્રાણજીવનદાસ—સાહેબ, હું મારી ભૂલ કબૂલ કરું છું અને રતિલાલની માફી માગું છું. હવે એવું કામ નહિ કરું.

મહેતાજી—બેસી જાઓ. જુઓ છોકરાઓ, આપણે અહીં જે વાર્તા કહેવામાં આવે છે, તે કાંઇ માત્ર વખત ગાળવા કે તમને રાજી કરવા કહેવામાં આવતી નથી; પણ તેમાંથી સાર લઈ તે પ્રમાણે ચાલો તે માટે કહેવામાં આવે છે. પ્રાણજીવનદાસે ગમત ખાતર આજે ગધેડાંને દોડાવ્યાં અને કાલે તેમને ગમત ખાતર મારશે. પણ ગધેડાં થયાં એટલે શું તેમને મારવાં? જુઓ, મુંગાં પ્રાણીઓ ઉપર દયા રાખવા વિષે વાત કહું તે સાંભળો.

શીબી નામનો એક રાજા હતો. તે બહુજ દયાળુ હતો તેથી લોકો તથા દેવો પણ તેનાં વખાણ કરતા. એક વખત તેની પરીક્ષા લેવાને **અગ્નિદેવે** હોલાનું રૂપ લીધું તથા **ઇંદ્રદેવે** બાજનું રૂપ લીધું; અને રાજા સભા ભરીને બેઠો હતો ત્યાં હોલો થરથરતો અને કંપતો તેના ખોળામાં જઇને પડ્યો. રાજા એકદમ ચમકયો, પણ પછી તે હોલાને લઇને ખૂબ થાબડ્યો. થોડી વાર થઇ એટલે બાજ ત્યાં આવ્યો. બાજને જોઇને હોલો પાછો ધ્રૂજવા અને કંપવા લાગ્યો. આથી રાજાએ તે બાજને બહાર કાઢવા માંડ્યો; એટલે તે બાજે માણસના જેવી વાણીથી કહ્યું:—

હે રાજા, તું ધર્મી છે તો હોલો મારૂં ભક્ષ્ય છે માટે તે તું મને આપી દે. હે રાજા, હું બહુ ભૂખ્યો છું અને મારૂં આખું કુટુંબ પણ ભૂખ્યું છે. માટે જો તું એને નહિ આપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો અમે મરી જઇશું અને તેનું પાપ તને લાગશે.

રાજા—હે ભાઇ, જો તું ભૂખ્યો હોય તો તું કહે તેટલું બાવાનું તને આપું અને વળી તારી સ્ત્રી તથા છોકરાં માટે પણ જોઇએ તેટલું આપું.

બાજ—મારે બીજો ખોરાક જોઇતો નથી. મારે તો તે હોલોજ જોઇએ.

આ સાંભળીને હોલો રોતો રોતો બોલ્યો:—

હે રાજા, તમે અનાથના નાથ છો. વળી હું તમારે શરણે આવ્યો છું; માટે મારૂં રક્ષણ કરવું એ તમારો ધર્મ છે. તમે જો મને સોંપી દેશો તો હું મરી જઇશ. વળી મારી પછવાડે મારૂં કુટુંબ પણ મરી જશે અને એનું પાપ તમને લાગશે.

આ સાંભળીને રાજા બહુ મુંઝાયો અને શું કરવું તેના વિચારમાં પડયો. પછી તેણે બાજને કહ્યું:—

હે ભાઈ, હોલો મારે શરણે આવ્યો છે અને શરણે આવેલાને ઉગારવો એ અમારો ધર્મ છે; માટે તમે હોલા સિવાય બીજું કાંઇ બાવાનું માગી લ્યો.

રાજાની પરીક્ષા લેવા આવેલા બાજે કહ્યું:—

જો એમજ હોય તો આ હોલાની ભારોભાર તમારા શરીરનું માંસ આપો.

આ સાંભળીને સભાનાં બધાં માણસો બાજ ઉપર બીજાઈ ગયાં; પણ **શીબી** રાજાએ કહ્યું:—

ભાઇઓ, તમે એના ઉપર ગુસ્સે થશો નહિ. મારાં એવાં ભાગ્ય કયાંથી કે મારા શરીરનું માંસ એક અનાથ પક્ષીને બચાવવાના કામમાં આવે! માટે ગડબડ મૂકીને ત્રાજવાં લાવો.

થોડીવારમાં ત્રાજવાં આવ્યાં. એક છાબડામાં હોલાને મૂકયો અને બીજામાં પોતાના શરીરમાંથી માંસ કાપીને રાજાએ મૂકવા માંડયું; પણ જેમ જેમ માંસ કાપીને તે મૂકતો ગયો તેમ તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોલાવાળું છાણડું ઉલટું નીચું નમતું ગયું; એટલે કે હોલો વજનમાં વધતોજ ગયો. આમ કાપતાં કાપતાં રાજાના શરીરમાં માંસનો થોડો ભાગ બાકી રહ્યો એટલે રાજાએ પોતાનું માથું કાપવાની તૈયારી કરી; પણ તેટલામાં અગ્નિએ અને ઇંદ્રે પોતપોતાનું ખરૂં રૂપ બતાવ્યું. રાજાના શરીર ઉપર તેઓએ હાથ ફેરવ્યો એટલે તે જેવો હતો તેવો થઇ ગયો. પછી તેઓએ તેને કહ્યું: "હે રાજા, અમે તારી પરીક્ષા કરવા આવ્યા હતા. અમે તને બહુજ ધન્યવાદ આપીએ છીએ. તું બરોબર બહુજ દયાળુ છે. તેં તારા જીવની પણ દરકાર ન રાખી એટલે અમે તને આશીર્વાદ આપીએ છીએ કે, દુનિયામાં તારી કીર્તિ ચારેકોર ફેલાય અને તું આવાં અને આવાં પરોપકારી કામ કરતો રહે." પછી દેવો અદૃશ્ય થઈ ગયા. કેમ નારણદાસ, આમાંથી તમે શું સાર લેશો?

નારણદાસ—આપણે પ્રાણીમાત્રને સરખાં ગણીને સૌના ઉપર દયા રાખવી.

મહેતાજી—ઠીક, તમે કાંઇ બોલશો વેણીલાલ?

વેણીલાલ—હા, જી. શરણે આવેલાનું આપણે રક્ષણ કરવું.

મહેતાજી—બરાબર છે. જુઓને તમારી પાસે પણ કોઈ આવીને કહે કે હું તારી ગાય છું તો તમે તેનું રક્ષણ કરો છો, અને તેના વતી લડવા પણ તૈયાર થઈ જાઓ છો. હવે બીજો સાર કોઇ કહેશે?

સર્વ છોકરાઓ—ના, જી. હવે કાંઈ સાર બાકી રહેતો નથી.

મહેતાજી—જુઓ, શીબી રાજાએ જેમ પોતાની પરીક્ષા વખતે ધીરજ રાખી; તેમ તમારે પણ પરીક્ષા વખતે તેમજ જ્યારે દુઃખ આવી પડે ત્યારે ધીરજ રાખતાં શીખવું જોઇએ. કેમ ખરૂં છે કે નહિ?

સર્વ છોકરાઓ—હા, જી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી—હવે આજે આપણે આટલેથી અટકીશું અને કાલે બીજી વાત કહીશું.

૧૦—બીજાઓના સુખને માટે સ્વાર્પણ.

પારકાને માટે સદા, છોડતાં પોતાનું વીરા !
મહા ધન મળ્યું માની, આનંદ ઉછાળજો;
માથાકૂટો વાઢનાર, વેરી તમ હોય તેનું,
ભલું થાય તેવું સદા, અંતર વિચારજો.

મહેતાજી—હરજીવનદાસ, આજે **શંકરલાલ** કેમ દેખાતા નથી ?

હરજીવનદાસ—સાહેબ, નિશાળે આવતાં મને તે રસ્તામાં મળ્યા હતા અને કહ્યું હતું કે હું આજે કદાચ જરા મોડો આવીશ.

(શંકરલાલ આવે છે.)

શંકરલાલ—સાહેબ, કલાસમાં આવું ?

મહેતાજી—અહોહો, સંભારતાંજ આવી પહોંચ્યાને શું ? આવો, **શંકરલાલ** આવો. કોઈ દિવસ નહિ ને આજે કેમ મોડા ?

શંકરલાલ—સાહેબ, અમારા પાડોશમાં એક નિરાધાર બાઈ બહુ માંદી છે. તેને માટે દવા લેવા હું ગયો હતો તેથી મોડું થયું.

મહેતાજી—શાબાશ છે **શંકરલાલ**, શાબાશ છે. જુઓ છોકરાઓ, આપણે જો ધારીએ તો બીજાઓનું કેટલું ભલું કરી શકીએ તેમ છીએ ?

(જગજીવનદાસ આવે છે.)

જગજીવનદાસ—સાહેબ, કલાસમાં આવું ?

મહેતાજી—જગજીવનદાસ, તમે પણ આજે કેમ મોડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા? કલાસમાં આવીને ખુલાસો કરો.

જગ૦—સાહેબ, હું અહીં આવતો હતો ત્યાં રસ્તામાં એક સુરદાસ મળ્યો. તે બૂમ પાડતો હતો કે મને દેવજી ભગતની ધર્મશાળાએ કોઇ પહોંચાડો; પણ કોઇ તેની સાથે ગયું નહિ. ત્યારે હું ગયો અને પહોંચાડી આવ્યો.

મહેતાજી—વાહરે વાહ, જગજીવનદાસ, તમે પણ પરોપકારનું ઠીક કામ કર્યું. આજે આપણે પરોપકાર વિષેજ વાત કરીશું. તમે અર્જુનનું નામ તો સાંભળ્યું છે. એકવાર તે અર્જુનને એવો અહંકાર થયો કે મારા જેવો પ્રભુનો ભક્ત કોઇ છેજ નહિ. તેનો અહંકાર ટાળવાને પ્રભુએ એક યુક્તિ કરી. પોતે એક ઘરડા બ્રાહ્મણનું રૂપ લીધું અને અર્જુનને પોતાના શિષ્યનું રૂપ લેવરાવ્યું. પછી બન્ને ફરતા ફરતા રત્નપુરી નામના શહેરમાં આવ્યા. તે નગરનો રાજા મયૂરધ્વજ બહુ પરોપકારી, મોટો ભક્ત અને પૂરો સત્યવાદી હતો. લીધેલી ટેક તે મૂકતો નહિ. પછી ભગવાન અર્જુનને મયૂરધ્વજ રાજા પાસે લઈ ગયા. તેમને જોઇને રાજા તરતજ ઉભો થયો અને તેમને પગે લાગીને પૂછવા લાગ્યો કે, "મહારાજ, આપનો શો હુકમ છે? મારાં મોટાં ભાગ્ય કે આપ જેવા પવિત્ર બ્રાહ્મણ મારે ત્યાં પધાર્યા! કહો હું આપની શી સેવા કરૂં?" બ્રાહ્મણે કહ્યું: "હે રાજા, તારી કીર્તિ સાંભળીને હું અહીં આવ્યો છું; પણ મારૂં કામ બહુ કઠણ છે એટલે કદાચ તારાથી નહિ બને." રાજાએ કહ્યું: "મહારાજ, ગમે તેવું કઠણ કામ હશે તો પણ તે કરવા હું બંધાઉં છું." બ્રાહ્મણે કહ્યું: "હે રાજા, આ ગામમાં મારા દીકરાની વહુનું પીયર છે. તેને તેડવા માટે મારા શિષ્યને લઇને હું અહીં આવતો હતો, તેટલામાં પાસેના જંગલમાંથી એક રાક્ષસ આવ્યો અને આ મારા શિષ્યને ખાઈ જવા મંડયો. મેં એને આજીજી કરી કહ્યું કે, એને જવા દે અને મને ખાઈ જા. તેણે કહ્યું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના, હું તો હમ્મેશાં જુવાનોનેજ ખાઉં છું. ત્યારે મેં ફરીથી પૂછયું કે ભાઈ, કોઇ રીતે મારા શિષ્યને તું બચાવીશ ? તેણે છેવટે મને એક ઉપાય બતાવ્યો. પણ હે રાજા, તે વાત કહેતાં જીભ ઉપડતી નથી. " રાજા બોલ્યો: " હે બ્રાહ્મણ, રાક્ષસે બતાવેલો ઉપાય ગમે તેવો કઠણ હશે તો પણ તે પ્રમાણે કરવા હું તૈયાર છું. પારકાનું દુઃખ ભાંગવું તે મારો ધર્મ છે; માટે હે મહારાજ, કાંઇ પણ ભેદ પામ્યા વિના જે વાત હોય તે કહી દ્યો. " પોતાને જાણે બહુજ દિલગીરી થતી હોય એવો દેખાવ કરી તે બ્રાહ્મણ બોલ્યો: " હે રાજા, આ જગતમાં બોલવાવાળા તો બહુ હોય છે; પણ બોલવા પ્રમાણે કરી બતાવવાવાળા બહુજ ઓછા હોય છે. છતાં તારી ઇચ્છા છે તો સાંભળ. રાક્ષસે એવી શરત કરી છે કે મયૂરધ્વજ રાજાના શરીરને તેનો કુંવર અને રાણી મળીને કરવતથી વહેરે. વહેરતાં વહેરતાં ત્રણેમાંથી કોઇ પણ આંસુનું ટીપું પાડે નહિ; અને બધું શરીર વહેરાઈ રહેથી જમણો અર્ધો ભાગ મને આપી દેવો." રાજાએ કહ્યું:—" હે મહારાજ, આપ મુંઝાશો નહિ. આપનું સંકટ દૂર કરવા માટે રાક્ષસની સરત પ્રમાણે હું કરીશ " પછી તેણે પોતાનાં પુત્ર અને રાણીને કહ્યું: " આ કરવતવડે મારા શરીરને વહેરવા માંડો. મારૂં શરીર પરોપકારના કામમાં જાય એ તો પ્રભુની મારા ઉપર પુરી કૃપા કહેવાય; માટે તમે પણ રાજી થઇને તમારૂં કામ ચલાવો. "

આ વાત ગામમાં ફેલાતાં લોકોનાં ટોળેટોળાં રાજમહેલમાં ભેગાં થયાં અને સૌ રોવા લાગ્યાં. રાણીએ ધીરજ રાખીને બ્રાહ્મણને કહ્યું કે, " હે મહારાજ, હું પણ રાજાનુંજ અર્ધું અંગ છું; માટે મારો દેહ લઇ જઈ રાક્ષસને બાવા આપો." બ્રાહ્મણે કહ્યું: " તમે સ્ત્રી છો એટલે તે વાત નહિ બને. " રાણીએ કહ્યું: " અરે ! હું કેવી હીણભાગી કે મારૂં શરીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરોપકારના કામમાં નથી આવતું ? " તે પછી રાજાના પુત્રે કહ્યું: " હે મહારાજ, રાજાનોજ હું અંશ છું; માટે મને લઈ જઈને રાક્ષસને રાજી કરો. " બ્રાહ્મણે કહ્યું: "ભાઈ, તેણે તો રાજાનાજ શરીરની માગણી કરી છે, બીજાની નહિ. " કુંવર પણ દિલગીર થઈને બોલ્યો કે, " અરેરે, હું પણ હીણભાગી કે મારૂં શરીર પણ બીજાના કામમાં આવતું નથી. "

છેવટે નાછુટકે બન્નેએ કરવત લીધું અને રાજાનું માથું વહેરવા માંડયું. વહેરતાં વહેરતાં નાક સુધી આવ્યાં, ત્યારે મયૂરધ્વજની ડાબી આંખમાંથી એક ટીપું આંસુનું પડયું. આ જોઈને તે બ્રાહ્મણ બોલી ઉઠયો: " બસ, હવે એ શરીર કામ નહિ આવે; કારણ કે આંસુ પડવાથી ઠરાવનો ભંગ થયો છે." પછી પોતાના શિષ્યને લઈને તે ચાલવા લાગ્યો ત્યારે મયૂરધ્વજ તેને કહ્યું કે, " મહારાજ, હું જરાએ રોયો નથી. મારા ડાબા અંગને એમ લાગ્યું કે જમણું અંગ પરોપકારના કામમાં જશે અને હું તો નિરુપયોગીજ રહીશ. પોતે બીજાના કામમાં નથી આવતું તેથીજ તે અંગ રૂએ છે. "

આ વચન રાજા બોલી રહ્યો કે તરતજ ભગવાને પોતાનું ખરૂં રૂપ બતાવ્યું અને મયૂરધ્વજના માથા ઉપર હાથ ફેરવ્યો; એટલે તેનું શરીર હતું એવું થઇ ગયું. સર્વે ઉભા થયા અને ભગવાનને પગે પડયા. ભગવાને તેમને આશીર્વાદ આપ્યા અને મયૂરધ્વજના પરોપકારનાં બહુ વખાણ કર્યાં. પછી અર્જુનને લઇને પાછા ફર્યા. આ બનાવ જોઈને અર્જુન બહુ શરમાઇ ગયો અને તેનો ગર્વ મટી ગયો.

મહેતાજી—જયંતીલાલ, તમે આમાંથી શું સાર લીધો ?

જયંતીલાલ—બીજાઓનું ભલું કરવા જે પોતાના પ્રાણ આપે છે, તેનું ભગવાન બહુજ ભલું કરે છે.

મહેતાજી—બરાબર, તમે બધાય ઘણી રીતે બીજાઓનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલું કરી શકો તેમ છો. જેમકે કોઇને દવા લાવી દઇને, કોઇને ભણાવીને, કોઇને ચોપડીઓ આપીને, કોઇને પાણી પાઇને, કોઇને ભોજન આપીને, કોઇને રસ્તો બતાવીને, રસ્તામાંથી પત્થર, કાચ વગેરે કાઢીને, આમ ઘણી રીતે તમે પણ પરોપકાર કરી શકો તેમ છો. મગનલાલ, બીજો કાંઇ સાર કહેશો ?

મગનલાલ—હાજી, કોઇ દિવસ અહંકાર ન કરવો.

મહેતાજી—શાબાશ, આપણામાં એક કહેવત છે કે 'નમ્યા તે પ્રભુને ગમ્યા.' માટે આપણે તો હમ્મેશાં નમ્રતાજ રાખવી. હવે બીજું કાંઇ બાકી રહે છે, વેણીલાલ ?

વેણીલાલ—દુઃખ વેઠીને પણ આપેલું વચન પાળવું.

મહે૦—બહુજ સરસ, આવી ટેકવાળા બીજા કોઈ રાજાનું નામ તમે આપશો, વંદ્રાવનદાસ ?

વંદ્રાવનદાસ—જી હા. હરિશ્ચંદ્ર.

મહે૦—શાબાશ. હરિશ્ચંદ્ર વિષે વધારે કાંઇ કોઇ જાણો છો ? લલ્લુભાઇ, તમે મુંબઇવાળા છો તેથી જાણતા હો તો બોલો.

લલ્લુભાઈ—સાહેબ, હરિશ્ચંદ્રની કથા મેં વ્યાસજીને મોઢેથી સાંભળી છે અને તેમાં તેને બહુ દુઃખ પડે છે અને ઢેડને ત્યાં તે વેચાય છે; એવું એવું કાંઈક આવે છે.

મહેતાજી—બરાબર. હવે કાલે હું તેની વાત તમને કહીશ.

૧૧—બોલેલું પાળવા વિષે—ભાગ ૧ લો.

સાચું બોલો સર્વદા, તરી જશો સંસાર;
સત્ય સાચવે તેહનો, આખર જય જયકાર.

મહે૦—રાંકરલાલ, કાલની વાત વિષે તમારે કાંઇ કહેવું છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરલાલ—હા જી. કાલની વાત ઉપરથી અમારી કલાસવાળાએ એવો ઠરાવ કર્યો છે કે ગરીબ વિદ્યાર્થી સિવાયના બધા વિદ્યાર્થીઓએ દર સોમવારે એક એક પૈસો લાવવો અને તે બધા ભેગા કરીને ગરીબ વિદ્યાર્થીઓને ચોપડીઓ, કાગળ, પેનસીલો વગેરે અપાવવાં.

મહેતાજી—તમારી ગોઠવણથી હું બહુજ રાજી થયો છું અને હું પણ તમને દર મહિને બબ્બે આના આપીશ. પૈસા ભેગા કરીને ઘનપ્રસાદને આપજો અને જંટલો બરાબર કરો તે એક ચોપડીમાં નોંધજો; જેથી કોઇને શંકા ન રહે. હરિલાલ, આજે આપણે કયી વાત કહેવાના છીએ ?

હરિલાલ—હરિશ્ચંદ્રની, સાહેબ.

મહેતાજી—હા, જુઓ હવે સાંભળો. અસલના વખતમાં અયોધ્યામાં હરિશ્ચંદ્ર નામે એક રાજા હતો. તે પ્રજાને પુત્ર તરીકે પાળતો હતો અને ધાર્મિક તથા સત્યવાદી હતો. એક વખતે તેણે મોટો યજ્ઞ કર્યો; અને તેમાં આવેલા સર્વ સાધુ સંતોને અને ઋષિ મુનિઓનો બબ દાન આપ્યાં. પોતાના ગુરુ વસિષ્ઠની પણ સારી રીતે પૂજા કરીને તેમને પ્રસન્ન કર્યા. યજ્ઞ પૂરો થયા પછી પોતાના આશ્રમ તરફ જતાં રસ્તામાં તેમને વિશ્વામિત્ર મળ્યા અને પૂછયું કે; આપ કયાંથી પધારો છો ? વસિષ્ઠે ઉત્તર આપ્યો: "અયોધ્યામાં રાજા હરિશ્ચંદ્ર સત્યવાદી, ધાર્મિક અને ટેકીલો છે. તેણે યજ્ઞ કર્યો હતો ત્યાંથી આવું છું. "

હરિશ્ચંદ્રનાં આવાં વખાણ સાંભળીને વિશ્વામિત્રે વસિષ્ઠ પ્રત્યેની અદેખાઇને લીધે મનમાં નક્કી કર્યું કે, ગમે તેમ કરીને પણ હું હરિશ્ચંદ્રને અસત્યવાદી ઠરાવું તોજ મને સંતોષ થાય. એક વખત હરિશ્ચંદ્ર જંગલમાં ફરતો હતો ત્યાં વિશ્વામિત્ર બ્રાહ્મણને વેષે જઈને રસ્તો પૂછવા લાગ્યા. રાજાએ તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તો બતાવ્યો અને કહ્યું કે, "મહારાજ, યજ્ઞનું દાન લેવા નગરમાં પધારજો."

વિશ્વામિત્રને તો "ભાવતું હતું અને વૈદે કહ્યું" તેવું થયું. પછી તે રાજા પાસે ગયા, ત્યારે રાજાએ કહ્યું: "મહારાજ, દાનમાં જે જોઈએ તે માગી લ્યો." બ્રાહ્મણે કહ્યું: "મને તમારું રાજ્ય આપીને ચાલ્યા જાઓ." રાજાએ કહ્યું: "બહુ ખુશીથી હું તેમ કરીશ." તે બ્રાહ્મણ બોલ્યો: "હે રાજા, દાન ઉપર કાંઈક દક્ષિણા પણ જોઈએ." રાજાએ કહ્યું "મહારાજ, તે પણ હું આપને આપીશ." આ વાતની અબર લોકોને થતાં તે બહુ રોયા, પણ હરિશ્ચંદ્રે તો પોતાના વચન પ્રમાણે રાજ્ય તે બ્રાહ્મણને સોંપી દીધું; અને પોતાની રાણી તારામતી અને પુત્ર રોહિતને લઈને શહેર બહાર નીકળ્યો. બ્રાહ્મણે આવીને કહ્યું: "રાજા, મારી દક્ષિણા તો આપતા જાઓ; અને જો ન અપાય તેમ હોય તો ના પાડો. વળી રાજ્ય છોડતાં પણ જો તમને દુઃખ થતું હોય તો હું તમને પાછું સોંપવા તૈયાર છું." હરિશ્ચંદ્રે કહ્યું: "મહારાજ, મારે રાજ્ય પાછું લેવું નથી અને આપને જેટલું ધન જોઈતું હોય તેટલું બજનામાંથી લઈ લેજો." બ્રાહ્મણે કહ્યું: "રાજા, હવે એ બજનો, રાજ્ય અને લશ્કર એ બધું તો મારૂંજ છે; માટે દક્ષિણા બીજા કોઇ ઉપાયથી મેળવી આપો, નહિ તો ના પાડો; એટલે હું ચાલતો થાઉં." હરિશ્ચંદ્રે કહ્યું: મહારાજ! હું જે બોલ્યો છું તે જરૂર પાળીશ. ગમે તેમ કરીને પણ આપની દક્ષિણા આપીશ. આપ કાશી સુધી મારી સાથે પધારો એટલે હું આપને તે આપી દઉ."

પછી માર્ગનાં અનેક દુઃખો વેઠતાં વેઠતાં રાજા, રાણી, રોહિત અને બ્રાહ્મણનું રૂપ લીધેલ વિશ્વામિત્ર એ સર્વ કાશી પહોંચ્યાં. બ્રાહ્મણની દક્ષિણા આપવા કેવી રીતે ધન મેળવવું, તે વિષે રાજા વિચાર કરવા લાગ્યો. છેવટે તેઓ કાશીની બજારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયાં અને રાણીને વેચવા વિચાર કર્યો. જે હરિશ્ચંદ્રને હજારોને દાન દેતો હતો; જેની સેવામાં હજારો સેવકો હતા; જેને ત્યાં ગાડી–ઘોડા વગેરે વૈભવ હતો; એવો હરિશ્ચંદ્ર રાજા ભરબજારમાં બોલવા લાગ્યો કે; "ભાઇઓ, જેને દાસીની જરૂર હોય તે બોલજો. આ સ્ત્રીને વેચવી છે." પછી એક બ્રાહ્મણે રાણી તારામતીને દાસી તરીકે વેચાતી રાખી. બાપુઓ કર્મની ગતિ! જે કોઇ દિવસ મહેલ બહાર નીકળતી નહિ; જેની સેવામાં હજારો દાસીઓ રહેતી; જેને સૂવાને છત્રપલંગો હતા; જેને બાવાને સરસ મેવા મીઠાઇ મળતાં; તે તારામતી આજે દાસી તરીકે વેચાઇ! રાણીને તે બ્રાહ્મણ હાથ ઝાલીને ખેંચવા મંડયો. એટલે રાણીએ રોતાં રોતાં કહ્યું: "ભાઇ, હવે મને મારા એકના એક પુત્રનું મોઢું જોઇ લેવા દે." આ સાંભળી રોહિત દોડયો અને રાણીને ગળે બાઝી બહુ રડયો. આ જોઇને રાજા તથા રાણીનાં હૃદય ભેદાઇ ગયાં. પેલા બ્રાહ્મણે પાટુ મારીને રોહિતને દૂર ફેંકી દીધો અને રાણીને ખેંચવા માંડી. છેવટે રાણીની બહુ આજીજી અને કાલાવાલાથી તેણે રોહિતને પણ વેચાતો લીધો. રાજાની રજા લઇને રાણી અને કુંવર રોતાં રોતાં તેમનાથી જુદાં પડ્યાં. હવે આજે વખત થઇ ગયો છે એટલે અહીંથી અટકીશું.

ગીરધરલાલ—સાહેબ, હવે બરાબર રસ આવ્યો છે ત્યારે આપ કેમ અટકો છો?

મહેતાજી—ભાઇ, હું કાંઇ અટકતો નથી, મને તો ઘડીઆળ અટકાવે છે એટલે હું અટકું છું.

મણીલાલ—સાહેબ, હજી ઘંટ વાગ્યો નથી.

મહેતાજી—ભાઇ, માત્ર અડધી મિનિટજ બાકી છે, અને હજી વાત બહુ લાંબી છે એટલે અધુરી વાત કાલે કહીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨—બોલેલું પાળવા વિષે —ભાગ ૨જો.

સતીઆ સત નવ છોડીએ, સત છોડે પત જાય;
સતકી બાંધી લક્ષ્મી, ફીર મીલેગી આય.

મહેતાજી—મોહનલાલ, કાલે વાત કયાં સુધી આવી હતી ?

મોહનલાલ—સાહેબ, કાલે એક બ્રાહ્મણ રાણી તારામતી અને રોહિતને વેચાતાં લઇ ગયેા. ત્યાં સુધી વાત આવી હતી.

મહેતાજી—બરાબર છે. હવે વાત આગળ ચલાવીએ.

મોજીલાલ—માસ્તર સાહેબ, કલાસમાં આવું ?

મહેતાજી—કેમ **મોજી**લાલ, આજે મોડા કેમ આવ્યા ?

મો૦—સાહેબ, આજે મારી મા ધોવા ગયાં હતાં, એટલે રાંધવાનું અને જમવાનું મોડું થયું.

મહેતાજી—ઠીક, બેસી જાઓ.

કૃષ્ણશંકર—સાહેબ, કલાસમાં આવું ?

મહેતાજી—અહેા, કૃષ્ણશંકર, તમે આજે મોડા કયાંથી ?

કૃષ્ણ૦—સાહેબ.....

મહેતાજી—કેમ બેાલતાં અચકાઓ છેા ? જે હેાય તે સાચું બેાલી જાઓ. એમાં **મોજી**લાલ સામું શું જુઓ છેા ?

કૃષ્ણ૦—સાહેબ, **ચુ**નીલાલ માસ્તરે ચાર દાખલા ઘેર ગણવાના આપ્યા હતા, તે હું અને **મોજી**લાલ આપણી નિશાળની પછવાડે એક બેાટલે ગણતા હતા.

મહેતાજી—જોયું કે **મોજી**લાલનું પેાગળ ! કાલેજ હજી હરિશ્ચંદ્રની વાત કહી છે અને આજેજ **મોજી**લાલભાઇ બેાટું બેાલ્યા ! **મોજી**લાલ, તમારે શરમાવું જોઈએ. તમે શું કવિતામાં નથી શિખી ગયા કેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુઠું બોલે જે કદિ, પાપી પૂરો થાય;
તે માટે બાળક તમે, ન કરો એ ઉપાય.

મોજી૦—સાહેબ, મારી ભૂલ થઇ. હવેથી કદિ જુઠું નહિ બોલું.

મહેતાજી—કૃષ્ણશંકર, તમે સાચું બોલ્યા તે ઠીક કર્યું, પણ દાખલા ઘેર ન ગણવા અને નિશાળના વખતમાં ગણવા તેમજ નિશાળે મોડું આવવું તે બહુજ બોટું; માટે હવેથી એવું ન કરતા. જાઓ, તમારી જગ્યાએ બેસી જાઓ. ચાલો હવે આપણે આપણી વાત શરૂ કરીએ.

પછી વિશ્વામિત્ર બોલ્યા: " રાજા, હવે મારી દક્ષિણા ઝટ પૂરી કરી દો, નહિ તો ના પાડો; મારે તમારી પછવાડે ક્યાં સુધી ભટકયાં કરવું ?" તે સાંભળી રાણીને અને કુંવરને વેચતાં જે પૈસા ઉપજ્યા હતા તે હરિશ્ચંદ્રે બ્રાહ્મણને આપ્યા. ત્યારે તે બોલ્યો: "શું આટલાજ ! આના કરતાં તો ના પાડી હોત તો ઠીક હતું." હરિશ્ચંદ્રે કહ્યું: "મહારાજ ગુસ્સે ન થાઓ. હજી પણ જો આપ રાજી ન થયા હો તો હું મારા પંડને વેચીને પણ જે ઉપજશે તે આપને આપીશ." છેવટે પોતે એક ડેડને ત્યાં વેચાયો અને બ્રાહ્મણને દક્ષિણા આપી વિદાય કર્યો. ડેડે મસાણમાં જે મડદાં આવે તે ઉપર ઓઢાડેલાં લૂગડાં એકઠાં કરવાનું અને ઠરાવેલ કર લીધા સિવાય મડદાં બાળવા નહિ દેવાનું કામ રાજાને સોંપ્યું.

એક વખત એવું બન્યું કે રાણી તારામતી અને કુંવર રોહિત જે બ્રાહ્મણને ત્યાં રહ્યાં હતાં તેની આજ્ઞાથી રોહિત જંગલમાં ઘાસ કાપવા ગયો. ત્યાં તેને સાપ કરડયો અને તે મરી ગયો. આ ખબર તેના સોબતીઓએ તારામતીને કહ્યા; એટલે તે જંગલમાં ગઇ અને પોતાના મરી ગયેલા પુત્રને બોળામાં લઇને ખૂબ રોઇ. રોતાં રોતાં થાકી એટલે શબને બ્લે નાખીને મસાણમાં લઇ ગઈ. અહીંઆં હરિશ્ચંદ્રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની પાસેથી મડદું બાળવાનો કર માગ્યો. કર આપવાને રાણી પાસે કાંઈજ નહોતું; તેથી હરિશ્ચંદ્રે મડદું બાળવા દેવાની ના પાડી. રાણી બહુ ગભરાઈ ગઇ અને સ્ત્રીઓના સ્વભાવ પ્રમાણે પોતાની આગલી પાછલી વાત યાદ કરીને રૂદન કરવા લાગી. આ સાંભળીને રાજાને વહેમ ગયો કે રખેને આ મારી સ્ત્રી તારામતી હોય. પછી પાસે આવીને જોયું તો તે તારામતીજ છે એવી તેની ખાત્રી થઈ. તારામતીએ પોતાને બીતેલી વાત કહી, તે સાંભળીને રાજા મૂર્છા ખાઈને પડયો. મૂર્છા વળી એટલે તે વિલાપ કરવા લાગ્યો કે, "અરેરે, કેવી અમારી સ્થિતિ! અમે જે લાખો મનુષ્યનું ભરણ–પોષણ કરતાં તેની પાસે આજે એક કુટી બદામ પણ નહિ! હજારોને લૂગડાં–લત્તાંનું દાન વગેરે આપતાં, તેના પુત્રને બાળવાનો કર આપવા માટે પાસે પૈસો પણ નહિ! અરેરે, શું કર્મની વિચિત્ર ગતિ!" આમ વિલાપ કરી હરિશ્ચંદ્ર ઢેડની પાસે પોતાના પુત્રને કર લીધા વિના બાળવા દેવાની રજા લેવા ગયો.

તે વખતે વિશ્વામિત્રે મસાણમાં આવીને રાક્ષસો ઉત્પન્ન કરીને રાણીને બીવરાવી; એટલે રાણી શબને ત્યાં મૂકીને નાસી ગઇ. રાક્ષસો તે શબને ઉપાડી ગયા. પછી વિશ્વામિત્ર બ્રાહ્મણનું રૂપ લઇ ગામમાં ગયા; અને રાણી ભૂતડી છે અને ગામનાં છોકરાંઓને ઉપાડી જાય છે એવી વાત ફેલાવી. ગામના લોકો તેને રાજા પાસે લઇ ગયા, ત્યારે રાજાએ હુકમ કર્યો કે તેને તરવારથી ઢેડની પાસે મરાવી નાખો.

એટલામાં હરિશ્ચંદ્ર ઢેડની રજા લઇને આવ્યો; પણ મસાણમાં ન મળે રાણી કે ન મળે પુત્રનું મડદું! આ જોઇને તે તો ગાંડા જેવોજ થઈ ગયો. થોડીજવારમાં રાણીને લઇને તેનો ઉપરી ઢેડ ત્યાં આવ્યો અને કહ્યું કે, આ સ્ત્રીને તરવારથી મારી નાખ. રાજાએ રાણીને ઓળખી. બન્ને બહુ રોયાં; પણ છેવટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની ફરજ બજાવવા રાજા તૈયાર થયો.

તેણે તરવાર હાથમાં લીધી અને જેવો ઘા કરવા જાય છે એટલામાંજ ભગવાને પોતે તેને દર્શન આપ્યું; અને રાજાનો હાથ ઝાલી લઈને હરિશ્ચંદ્રને તેની ટેક માટે ધન્યવાદ આપ્યો. વળી રોહિતને પણ જીવતો કર્યો તથા તેનું રાજપાટ પાછું સોંપ્યું. બ્રાહ્મણે પણ પાછું વિશ્વામિત્રનું મૂળ રૂપ ધારણ કરીને રાજાની માફી માગી અને હરિશ્ચંદ્રનાં બહુજ વખાણ કર્યા. આ વાત ઉપરથી તમે જોશો કે આપણા પવિત્ર દેશમાં કેવા કેવા સત્યવાદી માણસો થઈ ગયા છે. ગમે તેટલું દુઃખ વેઠવું પડે તો પણ તેઓ ડગ્યા નથી. પ્રાણ જાય તો પણ તેઓએ પોતાની ટેક છોડી નથી. એથી ઉલટું હાલના સમયમાં કેવા અસત્યવાદી અને જરા જરામાં ટેક મૂકી દેવાવાળા લોકો થયા છે! તમો સર્વ પણ સત્યવાદી અને આપેલું વચન પાળવાવાળા થાઓ એવો મારો આશીર્વાદ છે.

૧૩—કરે તેવું ભરે ને વાવે તેવું લણે.

આવળ નિંબ ઓરડી રોપી, કેમ ખજૂર અવાય;
આંબાની ગોટલીએ આંબો, ટેટે વડ છવરાય.
બહુધા બીજ વાવીએ જેવાં, તરૂવર તેવાં થાય;
ઝેર ખાઈ ખાંતેથી બલ તો, જમને દ્વારે જાય.
પ્રીતે અમૃત પાન કર્યાથી, સહેજે અમર થવાય;
વાવ્યાં હોયે જવાર બાજરી, મુક્તાફલ ન લણાય.

મહેતાજી—શંકરલાલ, કેમ ઉભા છો?

શંકરલાલ—સાહેબ, એક શંકાનો ખુલાસો પૂછવો છે.

મહેતાજી—ભલે, ખુશીથી પૂછો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરલાલ—સાહેબ, કાલે આપે હરિશ્ચંદ્રની વાતમાં એમ કહ્યું હતું કે કર્મની ગતિ વિચિત્ર છે; તો કર્મ એટલે શું?

મહેતાજી—શંકરલાલ, તમારો સવાલ બહુ સારો છે. આપણે કાંઇ પણ ક્રિયા કરીએ, તેનું નામ "કર્મ" કહેવાય છે. વળી આપણે સારું કે નરસું જેવું કર્મ કરીએ તેવુંજ તેનું ફળ પણ આપણને મળે છે. એ ઉપરથીજ આપણા લોકોમાં કહેવત ચાલે છે કે; "કરીએ તેવું ભોગવીએ અને વાવીએ તેવું લણીએ." આ નિયમ તમે સર્વ બરાબર સમજો એટલા માટે હું તમને દૃષ્ટાંત દાખલ એક વાત કહું તે સાંભળો. હું જ્યારે નાનો હતો ત્યારે મારી માતા ગુજરી ગયાં. પછી મારા પિતા મને રાજી રાખવા સારૂ હું જે કાંઈ વસ્તુઓ માગતો તે મને અપાવતા. બહુજ મરચાંવાળી, ખાટી, ખારી, વગેરે ચીજો હું બહુ ખાતો. આથી હું માંદો પડયો. પછી મારી દવા કરવા માંડી, પણ હું તો દવા નહિ પીતાં બાળમાંજ નાખી દેતો. આથી મારું શરીર લેવાઇ ગયું અને હું મરવાની અણી પર આવ્યો. છેવટે હુંશિયાર વૈદ્યની દવા કરી અને મારા પિતા પોતે પાસે રહીને દવા બવરાવતા તથા બાવામાં પણ માત્ર દાળભાતજ આપતા. આમ થોડા દિવસ ચાલ્યું એટલે મારી તબીયત સારી થઇ; પણ પછી મને દવા ઉપર બહુજ કંટાળો આવ્યો. એક વખત મારા પિતા રોજને વખતે મને દવા પાવા આવ્યા, ત્યારે મેં ખિજાઇને કહ્યું કે કડવી દવા પીને તો હું કંટાળી ગયો છું. મારા ઉપર તમને જો હેત હોય તો મારી વતી તમે દવા પીઓ. આથી તરત તો મારા પિતા કાંઇ બોલ્યા નહિ અને મને દવા પણ પાઇ નહિ. પછી અડધી કલાકે તેઓ આવ્યા અને મને કહ્યું કે, ભાઈ, તું દાડમ બાવાનું કહેતા હતો તો આજે વૈદ્યે દાડમ બાવાની હા પાડી છે; માટે જો તું કહે તો દાડમ લાવું. મેં કહ્યું કે, લાવો, મને પેટમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળતરા બહુ થાય છે એટલે જરા ઠંડક થશે. પછી મારા પિતા એક વાટકીમાં દાડમના દાણા લાવ્યા અને પોતે આવા મંડયા. મેં તેમને કહ્યું કે, પિતાજી, મને તો થોડા આવા આપો. ત્યારે તેમણે કહ્યું કે ભાઇ, હું તારે માટેજ દાડમના દાણા આઉં છું; તેથી તને ઠંડક થશે. આથી હું ખિન્નઇને બોલ્યોઃ દાડમ તમે આપો અને ઠંડક મને થાય એ શી રીતે બને ? એ તો જે ખાય તેનેજ ઠંડક થાય. પછી મારા પિતા બોલ્યાઃ ભાઇ, દાડમ હું આઉં અને તને ઠંડક ન થાય, તો પછી દવા હું પીઉં અને તારો રોગ જાય એ બનશે કદ ? આથી હું મારા પિતાની યુક્તિ સમજી ગયો. મેં એમની માફી માગી અને તે દિવસથી દવા પીવા માંડી. આથી છેવટે હું સાજો થયો. આવીજ રીતે ધનજીભાઇને ભૂખ લાગી હોય અને મનજીભાઇ જમે તો કાંઇ ધનજીભાઇની ભૂખ મટે નહિ. રામકૃષ્ણને તરસ લાગી હોય અને ભોગીલાલ પાણી પીએ, તો તેથી રામકૃષ્ણની તરસ છીપે નહિ. કાળીદાસ લેસન કરે નહિ અને તેના ભાઇ બુદરભાઇ લેસન કરે, તો તેથી કાંઇ કાળીદાસ પાસ થવાના નહિ. એ તો 'જે કરે તેજ પામે અને વાવે તેજ લણે.' જો તમારે કેરી જોઇતી હોય તો શું વાવવું જોઇએ, મધુસૂદન ?

મધુસૂદન—સોણ, ગોટલા વાવવા જોઇએ.

મહેતાજી—અને બોર જોઇતાં હોય તો, કૃષ્ણપ્રસાદ ?

કૃષ્ણપ્રસાદ—બોરનો ઠળીયો વાવવો જોઇએ.

મહેતાજી—જુઓ, ભાઇઓ, કેરી જોઇતી હોય તો ગોટલા વાવવા જોઇએ; બાવળનું બી વાવેથી કાંઇ કેરી મળે નહિ. ઘઉં વાવ્યાથી ઘઉંજ મળે અને બાજરો વાવ્યાથી બાજરોજ મળે. માનું નામજ વાવવું તેવું લણવું અને કરવું તેવું પામવું; અને માનુંજ નામ કર્મ તેવું ફળ. તમે હવે સમજ્યાને શંકરલાલ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરલાલ—જી હા, પણ ત્યારે આપણને સુખ કે દુઃખ થાય તે શાથી ?

મહેતાજી—આપણા પોતાના વિચાર અને કૃત્યથી આપણે જો બીજાઓનું બુરૂં ઇચ્છીએ તો આપણું જ બુરૂં થાય અને જો બીજાઓનું સારૂં ઇચ્છીએ તો આપણું જ સારૂં થાય. ચોરી કરીએ તો કેદમાં જવું પડે અને પ્રામાણિકપણે કામધંધો કરીએ તો આપણેજ સુખી થઇએ. એક ઠેકાણે લખ્યું છે કે:—

જેવું પરનું ઇચ્છીએ, તેવું નિજનું થાય;
નવ માનો તો કરી જુઓ, જેથી તુર્ત જણાય.

હવે આજે તો વખત થઇ ગયો છે માટે આટલેથીજ રાખીશું; અને આ સંબંધી કોઇને કાંઇ પૂછવું હોય તો કાલે ખુશીથી પૂછજો.

૧૪—પુનર્જન્મ.

જન્મ મરણના ચક્કર પર, ભ્રમણ કરે જીવમાત્ર;
સંશય લેશ ન ધારવો, એ વાત સિદ્ધાંત સશાસ્ત્ર.

મહેતાજી—કાલે જે વાત કહી હતી તે બાબતમાં જેને પૂછવું હોય તે વારા ફરતી ઉભા થઇને પૂછો.

શંકરલાલ—સાહેબ, આપે કાલે કહ્યું કે જેવું કરવું એવું પામવું, તો આપણે કેટલાંક બરાબ માણસોને સુખી જોઇએ છીએ. તેનું કારણ શું ?

મહેતાજી—તમારો સવાલ બરોબર છે. જુઓ તમારા સવાલનો જવાબ આમ છે. કર્મો ત્રણ જાતનાં છે. (૧) સંચિત, (૨) પ્રારબ્ધ, (૩) આગામી. હવે આપણે આગાઉના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મોમાં જે કર્મો કરેલાં, તેમાંથી જે કર્મોએ હજી ફળ આપવાનું શરૂ કર્યું નથી અને જે હવે પછી ભોગવવાનાં છે તેનું નામ **સંચિત કર્મ**. અગાઉના જન્મોમાં કરેલાં કર્મોમાંથી જે કર્મો આ જન્મમાંજ ફળ આપે છે તેનું નામ **પ્રારબ્ધ કર્મ**; અને આ જન્મમાં આપણે જે નવાં કર્મો કરીએ છીએ અને જે હવેના જન્મોમાં ફળ આપવાનાં, તેનું નામ ક્રિયામાણ અથવા **આગામી કર્મ**. માટે હાલ કોઇ માણસ બરાબ કામ કરતો હોય છતાં સુખી હોય તો તેનું કારણ એટલુંજ કે, અગાઉના જન્મોમાં તેણે કાંઇ સારાં કર્મો કરેલાં હશે અને આ વખતે તેનું સારૂં ફળ તે ભોગવે છે. એજ પ્રમાણે અત્યારે જે બરાબ કર્મો તે કરે છે તેનું બરાબ ફળ તેને ભવિષ્યમાં ભોગવ્યા વિના છુટકોજ નથી. વળી એથી ઉલટું; અત્યારે કોઇ ધર્મી હોય તે છતાં તે દુઃખી હોય તો તેથી આપણે એમ સમજવું કે, અગાઉના જન્મોમાં તેણે બરાબ કૃત્યો કર્યાં હશે તેનોજ બદલો તેને અત્યારે મળે છે; અને હવે તે સારાં કૃત્યો કરે છે તો હવેના જન્મોમાં તે સુખીજ થવાનો.

હરિપ્રસાદ—સાહેબ, મરી ગયા પછી આપણને તો બાળી નાખે છે; તો પછી ફરીથી શી રીતે જન્મ થાય ?

મહેતાજી—જે મરી જાય છે અને જેને બાળી નાખવામાં આવે છે, તે વસ્તુ જુદી છે અને આપણે જુદા છીએ. આ વિષે હું તમને જરા વધારે સમજાવું. અત્યારે આપણે હાલીએ છીએ, આઇએ છીએ, સાંભળીએ છીએ, સુંઘીએ છીએ વગેરે કરીએ છીએ; પણ જ્યારે માણસ મરી જાય છે ત્યારે આમાંનું કાંઇજ થતું નથી. જો કે હાથ, પગ, મોં, કાન, નાક, વગેરે છે; છતાં કાંઇ થતું નથી તેનું કારણ શું હરિપ્રસાદ ?

હરિપ્રસાદ—સાહેબ, લોકો એમ કહે છે કે એમાંથી જીવ જતો રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી—તમારૂં કહેવું બરૂં છે; અને તેજ જીવ તે આપણે છીએ અને તે શરીરથી આપણે જુદા છીએ. તે જીવ વારંવાર પૃથ્વી ઉપર આવે છે અને નવાં નવાં શરીરો ધારણ કરીને સુખદુઃખનો અનુભવ લે છે; અને એમ કરતાં કરતાં જ્યારે તે અશુભ કામો કરવાનાં છોડી દઈને સારાંજ કામો કર્યા કરે છે, ત્યારે પ્રભુના પદને પામે છે.

મોહનલાલ—સાહેબ, આપણે જો અગાઉ ઘણા જન્મો લીધા હોય, તો તે વાત આપણને કેમ યાદ રહેતી નથી ?

મહેતાજી—તેનું કારણ તો એ છે કે દરેક જન્મે આપણને નવું શરીર મળે છે; અને બધી વસ્તુઓને યાદ રાખવાનું કામ આપણા મગજનું છે અને નવા શરીર સાથે તે મગજ પણ નવુંજ મળેલું હોય છે; તેથી આ જન્મમાં શરીરવડે જે કાંઇ કાર્યો થાય છે અને તેને જેટલો અનુભવ થાય છે તેટલોજ તે યાદ રાખે છે.

નારણદાસ—સાહેબ, જ્યારે બધો અનુભવ યાદ નથી રહેતો, તો પછી તે અનુભવ મેળવવાનો હેતુ શો ?

મહેતાજી—નારણદાસ, તમારો સવાલ બહુ સારો છે. તેનો જવાબ આપણા શાસ્ત્રમાં બહુ સારી રીતે સમજાવ્યો છે. તે એ છે કે, દરેક વખતે જન્મનાર જીવ તો એકજ છે અને તેથી તે જીવ નવાં નવાં શરીરો મારફત નવા નવા અનુભવો ભેગા કરે છે અને તેમાંથી સાર ગ્રહણ કરે છે. જેમ તમે આજે કાળો કોટ પહેરીને આવ્યા છો અને કાલે ધોળો કોટ પહેરીને આવો તથા પરમ દિવસે વળી પીળો કોટ પહેરીને આવો, તો તેથી તમે જે નારણદાસ છો તે કાંઈ ફરી જવાના નહિ. વળી તમે જુદા જુદા કોટ પહેરીને આવો તેથી કાંઇ ઓછું શિખવાના નહિ; તેવીજ રીતે જીવ તો એકનો એકજ રહે છે, માત્ર તેના કોટ એટલે કે શરીર બદલાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તમે સમજ્યાને નારણદાસ ?

નારણદાસ—જી હા, પણ એક શંકા એ રહે છે કે આપણને તો કાલની વાત યાદ રહે છે અને જીવને ગયા એકાદ જન્મની વાત પણ યાદ રહેતી નથી ?

મહેતાજી—એનું કારણ માત્ર એટલું છે કે આપણે ભક્તિમાં બહુ આગળ વધેલા નથી. જેઓ ભક્તિ અથવા યોગમાં આગળ વધેલા હોય છે તેઓને તેમના ગયા જન્મોનું યાદ આવે છે.

કનૈયાલાલ—ત્યારે સાહેબ, તે શી રીતે બની શકે ?

મહેતાજી—ભાઈ, એને માટે તો મહેનત કરવી જોઈએ. તમે બધા મહેનત કરીને એકેક ચોપડીમાં પાસ થતા જાઓ છો, તેમ એક એક દુર્ગુણને જીતીને માણસ આગળ વધતો જાય છે. આ ઉપર કાલે હું તમને વિશ્વામિત્રની વાત કહીશ.

શંકરલાલ—સાહેબ, એક શંકા છે તે પૂછું ?

મહેતાજી—ભલે પૂછો, હજી ત્રણ ચાર મિનિટ બાકી છે.

શંકરલાલ—કેટલાક લોકો એમ કહે છે કે માણસનો પુનર્જન્મ થતો નથી.

મહેતાજી—પુનર્જન્મ ન હોય તો એક માણસ રાજા અને એક રંક શાથી હોય ? એક જન્મથીજ બહેરો, મુંગો, આંધળો કે લુલો અને બીજો કાંઈપણ ખોડ વિનાનો શાથી હોય ? એક રોગી અને બીજો નિરોગી શાથી હોય ? એકજ વર્ગમાં એકજ શિક્ષકના હાથ નીચે ભણતા છોકરાઓમાં એક બુદ્ધિશાળી અને બીજો ઠોઠ શા માટે હોવો જોઈએ ? આપણે એમ કહીએ કે એ તો જેમ પ્રભુને ઠીક લાગ્યું તેમ તેણે સૌને બનાવ્યા છે; તો પછી પ્રભુ પક્ષપાતી અને અન્યાયી ગણાશે. કારણ કે તે એકને રાજા બનાવે છે અને બીજાને રંક બનાવે છે; એકને વિદ્વાન અને બીજાને મૂર્ખ બનાવે છે. પણ જો આપણે કર્મની વાત ધ્યાનમાં લઈએ અને પુનર્જન્મની વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ માનીએ, તો આ બધાનો ખુલાસો બહુ સારી રીતે થઈ શકે છે. તે ખુલાસો એ કે આપણે અગાઉના જન્મોમાં જેવાં કર્મો કર્યાં હશે તેવાં ફળ આપણને આ જન્મમાં મળે છે; અને હવે જેવાં કર્મ કરીશું તેવાં ફળ હવેના સમયમાં ભોગવીશું. કેમ શંકરલાલ, તમને આ વાત બરાબર સમજાય છે ને?

શંકર૦—જી હા, આ ખુલાસાથી બધી શંકા મટી જાય છે.

મહેત—બસ, હવે વખત થઈ ગયો છે. કાલે આપણે બીજી વાત કહીશું.

—:◈:—

૧૫—પુરુષાર્થ.

આળસ તજી ઉદ્યમ કરો, ચિતમાં કરી વિચાર;
સુખી થશો તેથી સદા, નહિ તો થશો ખુવાર;

મહેતાજી—છબીલદાસ, આજે આપણે કયી વાત કહેવાની છે?

છબીલ૦—સાહેબ, આજે **વિશ્વામિત્ર**ની વાત કહેવાની છે.

મહેતાજી—**છોટાલાલ**, **વિશ્વામિત્ર**નું નામ આગળ આપણી કોઇ વાર્તામાં આવ્યું હતું?

છોટાલાલ—જી હા, હરિશ્ચંદ્રની વાતમાં આવ્યું હતું.

મહેતાજી—તમારી વાત બરાબર છે. **વિશ્વામિત્ર** રાજકુળમાં જન્મ્યા હતા અને પોતાના પિતા **ગાધી** રાજાની પછી ગાદીએ આવ્યા હતા. ઘણાં વર્ષ રાજ્ય કર્યા પછી એક સમયે તેઓ પોતાના લશ્કર સહિત ફરતા ફરતા **વસિષ્ઠ** ઋષિને આશ્રમે આવી પહોંચ્યા. **વિશ્વામિત્ર** **વસિષ્ઠ**ના ચરણમાં પડયા અને **વસિષ્ઠે** તેમનો સ્નેહથી સત્કાર કર્યો. પછી કુશળસમાચાર પૂછીને **વસિષ્ઠ** બોલ્યા:—હે રાજા, તું આજે ઘણે દિવસે મારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રમે આવ્યો છે, માટે હું તારી તથા તારા લશ્કરની મેમાનગિરી કરવા ઇચ્છું છું; કારણ કે મારે ત્યાં તારા જેવો મેમાન ફરી ફરીને કયાંથી આવે? વિશ્વામિત્રે કહ્યું; મહારાજ, આપે મને સ્નેહથી કહ્યું એટલેજ મેમાનગિરી થઇ ચૂકી. હે, ઋષિ, હવે મને આપ જવાની આજ્ઞા આપો એટલે હું જાઉં: આમ કહેવા છતાં પણ વસિષ્ઠે બહુ આગ્રહ કરીને તેમને રોકયા અને મેમાનને જમાડવા માટે જે જે સામગ્રીની જરૂર હતી, તે બધી પોતાની શબલા નામની અદ્‌ભુત ગાયમાંથી ઉત્પન્ન કરી. પછી તેઓને સોનાનાં આસનો ઉપર બેસાડયા; સોનાની થાળીઓ તથા વાટકા આપ્યા અને તેમાં સ્વાદિષ્ટ ભોજન પીરસી જમાડયા. આવા સ્વાદિષ્ટ ભોજનથી સૌ બહુ સંતોષ પામ્યા; પણ વિશ્વામિત્રને અચંબો થયો કે આ ઋષિ આ બધું લાવ્યા કયાંથી? તપાસ કરતાં તેને માલમ પડયું કે આ સઘળું એક ગાયથી તેમને પ્રાપ્ત થયું છે. પછી વિશ્વામિત્રે વસિષ્ઠને કહ્યું કે, તમે મને આ તમારી ગાય આપો અને હું તમને તેના બદલામાં તમે જે માગો તે આપું. વસિષ્ઠે તેમને ના પાડી એટલે વિશ્વામિત્ર ગાયને પરાણે લઇ જવા મંડયા; પણ ગાયે બરાડા પાડીને એવા મનુષ્યો ઉત્પન્ન કર્યા કે તેઓએ રાજાના સર્વ લશ્કરનો સંહાર કર્યો. પછી વિશ્વામિત્રના સો પુત્રો વસિષ્ઠ ઉપર ધસી આવ્યા. વસિષ્ઠે તે સર્વને એક ક્ષણમાં બાળીને ભસ્મ કરી નાખ્યા. આથી રાજા ગભરાઇ ગયો અને ત્યાંથી પોતાના રાજ્યમાં પાછો આવ્યો. તેનો સર્વ ગર્વ ઉતરી ગયો. તે પોતાના ક્ષત્રિય-બળને હવે ધિક્કારવા લાગ્યા અને બ્રાહ્મણ-બળનાં વખાણ કરવા લાગ્યા. છેવટે દિવ્ય અસ્ત્રો મેળવવા તેણે તપ આદર્યું. ઘણાક વખત સુધી આકરૂં તપ કરવાથી શંકર પ્રસન્ન થયા અને તેને દૈવી અસ્ત્રો આપ્યાં. પછી રાજા વસિષ્ઠની સામે યુદ્ધ કરવા આવ્યા, પણ વસિષ્ઠે બ્રાહ્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણની શક્તિરૂપ જે બ્રહ્મદંડ તે ઉગામીને રાજાનાં સર્વ અસ્ત્રોનો નાશ કર્યો. આથી નિરાશ થઇને વિશ્વામિત્ર પાછા વનમાં ગયા અને બ્રહ્મર્ષિ થવા પ્રયત્ન આદર્યો.

પછી ઘણો કાળ તપ કરવાથી બ્રહ્મા પ્રસન્ન થયા અને રાજાને "રાજર્ષિ" કહીને બોલાવ્યા; પણ વિશ્વામિત્રે એટલાથી સંતોષ નહિ પામતાં તપ ચાલુ રાખ્યું. બીજા ઘણા કાળ સુધી તપ કર્યું ત્યારે દેવોએ તેમને 'દેવઋષિ' કહીને બોલાવ્યા; તોપણ તેમણે તપ ચાલુ રાખ્યું. કેમકે બ્રહ્મર્ષિ થાય તોજ તેમને સંતોષ મળે તેમ હતું. પણ એ તપમાં એક વિઘ્ન આવ્યું. મેનકા નામની અપ્સરામાં મોહ પામવાથી તેમનું તપ નષ્ટ થયું; પણ વિશ્વામિત્ર કાંઇ હારી જાય એવા નહોતા. તેમણે ફરીથી તપ શરૂ કર્યું. ઘણો કાળ વીત્યા પછી બ્રહ્માએ તેમને 'મહર્ષિ' પદ આપ્યું અને ઇંદ્રિયો ઉપર કાબુ રાખવાની આજ્ઞા કરી. બીજીવાર તેમને મોહમાં ફસાવવાને રંભા નામની અપ્સરાએ યત્ન કર્યો. આ વખતે કામવશ ન થતાં તે ક્રોધાવશ થયા અને તે અપ્સરાને શાપ આપ્યો. આથી તેમનું તપ ફરીથી નષ્ટ થયું. આમ છતાં પણ તેમણે કાયર થઇને તપ મૂકી દીધું નહિ. આ વખતે તેમણે મુનિવ્રત એટલે કે કોઇની સાથે બોલવુંજ નહિ એવો નિયમ લીધો; અને છેવટ સુધી જરાએ ક્રોધને વશ થયા નહિ. આવી રીતે પુરુષાર્થથી અને સબળ પ્રયત્નથી અંતે વિશ્વામિત્રનો જય થયો અને તેમને 'બ્રહ્મર્ષિ' કહીને બોલાવવામાં આવ્યા. હવે તેમને વસિષ્ઠની સાથે પણ મિત્રાચારી થઇ. બોલો હરજીવનદાસ, આ વાતમાંથી આપણે શું સાર લેવો ?

હરજી૦—પહેલો સાર તો એ કે પારકી ચીજ લેવાનો આપણે લોભ ન કરવો; નહિ તો કજીયો થયા વિના રહેજ નહિ.

મહેતાજી—બીજું કાંઇ, ઘનશ્યામ ?

ઘનશ્યામ—આપણો વૈભવ ગમે તેટલો હોય, પણ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાને બતાવીને અહંકાર ન કરવો; નહિ તો વસિષ્ઠના જેવી સ્થિતિ થાય.

મહેતાજી—તમે પણ ઠીક સાર કાઢયો. બીજું કાંઇ, રામપ્રસાદ ?

રામપ્રસાદ—માણસ ને ધારે તો વિશ્વામિત્રની પેઠે જે કરવું હોય તે કરી શકે.

મહેતાજી—બરી વાત. આ ઉપર આપણામાં એક કહેવત છે તે કહેશો, શંકરલાલ ?

શંકરલાલ—જી હા, કાળા માથાનો માનવી શું ન કરી શકે?

મહેતાજી—શાબાશ, હવે કાલે આપણે વાલ્મીકિની વાત કહીશું.

૧૬—સત્સંગ.

ઉમ્મરે અધિક અને, જ્ઞાનમાં વધેલા એવા,
સોબતીની સોબતથી, હૃદય સુધારને;
જેવો સંગ તેવો રંગ, લાગશે જરૂર માટે,
સારો સંગ શોધવાની, સાવધાની રાખને.

મહેતાજી—કનૈયાલાલ, આજે આપણે કયી વાત કહેવાની છે ?

કનૈયાલાલ—સાહેબ, આજે વાલ્મીકિની વાત કહેવાનું આપ કહેતા હતા.

મહેતાજી—બરાબર. તમારામાંથી જે કોઇ વાલ્મીકિ વિષે જાણતા હોય તે ઉભા થાઓ.

(મથુરાદાસ ઉભા થાય છે.)

મહેતાજી—કેમ મથુરદાસ, તમે વાલ્મીકિ વિષે શું જાણો છો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથુરદાસ—સાહેબ, મારા પિતાએ સસ્તા સાહિત્યવાળાનું **વાલ્મીકિ રામાયણ** હમણાંજ મંગાવ્યું છે અને દરરોજ રાત્રે વાંચે છે. તે રામાયણ વાલ્મીકિએ બનાવ્યું છે માટે **વાલ્મીકિ રામાયણ** કહેવાય છે. અને તેમાં **રામચંદ્રજી**ની તથા **રાવણ**ની વાત આવે છે.

મહેતાજી—ઠીક છે. હવે આજે હું તમને તે વાલ્મીકિની વાત કહું છું, તે બરાબર ધ્યાન દઈને સાંભળો. પૂર્વે **લોહજંઘ** નામનો એક બ્રાહ્મણ હતો. તે હંમેશાં પોતાના કુટુંબનું ગુજરાન ભિક્ષા માગી લાવીને કરતો. એક સમયે આખા દેશમાં વરસાદ નહિ આવ્યો અને તેથી મોટો દુકાળ પડયો. આથી બિચારા ગરીબ લોકો બહુજ હેરાન થયા અને કેટલાક તો અન્નપાણી વિના મરણ પામ્યા.

લોહજંઘ ઘેર ઘેર ભિક્ષા માગવા જતો, પણ તેને કોઈ ચપટી લોટ કે મુઠી દાણા પણ આપતું નહિ. એક વખત ફળ વીણી લાવવા સારૂ તે જંગલમાં ગયો અને ઘણું રખડયો; પણ ઝાડો વરસાદ વિના સુકાઈ ગયાં હતાં તેથી તેને એકે ફળ મળ્યું નહિ. છેવટે નિરાશ થઇને તે ઘર તરફ પાછો આવતો હતો એટલામાં ત્રણ વૃદ્ધ પુરૂષ દાણાની તથા લૂગડાંની ગાંસડીઓ લઇને મળ્યા. તેઓને જોઇને **લોહજંઘ**ની દાનત બગડી અને ત્રણેને લુંટી ઘેર જઇને પોતાના કુટુંબને સંતોષ્યું. આ વખતથી તેણે લુંટ કરવાનો ધંધો શરૂ કર્યો.

એક વખત **લોહજંઘ** લુંટ કરવાના હેતુથી જંગલમાં આમ તેમ ફરતો હતો એવામાં **વસિષ્ઠ**, **અંગિરા**, **નારદ** વગેરે ઋષિઓ ત્યાં આવી ચડયા. **લોહજંઘ** એક ડાંગ લઇને તેઓની સામે ધસ્યો અને કહ્યું કે; જે કાંઇ માલમતા હોય તે એકદમ મને આપી દો, નહિ તો હું તમને મારી નાખીશ. **વસિષ્ઠ** ઋષિ બોલ્યા; હે ભાઈ, તું આવું નીચ કામ શા માટે કરે છે? નિરપરાધીને દુઃખ દઈને કોઈ સુખી થયું નથી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવાનું પણ નથી. અમે તો સાધુ છીએ એટલે અમારી પાસે તો તને આપવા જેવું કાંઈ છે નહિ. આથી લોહજંઘ એકદમ ગુસ્સે થઇ ગયો અને મોટે સાદે બોલ્યો; અરે જોગટાઓ, મને શિખામણ આપવાનું તમને કોણ કહે છે ? તમારી પાસે જે કાંઇ હોય તે છાનામાના મૂકી દો, નહિ તો આ ડાંગનો ઉપયોગ કરવો પડશે. છેવટે તેણે ઋષિઓને વલ્કલો, મૃગચર્મો અને દંડ કમંડળો એક કોરે મૂકવાની ફરજ પાડી. ઋષિઓ બહુજ દિલગીર થઇ અંદર અંદર વિચાર કરવા લાગ્યા કે, આ બરેબરો મૂર્ખ અને જડ માણસ છે. પણ આપણે એને સુધારવો જોઇએ. આપણા સત્સંગનું ફળ એને મળવું જોઇએ. આવી રીતે વિચાર કરીને નારદ મુનિ બોલ્યા: હે ભાઇ, અમારી પાસે જે કાંઇ છે તે તું ખુશીથી લઇ જા, પણ અમે તને એક વાત પૂછીએ છીએ તેનો તું અમને જવાબ આપ. તું આવું નિર્દય કામ શા સારૂ કરે છે ? લોહજંઘે જવાબ આપ્યો, મારા કુટુંબના ભરણપોષણ માટે હું આ કામ કરૂં છું. આ સાંભળી નારદ બોલ્યા: હે ભાઇ, આ અસાર સંસારમાં કોઈ કોઇનું સગું નથી; જે કરશે તેજ ભોગવશે. આ વાત તને જો સાચી ન લાગતી હોય તો તું તારે ઘેર જા અને તારાં માતાપિતા, સ્ત્રી વગેરેને પૂછી જો કે હું આ પાપ કર્મ કરૂં છું તેમાં તમારો ભાગ બરો કે નહિ. ઋષિની આ વાત સાંભળીને લોહજંઘનું મન જરા પીગળ્યું; અને તે ઋષિઓને ત્યાંજ ઉભા રહેવાનું કહીને પોતે ઘેર ગયો.

ઘેર જઇને પોતાનાં માત-પિતા અને સ્ત્રી-પુત્રાદિકને એકઠાં કરી તે પૂછવા લાગ્યો: હું આજ કેટલાક વખતથી લુંટ-ફાટનો ધંધો કરી તમારૂં પોષણ કરૂં છું. આ મારા પાપના કામમાં તમે પણ મારાં ભાગીદાર બરાં કે નહિ ? આ સાંભળી તેનાં માતપિતા બોલ્યાં: હે પુત્ર, અમે અનેક દુઃખ વેઠીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને મોટો કર્યો છે, તો હવે ઘડપણમાં તારે અમને પાળવાંજ જોઇએ. તું જે બરાબ કામ કરે છે એમાં અમારે કાંઇ લેવા દેવા નથી. એ તો જે કરે તેજ ભોગવે. તેની સ્ત્રી બોલી કે; હે નાથ, આપનાં માતપિતાએ જે જવાબ આપ્યો તે બરોબર છે. કર્મ કરનારાનેજ તેનાં સારાં માઠાં ફળ ભોગવવાં પડે છે; બીજાને તેમાં કાંઇ લાગે વળગે નહિ. કહેવત છે કે " કરણી તેવી પાર ઉતરણી " અને " બોદ્ધે તે પડે. " તમે શું આ વાત નથી જાણતા ?

આ ઉત્તર સાંભળીને લોહજંઘ બહુજ દિલગીર થયો અને તરતજ ઘર છોડી જંગલમાં આવીને ઋષિઓની માફી માગી તે બોલ્યો કે; હે ઋષિઓ, મેં આપને ઘણું દુઃખ આપ્યું. મારા દોષની મને ક્ષમા આપો. આપ હવે સુખેથી પધારો. મેં આજ સુધીમાં ઘણાં પાપ કર્મ કર્યા છે અને હજી પણ ઘણાં કરત; પણ આપના સત્સંગથી મારો જન્મ હવે સુધરી ગયો. હું હવે આપનેજ શરણે આવ્યો છું. ઋષિઓએ તેને બહુ ધીરજ આપી અને રામનો મંત્ર આપી તેને કહ્યું કે; અમે પાછા આવીએ ત્યાં સુધી તું અહીં બેસીને આ મંત્રનો જપ કરજે.

ઋષિઓએ આપેલા મંત્ર ઉપર શ્રદ્ધા રાખીને લોહજંઘ રાતદિવસ તેનો જપ કરવા લાગ્યો. ઘણે કાળે તે મંત્ર જપવામાં એવો તો લીન થઇ ગયો કે તેના ઉપર એક મોટો રાફડો થઇ ગયો. કેટલેક કાળે પેલા ઋષિઓ પાછા આવ્યા અને તે રાફડામાંથી " મરા, મરા " નો ઉચ્ચાર સાંભળ્યો. તેઓને પેલા લુંટારાની વાત યાદ આવી અને રાફડો ઉખેડી નાખી જોયું, તો લોહજંઘ રામ રામને બદલે મરા મરા કહેતો હતો. પછી લોહજંઘને સાવધ કરીને તેને બહુ ધન્યવાદ આપ્યો અને કહ્યું કે; " રાફડા ઉપરથી તારૂં નામ અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલ્મીકિ પાડીએ છીએ, અને આશીર્વાદ આપીએ છીએ કે તારૂં નામ જગતમાં અમર રહેશે." પછી વાલ્મીકિએ બ્રહ્માજીના કહેવાથી ચોવીશ હજાર શ્લોકવાળું રામાયણ રચ્યું, જે આજે ઘણે ઠેકાણે વંચાય છે. કહો રણછોડદાસ, તમે આમાંથી શું સાર કાઢો છો ?

રણછોડદાસ--માણસ ગમે તેવો બરાબ હોય તો પણ તે સારા માણસના સંગથી સુધરી જાય છે.

મહેતાજી—બરાબર છે. બીજું કાંઇ **મોહનલાલ** ?

મોહનલાલ—માણસ જો બરાબર પ્રયત્ન કરે તો તેને અંતે વિજય મળ્યા વિના રહેજ નહિ.

મહેતાજી—તમારી વાત પણ ઠીક છે. હવે બીજું કાંઇ **વેણીલાલ** ?

વેણીલાલ—કરે તે ભોગવે અને વાવે તે લણે. માટે આપણે દરેક કામ બહુજ વિચારીને કરવું.

મહેતાજી--શાબાશ **વેણીલાલ**. હવે કાલે આપણે બીજી વાત કહીશું.

૧૭—ભક્તિ.

ભજો ભક્ત થૈ ભાવથી, કૃપાળુ જગ કરતાર;
રૂડી દલપતરામની, સરવ કથાનો સાર.

મહેતાજી—શંકરલાલ, આજે તમારા ભાઇબંધ **મનસુખલાલ** કેમ નથી આવ્યા ?

શંકરલાલ—સાહેબ, આજે બપોરે એમને ત્યાં હરિકથા છે એટલે કામકાજમાં રોકાયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી—ઠીક, હરિકથામાં કોનું આખ્યાન થવાનું છે ?

શંકરલાલ—**નામદેવ**નું આખ્યાન ઘણું કરીને થવાનું છે.

મહેતાજી—હું પણ તમને **નામદેવ**નીજ વાત કહું તો કેમ ?

સર્વ છોકરા—હાજી, તો તો ઠીક થાય.

મહેતાજી—**નામદેવ** નામનો એક નાનો છોકરો હતો. તેનો બાપ ભક્ત હતો અને તે દરરોજ **વિઠ્ઠલનાથજી**ની પૂજાભક્તિ કરતો. પોતાના પિતાને પૂજા કરતા જોઈને તે પણ પૂજાની ઓરડી બહાર '**વિઠ્ઠલ, વિઠ્ઠલ**' એમ જપ જપતો. તેને મન તો તે મૂર્તિજ ખરા ઈશ્વર છે એમ હતું. કોઇ કોઇવાર તેને લાગ મળતો ત્યારે તે પૂજાની ઓરડીમાં પેસી જતો અને બહુ પ્રેમ અને આનંદથી તે મૂર્તિને નિહાળતો; પરંતુ તેનો બાપ **વિઠ્ઠલનાથજી**ની મૂર્તિની તેને પૂજા કરવા દેતો નહિ, તેથી તેનું મન દુભાતું. એક વખત તેનો પિતા બહારગામ જવા નીકળ્યો ત્યારે **નામદેવે** બહુજ આનંદમાં આવી જઇને તેને કહ્યું: "તમે તો હવે બહારગામ જાઓ છો, તેથી તમારી વતી **વિઠોબા**ની પૂજા હું કરીશ" તેના પિતાએ કહ્યું: "ઠીક, પણ સવારમાં દાતણ કર્યા પહેલાં તારે તો આવાનું જોઇએ છીએ. તારા જેવો નાદાન છોકરો દેવની પૂજા શી રીતે કરી શકે ? પૂજા કરવાની જો તને હોંશ હોય તો દાતણ કરી, નાહી, દેવને જમાડીને પછી તું જમજે." આમ કહીને તેનો પિતા ગયો.

આનંદમાં અને આનંદમાં **નામદેવ**ને રાત્રે ઉંઘ પણ ન આવી. તેણે રાતમાં વારંવાર ઉઠીને પોતાની માને પૂછ્યું કે; "મા પરોઢીયું થયું કે નહિ ?" "સવાર હવે ક્યારે પડશે મા ?" "હું હવે **વિઠોબા**ની પૂજા ક્યારે કરૂં ?" છેવટે સવાર પડતાં દાતણ કરીને તે નદીએ જઇ નાહી આવ્યો. પછી તેની માએ **વિઠોબા**ની મૂર્તિ નીચે ઉતારી આપી. **નામદેવે** તે મૂર્તિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરભાણામાં નવરાવી, કપડાથી સાફ કરી, આસન ઉપર બેસાડી, ફૂલ વગેરે ચડાવી પોતાની માને કહ્યું કે; " મા, હવે જલદી દૂધ લાવો. વિઠોબા નાહીને બેઠા છે અને તેમને બહુ ભૂખ લાગી છે. "

પછી તેની મા એક પ્યાલામાં દૂધ લાવ્યાં અને નામદેવને આપ્યું. નામદેવે તે વિઠોબા પાસે મૂકયું અને બોલ્યોઃ " મહારાજ, આ દૂધ પીઓ. " દેવે દૂધ પીધું નહિ. નામદેવ તો આંખો મીંચીને મનમાં 'રામ રામ' 'વિઠ્ઠલ વિઠ્ઠલ' એમ બોલવા લાગ્યો. તેને તો મનમાં ખાત્રી હતી કે મારી ભક્તિથી દેવ મારા ઉપર પ્રસન્ન થઇ જરૂર દૂધ પીશે. વચમાં વચમાં તે ધીમે રહીને આંખો ઉઘાડીને વિઠોબા દૂધ પીએ છે કે નહિ તે જોવા મંડયો. ઘણીવાર સુધી તેણે વિઠ્ઠલનો જપ કર્યો, પણ દેવે કાંઇ દૂધ પીધું નહિ. તેને રાતનો ઉજાગરો હતો અને ભૂખ પણ બ્રહ્મ લાગી હતી; તેથી કંટાળી જઇને તે રડવા લાગ્યો અને નિસાસા નાખવા મંડયો. તે બોલ્યોઃ " અરે વિઠોબા, આજે તમે મારાથી કેમ રીસાયા ? હું નાનો બાળક છું એમ ધારીને શું તમે દૂધ નથી પીતા ? આમ રોઇ રોઇને તે થાકયો અને અંતે મૂર્છા આઇને જમીન ઉપર પડયો. ઘરમાંથી તેનાં સગાં દોડી આવ્યાં અને તેના મોંપર પાણી છાંટયું. જ્યારે તેને ભાન આવ્યું ત્યારે બધાંએ તેને સમજાવ્યો કે તું દૂધ પી જા. દેવ કાંઇ દૂધ પીતા નથી. તે તો માત્ર ભાવના ભૂખ્યા હોય છે. તેમની આ વાત તેને ગોઠી નહિ અને તે તો હઠ લઇને બેઠો, કે જો વિઠોબા દૂધ નહિ પીએ તો મારે પણ આવા પીવાની કે જીવવાની દરકાર નથી. આ પ્રમાણે નિશ્ચય કરીને તે ત્યાં થોડીવાર બેઠો અને "વિઠ્ઠલ, વિઠ્ઠલ" જપવા મંડયો. અંતે ઘરમાંથી તે એક છરો લઇ આવ્યો અને પોતાના ગળા આગળ ધરી તે બોલ્યોઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" વિઠોબા, આ દૂધ નહિ પીઓ તો હું મરૂં છું. " છરો ગળા આગળ લીધો કે તરતજ વિઠોબાએ દર્શન દીધાં અને દૂધ પીવા લાગ્યા. આથી આનંદમાં આવી જઇને તે કૂદવા તથા નાચવા લાગ્યો અને પ્રભુને પગે પડયો. પછી પ્રભુ ત્યાંથી અદૃશ્ય થઇ ગયા; અને તે પોતાની મા પાસે ગયો અને બધી વાત કહી દેખાડી. હીરાલાલ તમે આ વાતમાંથી શું સાર લો છો?

હીરાલાલ—માણસ જો બરાબર મહેનત કરે તો તેનું ધારેલું કામ સફળ થયા વિના રહેજ નહિ.

મહેતાજી—બરાબર છે. તમે બધા પણ જો પાઠ બરાબર મહેનતથી કરો તો કદિ પાસ થયા વગર નજ રહો. બીજું કાંઇ વેણીલાલ?

વેણીલાલ—નામદેવની માએ તેને નાહિંમત કર્યો; છતાં પણ તેણે તો હિંમત રાખી કામ કર્યું. તેમ આપણને પણ કોઇ નાહિંમત બનાવે, તો તે ઉપર ધ્યાન ન આપતાં હિંમતથી કામ કરવું.

મહેતાજી—ઘણુંજ સરસ. જુઓ, એક કહેવતમાં પણ કહ્યું છે કે, ' હિંમતે મર્દા, મદદે ખુદા. ' એટલે કે માણસ જો હિંમતથી કામ કરે તો ખુદા એટલે કે પરમેશ્વર તેને મદદ કરેજ. આપણામાં પણ એક આવીજ કહેવત છે. તમે તે જાણો છો છોટાલાલ?

છોટાલાલ—ના જી, મને ખબર નથી.

મહેતાજી—જે જાણતા હો તે ઉભા થઇ બોલો.

શંકરલાલ—"મનુષ્યયત્ન, ઇશ્વરકૃપા."

મહેતાજી—શાબાશ, શંકરલાલ શાબાશ. બીજું કાંઇ રહી જાય છે, છગનલાલ.

છગનલાલ—હા જી. પ્રભુ કેવળ ભાવનાનાજ ભૂખ્યા છે, તે પણ આ વાત ઉપરથી જણાઇ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી—તમારૂં કહેવું ખરૂં છે. પ્રભુને તમે ભાવ વિના લાડવા, લાપશી, દૂધપાક વગેરે મિષ્ટાન્ન આપો તેના કરતાં ભાવથી દાળ, ભાત, ખીચડી, દૂધ કે તુળસીનું પાંદડું પણ આપો તો તેથી તે પ્રસન્ન થાય છે. ભાવથી થોડું પણ આપ્યું હોય તો તેનું ફળ કેટલું મળે છે, તે ઉપર કાલે આપણે એક બ્રાહ્મણની વાત કહીશું.

૧૮—મેમાનગતી.

આવ નહીં આદર નહીં, નહીં નેનનમેં નેહ;
તુલસી તહાં ન જાઇએ, કંચન વરસે મેહ.
આવ હોય આદર હોય, હોય નેનનમેં નેહ;
તુલસી વા ઘર જાઇએ, ભાલા વરસે મેહ.

મહેતાજી—મનસુખલાલ, કાલે કેમ નહોતા આવ્યા ?

મનસુખ૦—સાહેબ, કાલે મારે ત્યાં હરિકથા હતી તેથી નહોતો આવ્યો.

મહેતાજી—શેની કથા હતી ?

મનસુખ૦—નામદેવજીની હતી.

મહેતાજી—અમે પણ કાલે અહીંઆં એજ વાત કરી હતી. રણછોડદાસ, આજે આપણે કયી વાત કહેવાના છીએ ?

રણછોડ૦—સાહેબ, કાલે આપે કહ્યું હતું કે એક બ્રાહ્મણની વાત કહીશું.

મહેતાજી—હા, હા, આજે આપણે એક બ્રાહ્મણ અને તેના મેમાનની વાત કહેવાના છીએ.

મગનલાલ એકદમ ઉભા થઇને ગભરાતા બોલ્યા: સાહેબ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી--કેમ **મગ**નલાલ, આમ ગભરાએા છેા શું કામ ?

મગન૦--સાહેબ, આજે મારા મામા **જુ**નાગઢથી આવવાના છે અને મારે તેમને તેડવા જવું હતું તે હું ભૂલી ગયેા હતેા; પણ આપે મેમાનની વાત કાઢી એટલે મને યાદ આવ્યું. આપ રજા આપેા તેા હું સ્ટેશને જઉં.

મહેતાજી--ભલે, ખુશીથી જાએા. હજી ગાડી આવવાને લગભગ દશ મિનિટની વાર છે. જાએા ઝટ પહેાંચેા અને મેમાનની મેમાનગતી કરેા. હવે આપણે આપણી વાત ચલાવીએ.

યુધિષ્ઠિરનું નામ તેા તમે સાંભળ્યું છે. તેમણે એક વખત મેાટેા યજ્ઞ કર્યેા હતેા. તે યજ્ઞની ક્રિયામાં તમામ સેાનાનાં વાસણેા વાપર્યા હતાં. ત્યાં જે મંડપ બાંધવામાં આવ્યેા હતેા તે બહુ સુશેાભિત હતેા. મંડપની અંદરના થાંભલા સાવ સેાનાના હતા અને તેની ચારે તરફ રેશમી કપડાં તથા ઝીનાંબાણના પડદા ટાંગવામાં આવ્યા હતા. યજ્ઞમાં નેાતરેલા બ્રાહ્મણેા વગેરેને જેાઇએ તેટલું ધન તથા રત્નેા આપવામાં આવતાં હતાં. કેમ **સેા**મનાથ, તમે તે વખતે હેાત તેા કેવી મજા પડત ?

સેામનાથ--હા જી, તેા તેા બહુ ભેગું કરત અને ખૂબ મઝા ઉડાવત ?

મહેતાજી--ભાઇ **સેા**મનાથ, એ વખતના બ્રાહ્મણેા કે સાધુ-સંતેા કાંઇ આજના જેવા લેાભીઆ નહેાતા. તેએા તેા પૈસાથી દૂરજ રહેતા હતા. હવે આપણી વાત ઉપર આવીએ. આપણે કયાં સુધી વાત કરી ગયા **માધ**વલાલ ?

માધવલાલ--યજ્ઞમાં નેાતરેલાઓને જેટલું જેાઇએ તેટલું દાન અપાતું હતું, ત્યાં સુધી.

મહેતાજી--બરાબર. તે યજ્ઞમાં એક નેાળીએા આવ્યેા. તેનું સ્વરૂપ બહુ વિચિત્ર હતું. તેના શરીરનેા અર્ધેા ભાગ સેાનેરી રંગનેા હતેા અને બીજો અર્ધેા ભાગ નેાળીઆનેા હેાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તેવો હતો. ચારેકોર જોઈને તેણે પોતાનું ડોકું ધુણાવવાથી બધા બહુ વિસ્મય પામ્યા અને તેની સામું જોઈ રહ્યા. પછી તે માણસ જેવી વાણીથી બોલ્યો: "હે રાજાઓ અને સભાજનો; હું મારૂં માથું ધુણાવું છું તે જોઈને તમને બધાને નવાઈ લાગે છે; તો તેનું કારણ સાંભળો. મેં આ તમારો યજ્ઞ જોયો, મંડપની શોભા પણ જોઈ અને તમે દાન આપો છો તે પણ જોયાં; પણ એક ગરીબ બ્રાહ્મણે પોતાને ત્યાં આવેલા મેમાનને જવનો થોડોક લોટ આપીને જે યજ્ઞ કર્યો હતો તે યજ્ઞની આગળ આ તમારો યજ્ઞ કાંઈ નથી." આથી અચંબો પામીને ધર્મરાજાએ કહ્યું કે; "ભાઇ, મહેરબાની કરીને તે બ્રાહ્મણની તથા તેના યજ્ઞની હકીકત અમને કહી દેખાડ." પછી નોળીઆએ તે વાત નીચે પ્રમાણે કહી.

પૂર્વે એક બ્રાહ્મણ હતો. બજારમાં, શેરીમાં કે ખેતરોમાં જે દાણા પડી ગયા હોય તે એકઠા કરવા અને તેમાંથીજ પોતાનું તથા પોતાના કુટુંબનું ગુજરાન ચલાવવું એવો તેનો નિયમ હતો. આવા નિયમથી તે માંડ માંડ બે ત્રણ શેંટલા થાય તેટલા દાણા ભેગા કરી શકતો; અને જે આવતું તે સરખે ભાગે પોતે, પોતાની સ્ત્રી, પોતાનો પુત્ર અને પુત્રની વહુ, એ ચારે ખાઈ લેતાં. એક વખત ભારે દુકાળ પડયો. ખેતરોમાં ધાન્ય ઝાઝું પાકેલું નહિ અને અસલના વખતમાં રેલવે નહિ; એટલે પરદેશથી પણ દાણા ન આવે, તેથી લોકો બહુ હેરાન થતા. તેમાં પણ પેલા બ્રાહ્મણને તો બહુજ ઓછા દાણા જડતા. આથી તેને અને તેના કુટુંબને ચારપાંચ દિવસે એક વાર માંડમાંડ જમવાનું મળતું: તેઓનાં શરીર સુકાઈને હાડપિંજર જેવાં થઇ ગયાં. એક દિવસે તે બ્રાહ્મણ થોડા જવ વીણી લાવ્યો. તેની સ્ત્રીએ તેનો લોટ કર્યો અને પછી તે સરખે ભાગે વહેંચી ચારે જણાં ખાવા જાય છે, તેટલામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈએ બહારથી બારણાની સાંકળ ખખડાવી. તે સાંભળી બ્રાહ્મણ ઉભો થયો અને ઉઘાડીને જુએ છે તો બારણે એક બ્રાહ્મણને ઉભેલો દીઠો. બહાર ઉભેલા બ્રાહ્મણે કહ્યું: "ભિક્ષા આપો." એટલે ઘરધણી તે મેમાનને ઘરમાં લઇ આવ્યો અને તેને પગ ધોવા પાણી તથા બેસવાને આસન આપી પોતાના ભાગનો લોટ તેની પાસે મૂકયો અને કહ્યું: "મહારાજ, કૃપા કરીને આ ગરીબની આટલી મેમાનગતી કબૂલ રાખો." તે તે ખાઇ ગયો; પણ તેટલાથી તેની ભૂખ મટી નહિ હોય એમ તેના ચહેરા ઉપરથી માલમ પડયું; તેથી બ્રાહ્મણની સ્ત્રીએ પોતાના પતિને કહ્યું કે, "આપ આ મારો ભાગ પણ મેમાનને આપો." પોતાની સ્ત્રીના હાડપિંજર જેવા થઇ ગયેલા શરીર સામું જોઈને તે બોલ્યો: "હે સ્ત્રી, નબળાઇથી તારૂં શરીર ધ્રૂજે છે, માટે આ તારો ભાગ તુંજ ખા; નહિ તો તારો દેહ ટકશે નહિ અને ઘરની પાયમાલી થશે." સ્ત્રીએ કાલાવાલા કરી કહ્યું: "હે નાથ, મારૂં તો જે થવાનું હશે તે થશે, પણ આંગણે આવેલા અતિથિનો સત્કાર કરવો તે આપણો ધર્મ છે. હું ખાઉં તેના કરતાં તે ખાશે તેથી મને બહુ આનંદ થશે; માટે કૃપા કરીને તે ભાગ તેને આપો." આથી તે બ્રાહ્મણે નિસાસો નાખીને તે ભાગ પેલા મેમાનને આપ્યો. પરંતુ હજી પણ તેની ભૂખ મટી હોય એમ લાગ્યું નહિ, તેથી તે બ્રાહ્મણનો પુત્ર પોતાનો ભાગ લઇને તેના પિતા પાસે આવ્યો અને વિનંતી કરી કે; "પિતાજી, આ મારો ભાગ પણ મેમાનને આપો." પોતાના પુત્રનું સુકાઈ ગયેલું શરીર જોઈને તે બોલ્યો: "બાપુ, આટલું પણ જો તું નહિ ખાય, તો તું કે જે મારા ઘડપણનો ટેકો છે તેના પ્રાણ કેમ ટકશે?" પુત્રે જવાબ આપ્યો: "પિતાજી, મેં આપનાજ મુખથી સાંભળેલું છે કે અતિથિ છે તે દેવ બરાબર છે; માટે આપણી પાસે જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઇ હોય તે વડે તેમનો સત્કાર કરવો જોઇએ. અત્યારે આપણી પાસે આ થોડા લોટ સિવાય બીજું કાંઇ નથી. આપ જો તે નહિ આપો તો મારા જેવો બીજો હીનભાગી કોણ ?" પુત્રનું મન કચવાતું જોઇને તેણે તે ભાગ પણ મેમાનને આપ્યો; પરંતુ એટલાથી પણ તે ધરાયો નહિ. ભુખ્યા માણસને નાના કોળીયા શા લેખામાં ? પછી પુત્રની વહુ પોતાનો ભાગ લઇને પોતાના સસરા પાસે આવી અને બોલી: "કૃપા કરીને આ મારો ભાગ લઇને મેમાનને આપો અને મને પણ ભાગ્યશાળી બનાવો." બ્રાહ્મણ બોલ્યો: " તમારી ઉમ્મર હજી નાની છે અને તમે હજી દુઃખ વેઠયાં નથી; માટે તમારૂં દુઃખ મારાથી નહિ જોઇ શકાય; માટે તમારો ભાગ તમે ખાઇને સુખી થાઓ. " આ સાંભળીને વહુ બોલી: " સસરાજી, મેમાનની સેવાનો લાભ તો જેનાં ભાગ્ય હોય તેનેજ મળે છે, માટે મને પણ આવા સારા કામનો લાભ લેવા દો. આવી શુભ તક કાંઇ વારંવાર મળતી નથી." વહુનાં આવાં વચન સાંભળીને તે બ્રાહ્મણથી ના કહેવાઇ નહિ. પછી તેણે તે ભાગ પણ મેમાનને આપ્યો. મેમાન તે ખાઇ ગયો. પછી તે ઉભો થયો એટલે ત્યાં ઝળઝળાટ પ્રકાશ થઇ રહ્યો; અને મેમાનનું શરીર બહુ શોભી રહ્યું. કારણ કે તે મેમાન ધર્મરાજા પોતેજ હતા. પછી તેમણે તેઓને આશીર્વાદ આપી કહ્યું કે; " તમે મારી જે મેમાનગતી કરી છે તે જોઇને હું બહુજ સંતોષ પામ્યો છું; અને હું તમને બહુજ ધન્યવાદ આપું છું. હવે તમે મારી સાથે સુખેથી સ્વર્ગમાં ચાલો. " પછી તે બધાં સ્વર્ગમાં ગયાં. જે જગ્યાએ એમાંનો જવનો થોડો લોટ વેરાયો હતો, ત્યાં હું આળોટયો એટલે આ મારૂં અર્ધું શરીર સોનાના રંગનું થઇ ગયું. મેમાનગતીનાં કેવાં ચમત્કારી ફળ છે તે જુઓ. " હે રાજા, હવે આ મારૂં બાકીનું શરીર એવા રંગનું થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા હેતુથી હું બીજે જ્યાં જ્યાં યજ્ઞ થાય છે ત્યાં ત્યાં જાઉં છું; પણ હજી સુધી એવો ચમત્કારિક યજ્ઞ મેં કયાંય જોયો નથી. તેં તારા યજ્ઞમાં ભલે પુષ્કળ સોનાનું અને રત્નોનું દાન આપ્યું; પણ પેલા બ્રાહ્મણના યજ્ઞની આગળ તારો યજ્ઞ હિસાબમાં નથી." આ વાતથી સૌ બહુ અચંબો પામ્યા અને પછી પેલો નોળીઓ ત્યાંથી ચાલ્યો ગયો. મેમાનગતીનો ચમત્કાર તમે બધાએ સાંભળ્યો ને?

સર્વ છોકરાઓ—હા જી.

મહેતાજી—હવે આ વાતનો સાર શું **મથુરદાસ**?

મથુરદાસ—આપણે ત્યાં કોઇ મેમાન આવે તેની સારી રીતે મેમાનગતી કરવી.

મહેતાજી—બરાબર. મેમાનગતી કાંઇ પૈસાથીજ કે બાલી વિવેકભરેલાં વચનોથીજ થતી નથી; પણ ખરી મેમાનગતી તો હૃદયથીજ થાય છે. અસલના વખતમાં લોકો પરગામ જતા ત્યારે માંડ માંડ પંદર વીસ દિવસે તેમને ત્યાંથી નીકળવા દેતા, અને વળી જમવામાં દરરોજ મિષ્ટાન્ન પીરસાતાં. હાલ મેમાનગતીમાં શું રહ્યું છે તે તમને ખબર છે, **પરભુદાસ**?

પરભુદાસ—સાહેબ, દાળ, ભાત, રોટલી અને શાક.

મહેતાજી—નહિ, ભાઇ નહિ, એટલું હોત તો તો સારૂંને! તમે કહેશો, **છોટાલાલ**?

છોટાલાલ—હા જી. હાલ તો મેમાનગતીમાં પાન, તમાકુ, બીડી, ચા, સોપારી, એવીજ વસ્તુઓ આપીને સાહેબ સલામ કરાય છે.

મહેતાજી—શાબાશ. **છોટાલાલે** જે કહ્યું તે બરાબર ખરૂ છે. સમજુ લોકોએ અને આપણા ધર્મ ગ્રંથોએ એવી વસ્તુઓને રત્નેગુણી ગણેલી છે. વળી કેટલાક માણસો તો મેમાનોને માત્ર એટલુંજ પૂછે છે કે ક્યારે આવ્યા અને ક્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જશો ! તમારે કોઇએ એમ ન વર્તવું, સમજ્યા કે ભાઇ ? આપણે ત્યાં મેમાન આવે તેને આપણે સત્કાર તથા આસન આપી બેસાડવો અને નમ્ર વાણીથી અબર અંતર પૂછી તેને જમાડવાની તૈયારી કરાવવી. આટલું તો આપણે થોડે અર્થે કરી શકીએ; માટે તેટલી વાત તો આજ કરવી—કરવી ને કરવીજ.

છગીલદાસ—સાહેબ, મારે ચાર પાંચ દિવસની રજા જોઇએ છીએ.

મહેતાજી—શું, કોઇના લગ્નમાં બહારગામ જવું છે ?

છગીલદાસ— ના જી, લગ્નમાં મારે **લીં**બડી જવાનું હતું; પણ મારા બાપની આંખનો મોતીયો કાલે ઉતરાવવાનો છે તેથી હું જવાનો નથી. મારે તેમની પાસે રહેવું પડશે, તેથી હું નિશાળે નહિ આવી શકું.

મહેતાજી—કાંઇ હરકત નહિ. તમે તમારા પિતાની ખાતર લગ્નની મોજમજા છોડી દીધી તે બહુજ સારૂં કર્યું. કાલે આપણે પિતૃભક્તિ ઉપર **ભી**ષ્મની વાત કહીશું.

૧૯—પિતૃભક્તિ—ભાગ ૧ લો.

મહેતાજી—પ્રાણજીવનદાસ, કાલે નિશાળેથી છુટ્યા પછી તમારી શેરી પાસે ' હો હો ' શું થતું હતું ?

પ્રાણજીવન—સાહેબ, એ તો એક સુરદાસ જતો હતો, તે વખતે બીજી અંગ્રેજી નિશાળના કેટલાક વિદ્યાર્થીઓ ત્યાં થઇને જતા હતા. તેમને સુરદાસે પૂછ્યું કે; "ભાઇ, સ્ટેશન ઉપર જવાનો રસ્તો કયો ?" "ત્યારે તેઓએ તેને કહ્યું કે, સીધાને સીધા ચાલ્યા જાઓ." તેનાથી સીધે આવે ભીંત હતી, તેથી તે બિચારો સીધો ચાલ્યો કે ભીંત સાથે અથડાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી તે બધા હસવા લાગ્યા અને તેની મશ્કરી કરવા લાગ્યા. તેટલામાં હું ત્યાં જઇ ચડ્યો અને આ બધી હકીકત જાણી. પછી હું તે સુરદાસને દોરતો હતો ત્યારે બધા 'હો હો' કરવા લાગ્યા; પણ તેનાથી નહિ ડરતાં હું તો મારે રસ્તે ચાલ્યો અને સુરદાસને સ્ટેશને પહોંચાડી આવ્યો.

મહેતાજી—શાબાશ પ્રાણજીવનદાસ, તમે બહુજ સારૂં કામ કર્યું.

પ્રાણજીવન—સાહેબ, એ તો બધું આપના બોધથી છે.

મહેતાજી—બોધ તો ભાઇ બધા સાંભળે છે, પણ તે પ્રમાણે વર્તવાવાળા કયાં છે? હવે કાલે મેં તમને કહ્યું હતું તે પ્રમાણે હું તમને આજ ભીષ્મની વાત કહું છું. આ વાત બહુજ સરસ છે અને તે ઉપરથી આપણે ઘણો બોધ લેવાનો છે; માટે તમે બહુજ ધ્યાનથી તે સાંભળજો અને ભીષ્મ જેવા થવા પ્રયત્ન કરજો. પ્રતીપ કરીને એક રાજા હતા. તે પુત્રને વાસ્તે તપ કરતા હતા. ઘણાં વર્ષ તપ કર્યા પછી તેમને એક પુત્ર થયો. તેનું નામ શાંતનુ પાડયું. શાંતનુ જુવાન થયો ત્યારે એક વખત તેના પિતાએ તેને કહ્યું: "હે પુત્ર, થોડા વખત ઉપર એક કુમારિકા મારી પાસે આવી હતી, તે તને વરવા આવનાર છે; માટે તે આવે ત્યારે તેને તારી સ્ત્રી તરીકે તું કબૂલ રાખજે. તે કોણ છે, કોની પુત્રી છે અને કયાંથી આવે છે તે વિષે તારે પડપૂછ કરવી નહિ; ફક્ત મારી આજ્ઞા પ્રમાણે તું તેને પરણજે." પછી પ્રતીપ રાજા શાંતનુને રાજ્ય સોંપીને વનમાં તપ કરવા ગયા અને શાંતનુ સુખે રાજ કરવા લાગ્યો.

એક દિવસ શાંતનુ ગંગા નદીના તટ ઉપર ફરતો હતો, તેવામાં એક સુંદર કન્યા તેના જોવામાં આવી. આ કન્યા ઉપર તે મોહી પડયો અને તેથી તેની સાથે પરણવા તેણે માગણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી. તે કન્યા ગંગાજી પોતે હતાં. તેણે કહ્યું: "હું જે કાંઇ કરું તેમાં તમે વચ્ચે ન પડો અને મને ન ગમે એવું કાંઇ ન કરો તોજ હું તમને પરણું. વળી આ મારી સરત પ્રમાણે જ્યાં સુધી તમે વર્તશો ત્યાં સુધીજ હું તમારે ત્યાં રહીશ; મારા કામની વચ્ચે આવશો અથવા મને કાંઇ અપ્રિય વચન કહેશો તો હું તરતજ તમારો ત્યાગ કરીને જતી રહીશ." રાજાએ તે વાત કબૂલ રાખી. પછી તેઓનાં લગ્ન થયાં. થોડા સમય પછી તેમને એક બાળક થયું. તે બાળકને ગંગાજીએ નદીમાં નાંખી દીધું અને રાજાને કહ્યું કે; "તમારા ભલા વાસ્તે મેં આમ કર્યું છે." આ પ્રમાણે ગંગાજીએ બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા બાળકને પણ નદીમાં નાખી દીધું. આથી શાંતનુ રાજાને ઘણું દુઃખ થયું. તેને ગંગાજીની આવી રીત-ભાત પસંદ પડી નહિ; પણ હું જો કાંઇ કહીશ તો તે જતી રહેશે એમ જાણીને તે કાંઇ બોલ્યા નહિ. પછી જ્યારે આઠમું બાળક અવતર્યું અને હસતાં હસતાં ગંગાજી તેને નદીમાં નાખી દેવાની તૈયારી કરતાં હતાં; ત્યારે તે બાળકને બચાવી લેવાની ઇચ્છાથી દિલગીર થએલા રાજાએ તેને કહ્યું:– "હે સ્ત્રી, તું કોણ છે? કોની પુત્રી છે? અને શા માટે તું તારાં બાળકોને નદીમાં નાખી દે છે? પુત્રોનો નાશ કરવાવાળી હે સ્ત્રી, તારા પાપનો ભાર હવે ઘણો મોટો થયો છે." ગંગા-જીએ જવાબ આપ્યો: "હે રાજા, તમારા આ બાળકને હું મારીશ નહિ; પણ આપણી સરત પ્રમાણે મારે તમારી સાથે રહેવાનો વખત હવે પૂરો થયો છે. હું જહ્નુ રાજાની પુત્રી ગંગા છું. આઠ વસુઓએ એક મહાન ઋષિની નન્દિની નામની ગાય ચોરી હતી. તે વસુઓમાં ખરો ચોર તો દ્યૌ નામનો વસુ હતો. ઋષિ બહુ ગુસ્સે થયા અને આઠે વસુઓને શાપ આપ્યો કે; "તમે પૃથ્વી ઉપર અવતરો અને ત્યાં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપનું ફળ ભોગવો. " બધા વસુઓએ ઋષિની ક્ષમા માગી એટલે ઋષિએ કહ્યું કે, દ્યૌ સિવાયના તમે સર્વ તમારા જન્મ પછી એક વર્ષમાં મનુષ્ય લોકમાંથી મુક્ત થશો; પણ આ દ્યૌને તો ઘણાં વર્ષ સુધી પોતાના પાપનું ફળ ભોગવવા પૃથ્વી ઉપર રહેવું પડશે. પછી તે આઠ વસુઓ મારી પાસે આવ્યા અને મને વિનંતિ કરી કે; " તમે પૃથ્વી ઉપર સ્ત્રી રૂપે અવતરો ત્યારે તમારા ઉદરથી અમને જન્મ લેવા દેજો; અને જન્મતાંજ અમને નદીમાં નાંખી દઇને શાપથી મુક્ત કરજો. " હે રાજા, આ લોકમાંથી તેમને છેડાવવા માટે મેં તેમને નદીમાં નાખી દીધા છે. ઋષિના શાપથી તમારો પુત્ર આ દ્યૌ એકલોજ પૃથ્વી ઉપર ઘણા કાળ સુધી રહેશે. " આટલાં વચન કહીને દેવી ગંગા પોતાના આઠમા વસુ દ્યૌ કે જે દેવ-વ્રતના નામથી પ્રસિદ્ધ થયા તેને લઇને અંતર્ધ્યાન થઇ ગયા.

દેવવ્રત જ્યારે જુવાનીમાં આવ્યો ત્યારે તેને જ્ઞાન, શસ્ત્ર-વિદ્યા તથા બીજી ઘણી વિદ્યા શીખવીને ગંગા શાંતનુ રાજા પાસે લાવ્યાં; અને તેને સોંપીને પોતે ત્યાંથી ચાલતાં થયાં. આ પુત્ર ઘણો પરાક્રમી અને બળવાન હતો. વળી તેનામાં પિતૃભક્તિ એટલે કે પિતા તરફની ભક્તિ ઘણી હતી. તે તેણે કેવી અસરકારક રીતે બજાવી તે હવે આપણે જોઇએ.

એક દિવસ શાંતનુ રાજા યમુના નદીના તટ ઉપર ફરતા હતા; તેવામાં તેણે એક અતિ સ્વરૂપવાન કન્યા જોઈ અને તેની સાથે પરણવા ઇચ્છા કરી. તે એક રાજાની પુત્રી હતી, પણ એક મચ્છીમારને મળી હતી અને તેણે તેને ઉછે-રીને મોટી કરી હતી; તેથી લોકો તેને મચ્છીમારની પુત્રી તરીકે ઓળખતા હતા. રાજા તે મચ્છીમાર પાસે ગયો અને પોતાની ઇચ્છા જણાવી. મચ્છીમારે કહ્યું: " હે રાજા, આ મારી પુત્રીથી તમને જે પુત્ર થાય, તેને જો તમે રાજગાદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોંપો તોજ હું આ મારી પુત્રીનું લગ્ન તમારી સાથે કરું; નહિ તો નહિ." તેની આ માગણી રાજાએ કબૂલ રાખી નહિ, કારણ કે પોતાના પુત્ર દેવવ્રતનો હક રાજગાદી ઉપરથી કાઢી નાખવા તેમની ઇચ્છા નહોતી. દિલગીર થઈને રાજા શાંતનુ પોતાના રાજ્યમાં પાછો આવ્યો; પણ ચિંતાથી તેનું શરીર બહુ લેવાવા માંડયું. તે જોઈને દેવવ્રત તેમને પૂછયું કે; "હે પિતાજી, આપનું શરીર હમણાં કેમ લેવાતું જાય છે? આપને શાની ચિંતા છે? આપ કૃપા કરી મને કહો, હું આપની ખાતર મારો પ્રાણ આપવા પણ તૈયાર છું." દેવવ્રતે આમ પૂછયું છતાં 'મને કાંઇ નથી' એમ કહીને રાજાએ વાત ઉડાવી દીધી. પછી દેવવ્રત એક વૃદ્ધ અને ડાહ્યા કારભારીની પાસે ગયો અને આ બાબત સંબંધી તેની સલાહ લીધી. કારભારીએ મચ્છીમારની પુત્રી સંબંધી બધી વાત કહી દેખાડી; તેથી દેવવ્રત પોતાની સાથે કેટલાક મિત્રોને લઈને મચ્છીમાર પાસે ગયો. પછી શું થયું તે કાલે કહીશું.

મણિલાલ—સાહેબ, આમ અધુરી વાત રાખો તેથી તો બરાબર રસ આવ્યો છે તે ચાલ્યો જશે.

મહેતાજી—ભાઇ, રસ ચાલ્યો જાય તો ભલે, પણ આપણે તો નિયમસર ચાલવું જોઇએ.

નરોત્તમ—સાહેબ, હજી એ ત્રણ મિનિટની વાર છે, માટે થોડી વાર્તા આગળ ચલાવો તો ઠીક.

મહેતાજી—નહિ, ભાઇ નહિ; હજી આપણે પૂછવાનું બાકી છે. વળી જુઓ, પ્રભુને ત્યાં પણ બધું કામ નિયમસર થાય છે. સૂર્ય પણ નિયમસર ઉગે છે અને આથમે છે. ચંદ્ર પણ નિયમસર મોટો મોટો થતો જાય છે અને પાછો ઘટતો જાય છે. સમુદ્રમાં પણ નિયમસર ભરતી-ઓટ થાય છે. ઋતુ પણ નિયમસર આવે છે. પહેલો શીયાળો, પછી ઉનાળો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પછી ચોમાસું. ઝાડને પણ ફળ નિયમસર આવે છે. જુઓ આપણે પણ નિયમસર પ્રાર્થના કરીએ છીએ અને પછી નિયમસર બધા પાઠો વખતપત્રક પ્રમાણે લેવાય છે. દરબારી અને સરકારી ઑફીસો પણ વખતસર ઉઘડે છે અને બંધ થાય છે. રેલ્વે પણ વખતસર જાય છે અને આવે છે. ટપાલના કાગળો પણ વખતસર જાય છે અને આવે છે. આ બધું જો વખતસર ન થાય તો બહુજ ગોટાળો થઇ જાય; માટે દરેક કામ વખતસરજ થવું જોઇએ. ભોલા મથુરદાસ, તમે આમાંથી શું સાર લીધો ?

મથુરદાસ—સાહેબ, મેં તો એટલો સાર લીધો કે શાંતનુ રાજાની પેઠે કોઇવાર સરત કરીને બાયડી ન પરણવી; નહિ તો શાંતનુ જેવા હાલ થાય.

(બધા છોકરાઓ ખડખડ હસે છે.)

મહેતાજી—વાહવા વાહવા મથુરદાસ, તમે ઠીક મજા કરાવો છો હો ! નાનાલાલ, તમે કાંઇ સાર કહેશો ?

નાનાલાલ—જી હા. દેવોએ ચોરી કરી તો તેઓને પણ તે કામનું ફળ ભોગવવું પડયું; માટે કોઇ દિવસ એવું ચોરીનું કામ ન કરવું.

મહેતાજી—બીજું કાંઇ મોહનલાલ ?

મોહનલાલ—આપણા પિતા કે માતા દિલગીર હોય તો તેઓનાં દુઃખ દૂર કરવા આપણે બને તેટલી મહેનત કરવી જોઇએ.

મહેતાજી—શાબાશ મોહનલાલ, તમારી વાત ખરી છે; પણ તમારામાંથી કેટલાક તો એવી રીતભાત રાખે છે કે તેથી તેઓનાં માબાપ દિલગીર થાય. કેટલાક તો પોતાનાં માબાપને નજીવી બાબતમાં કનડે છે. નવી જાતની ટોપી દેખે તો કહેશે કે તેવી અપાવો. નવી જાતના જોડા જુએ તો કહેશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તે પણ અપાવો. નવી જાતનાં અમીસ, નવી જાતની છત્રી વગેરે ઘણી નકામી ચીજોનો તેમને અરચ કરાવી હેરાન કરે છે. માટે એમ ન કરતાં દેવવ્રતની પેઠે તેમના દુઃખમાં ભાગ લેવો અને બને તેટલાં તેમને રાજી રાખવાં. એ વિષે કાલે વળી તમે વધારે જાણશો.

૨૦—પિતૃભક્તિ—ભાગ ૨ જો.

તીરથ સ્વરૂપ માત, તાત આદિ મોટેરાંનાં;
કહ્યાંને પૂરણ પ્રેમે, પાળતાં ન લાજજે.
બીજે પ્રેમ ભલે પણ, ખરો પ્રેમ તેના સમ;
જગતે ન જડનારો, નક્કી કરી માનજે.

મહેતાજી—કહો, હિંમતલાલ, કાલે આપણે કયાં સુધી વાત કરી હતી ?

હિંમતલાલ—કારભારીની સલાહ લઇને દેવવ્રત પોતાના મિત્રોને લઇને મચ્છીમાર પાસે ગયો ત્યાં સુધી આપ કહી ગયા હતા.

મહેતાજી—બરાબર, હવે આપણે આગળ ચાલીએ.

તેટલામાં ત્યાં એક ડોશી આવી અને કહ્યું કે, માસ્તર સાહેબ, આ વલ્લભરામને જમવા મોકલોને! હું હેમચંદ શેઠને ત્યાં દાળ વાટવા ગઇ હતી તેથી જરા મોડું થયું; અને ઘેર આવી એટલે વલ્લભરામે પેંડા લેવા ચાર પૈસા માગ્યા. મેં કહ્યું કે ભાઇ, હમણાં રોટલો કરી દઉં તે ખાઇને જા. મારી પાસે હમણાં પૈસા નથી. પછી વલ્લભરામ મને ગાળો દઇને ભાગી આવ્યો છે.

મહેતાજી—કેમ વલ્લભરામ,અહીં જે વાર્તા કહીએ છીએ, તે ઉપરથી બોધ તો આવોજ લ્યો છો ને ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલ્લભરામ—સાહેબ, મારી બહુ ભૂલ થઈ ગઇ. હવેથી કોઇ દિવસ એવું નહિ કરું.

મહેતાજી—તમારી માતાની માફી માગો અને ઘેર જઇને જમી આવો. (વલ્લભરામ માફી માગી જમવા જાય છે.) જુઓ ભાઇ, તમે બધા વલ્લભરામ જેવા થતા નહિ. હવે આપણે આપણી વાત આગળ ચલાવીએ. મચ્છીમારની પાસે જઇને તેની પુત્રી સત્યવતીનાં લગ્ન પોતાના પિતા સાથે કરવા દેવવ્રતે માગણી કરી. મચ્છીમાર બોલ્યોઃ "હે રાજકુમાર, તમારા ઘરડા પિતા બહુ કાળ હવે જીવશે નહિ. માટે તમારી ઇચ્છા હોય તો આ મારી પુત્રીનાં લગ્ન હું તમારી સાથે કરું. કેમકે તમે લાયક ઉમ્મરના છો." દેવવ્રતે જવાબ આપ્યોઃ "સત્યવતી સાથે લગ્ન કરવાની મારા પિતાની ઇચ્છા થઇ તેથી તે તો મારી માતા થઇ ચૂકી. જો તને રાજગાદી માટેજ વાંધો હોય તો આ બધાંના દેખતાં હું પ્રતિજ્ઞા કરું છું કે, આ સત્યવતીને જે પુત્ર થશે તેનેજ હું રાજગાદી આપીશ." આવી રીતે પિતાની ઇચ્છા ખાતર તેણે રાજગાદી ઉપરનો પોતાનો હક છોડી દીધો. જુઓ ભાઇઓ, કેટલી બધી મોટાઇ અને કેટલું બધું ઉદારપણું ! પરંતુ આટલું કર્યું છતાં મચ્છીમારને સંતોષ ન થયો. વકીલની પેઠે વાંધો કાઢીને તે બોલ્યોઃ "હે દેવવ્રત, તું તો કદાચ તારું વચન પાળે, પણ તને જે પુત્ર થાય, તે પોતાના બળથી મારી પુત્રીના પુત્રને ગાદીએથી ઉઠાડી મૂકે તો ?" તેની આવી શંકા જોઇને પિતાનું પ્રિય કરનાર પુત્રે જે કહ્યું તે સાંભળો. દેવવ્રત બોલ્યોઃ "હે ભાઇ, મારા પુત્રો તારી પુત્રીના પુત્ર પાસેથી રાજગાદી લઇ લે એમ તને બીક છે; તો હું એવી પ્રતિજ્ઞા કરું છું કે મારે બીલકુલ પરણવુંજ નહિ." દેવવ્રતે પોતાના પિતાને રાજી કરવાને પોતાનાં સર્વ સુખનો આ પ્રમાણે ભોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યો; તેથી તેના ઉપર આકાશમાંથી ફૂલનો વરસાદ થયો અને આકાશવાણી થઈ કે, 'ભીષ્મ, ભીષ્મ.' ભીષ્મ એટલે ભયંકર. દેવવ્રતે ભયંકર પ્રતિજ્ઞા કરી તે દિવસથી તે ભીષ્મ નામથી ઓળખાવા લાગ્યા. પછી સત્યવતી સાથે રાજાનાં લગ્ન થયાં. ભીષ્મને તેમના પિતાએ આશીર્વાદ આપી કહ્યું કે; "હે પુત્ર, તને મારો આશીર્વાદ છે કે જ્યાં સુધી તને જીવવાની ઇચ્છા હશે ત્યાં સુધી તારું મૃત્યુ નહિ થાય. તારી ઇચ્છા હશે ત્યારેજ તારું મૃત્યુ થશે."

કેટલાક વખત પછી શાંતનુ રાજાને સત્યવતીથી **ચિત્રાંગદ** અને **વિચિત્રવીર્ય** નામના બે પુત્રો થયા. શાંતનુના મરણ પછી મોટો પુત્ર **ચિત્રાંગદ** રાજગાદી ઉપર બેઠો; પણ થોડા વખત પછી તે યુદ્ધમાં મરણ પામ્યો. તેના પછી તેનો નાનો ભાઇ **વિચિત્રવીર્ય** ગાદીએ બેઠો. તે જ્યારે જુવાન થયો ત્યારે **ભીષ્મે** તેનાં લગ્ન કાશીરાજની બે પુત્રી **અંબિકા** અને **અંબાલિકા** સાથે કર્યાં; પણ તે નાની અવસ્થામાં અપુત્ર મરણ પામ્યો. આથી શાંતનુ રાજાનો વંશ નિર્મૂળ થવાની સ્થિતિમાં આવી પડ્યો. **સત્યવતીએ ભીષ્મને** બોલાવ્યા અને રાજગાદી લેવા તથા લગ્ન કરવા તેમને કહ્યું. રાજમાતાની ઇચ્છા પ્રમાણે કરવાને મિત્રો તથા સગાંઓએ પણ **ભીષ્મને** વિનંતિ કરી. આથી **ભીષ્મને** રાજ્ય તથા કુટુંબસુખ ભોગવવાનો પ્રસંગ આવ્યો; પણ તેમ થવામાં માત્ર તેમની પ્રતિજ્ઞા આડે આવતી હતી. **ભીષ્મને** સંસારનાં સર્વ સુખ કરતાં સત્ય વધારે પ્રિય હતું. તેમણે જે જવાબ આપ્યો તે સાંભળો; અને જુઓ કે અસલના વખતમાં આ આપણી **હિંદમાતાનો** મહિમા વધારવાવાળા કેવા વીર પુરુષો હતા. **ભીષ્મ** બોલ્યા: "હે માતા, તમે તથા મારાં સગાં-સંબંધીઓ જે કહો છો તે ઠીક છે, પણ રાજ્ય ધારણ ન કરવાની અને પુત્ર ઉત્પન્ન ન કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી જે પ્રતિજ્ઞા છે તે તમે બધાં જાણો છો. તમારાં લગ્ન વખતે તમારા પિતાએ જે વચન મારી પાસેથી લીધું હતું, તે તમારી જાણ બહાર નથી. જે વચન મેં એક વખત આપ્યું હતું તે શું હું તોડું? હે માતા, પૃથ્વી અથવા તો સ્વર્ગના રાજ્યનો અથવા તેનાથી પણ કોઇ મહાન વસ્તુ હોય તો તેનો પણ ત્યાગ કરૂં; પણ સત્યનો ત્યાગ તો હું કદિ કરવાનોજ નહિ." પછી સત્યવતીએ રૂદન કરીને ભીષ્મને સમજાવવા માંડયા, તો પણ ભીષ્મ જરાએ ડગ્યા નહિ. તેમણે કહ્યું: "હે રાજમાતા, સદ્‌ગુણના માર્ગથી પાછાં હઠો નહિ. જે સદ્‌ગુણથી પાછા હઠે છે તેનો વિનાશજ થાય છે. હે માતા, ધર્મશાસ્ત્રમાં પણ લખ્યું છે કે, જે કોઇ સત્યનો ત્યાગ કરે છે તેનો સૌ તિરસ્કાર કરે છે; માટે હવે તે વાત જવા દો." પછી સત્યવતીએ તે વાત જવા દીધી અને ભીષ્મે પોતાની પ્રતિજ્ઞા પાળી. જુઓ, પિતાને માટે ભીષ્મે કેટલો બધો ભોગ આપ્યો! વળી સત્યની ખાતર તેમણે રાજપાટ પણ છોડી દીધું. આટલો સાર તો મેં તમને કહ્યો. હવે કાંઇ બાકી હોય તે જગજીવનદાસ બોલે.

જગજીવન—સાહેબ, માબાપની આંતરડી જો આપણે ઠારીએ તો આપણને સુખ મળે. શાંતનુની આંતરડી ઠારવાથી ભીષ્મને વરદાન મળ્યું કે તારી ઇચ્છા હોય ત્યારેજ તારૂં મોત થશે.

મહેતાજી—વાહવા. જગજીવનદાસ, તમે ઠીક સાર શોધી કાઢયો. હવે તમે કાંઇ બોલો, શાંતિલાલ.

શાંતિલાલ—પિતાની ખાતર દેવવ્રતે રાજપાટ છોડી દીધું તો દેવો પણ તેના ઉપર પ્રસન્ન થયા; માટે આપણે પણ સુખનો ભોગ આપીને માત-પિતાને રાજી રાખીશું તો દેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી ઉપર પ્રસન્ન થશે.

મહેતાજી—શાબાશ. આપણે મંદિરે દર્શન કરવા જઇએ અને ઠાકોરજીની પૂજા કરીએ, પણ જો માબાપને પજવીએ તો તે બધું નકામું છે. માબાપને રાજી કર્યાથીજ દેવો દેવવ્રત ઉપર પ્રસન્ન થયા હતા. હવે બીજો સાર તમે કહેશો રતિલાલ ?

રતિલાલ—ના સાહેબ, હવે કાંઇ બાકી રહેતું નથી.

મહેતાજી—ઠીક, હવે હું તમને એક સવાલ પૂછું તેનો જવાબ આપો. આપણે માબાપનું કહેવું માનવું કે નહિ ?

રતિલાલ—હા જી. તેઓને રાજી રાખવાં તે આપણો ધર્મ છે.

મહેતાજી—ઠીક, ત્યારે એમજ હોય તો **સત્યવતીનું** કહેવું ભીષ્મે કેમ ન માન્યું ?

રતિલાલ—પોતાની પ્રતિજ્ઞા રાખવા સારૂ.

મહેતાજી—બરાબર, ત્યારે આમાંથી એ પણ શિખવાનું છે કે ખોટું કામ કરવાનું જો કોઇ કહે, પછી તે મા હોય, બાપ હોય, રાજા હોય, ગુરુ હોય કે વડીલ હોય તોપણ તે કરવું નહિ. આજે હવે વખત થઇ ગયો છે એટલે વાત બંધ રાખીશું.

૨૧—સોબત તેવી અસર.

સજ્જન કેરો સંગ, અપાવે સર્વે સુખો,
દુર્જન કેરો સંગ, અપાવે સર્વે દુઃખો;
સજ્જન કેરો સંગ, અમૃત ઝાઝું ફેલાવે,
દુર્જન કેરો સંગ, ઝેર રગે રેલાવે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સજ્જન દુર્જન મિત્રમાં, સજ્જનની તો લાજ છે;
સજ્જન સ્વર્ગનું સુખ છે, દુર્જન નરકની આજ છે.

મહેતાજી—ભાઇ, આપણા વર્ગમાં જેઓ બીડી પીતા હોય તે જરા ઉભા થઇ જાઓ. (કોઈ ઉભું ન થવાથી) કોઇ નહિ? વાહ ભાઇ વાહ! આ વર્ગના છોકરાઓ તો બહુજ સુધરી ગયા લાગે છે. શું **ખોડીદાસ**, તમે કાલે બીડી પીધી નહતી?

ખોડીદાસ—ના સાહેબ, હું તો હવે બીડી પીતોજ નથી. આપ **અર્જુનલાલને** પૂછી જુઓ.

મહેતાજી—કેમ **અર્જુનલાલ**, તમે તે વિષે શું કહોછો?

અર્જુનલાલ—સાહેબ હુમણાં હું એમને બીડી પીતાં જોતો નથી; છાનીમાની પીતા હોય તો કોણ જાણે!

મહેતાજી—તમારૂં કહેવું ખરૂં છે. **ખોડીદાસ**, કાલે સાંજે તમે ફરવા ગયા હતા?

ખોડીદાસ—ના જી, કાલે હું ફરવા ગયો નહોતો.

મહેતાજી—શું તમે તળાવની પાળે સાંજે નહોતા?

ખોડીદાસ—(જરા ઢોંગ કરીને) હા જી. હું તળાવની પાળે બેઠો હતો, કાંઇ ફરવા ગયો નહોતો.

મહેતાજી—કેવું ખોટું! કાલે તમારી સાથે બે ભાઇબંધો હતા. એકે કાળો કોટ અને લીલી ટોપી પહેરી હતી; બીજાએ ધોળો કોટ અને કાળી ટોપી પહેરી હતી; અને તમે વચમાં ઉઘાડે માથે બેસી બીડી પીતા હતા. કેમ ખરૂં કે નહિ? સાચું બોલો, હું કાંઈ મારવાનો નથી.

ખોડીદાસ—હાજી, હું તો બીડી પીવાનો નહોતો, પણ મારા ભાઇબંધે સોગન દીધા એટલે પરાણે પીવી પડી.

મહેતાજી—તો સોગન દેત કે તળાવમાં પડો, તો?

ખોડીદાસ—સાહેબ, એમ તે કાંઇ થાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેતાજી—એમ ન થાય, તો પછી બીડી કેમ પીવાય! તમારે બહુજ શરમાવું જોઈએ. નહિ તો પછી તમને નિશાળમાંથી કાઢી મૂકીશું. આ બધાનું કારણ કહેશો, **ચંદ્રકાન્ત**?

ચંદ્રકાન્ત—હાજી. બરાબ સોબતનું આ પરિણામ છે.

મહેતાજી—બરાબર. લોકોને આપણામાં કહેવત છે કે સોબત તેવી અસર. આ ઉપર હું તમને **રામાયણ**માંથી એક વાત કહું તે સાંભળો. **અયોધ્યા**માં દશરથ નામે એક રાજા હતા. તેમને **કૌશલ્યા**, **સુમિત્રા** અને **કૈકેયી** નામની ત્રણ રાણીઓ હતી. તેમને ચાર પુત્રો હતા. **કૌશલ્યા**ના પુત્રનું નામ **રામ**, **સુમિત્રા**ના પુત્રનું નામ **લક્ષ્મણ** અને **શત્રુઘ્ન**, તથા **કૈકેયી**ના પુત્રનું નામ **ભરત**. હવે દશરથ રાજા વૃદ્ધ થયા એટલે **રામચંદ્રજી**ને રાજગાદી સોંપવા તેમણે વિચાર કર્યો. તેમણે પોતાના ભાયાતો, અમલદારો અને પ્રજાનો મત લીધો અને તેઓએ પણ તેમની વાતને ટેકો આપ્યો. પછી **રામ**ને ગાદીએ બેસાડવાને દશરથ રાજાએ એક શુભ દિવસ નક્કી કર્યો. ગામમાં આ વાતની ખબર પડી એટલે લોકોએ આગલે દિવસે ઠામોઠામ ધ્વજા-પતાકા ગોઠવી દીધાં. સૌએ પોતપોતાના ઘરને રંગ કરાવ્યો, બારણે સુશોભિત તોરણો ટાંગી દીધાં અને મોટા રસ્તા ઉપર સુગંધી પાણી છંટાવા લાગ્યાં. નિશાળના છોકરાઓ પણ આનંદમાં આવી ગયા હતા; કારણ કે તેમને છુટી મળશે અને મીઠાઈ મળશે એવી આશા હતી.

હવે કૈકેયીની દાસી **મંથરા** આ બધી ધામધુમ જોઈને તથા **રામ** કાલે ગાદીએ બેસવાના છે તે જાણીને બહુજ દિલગીર થઈ. કૈકેયી પાસે આવીને તે બોલી કે, "હે રાણી, કાલે રાજા તો **રામ**ને ગાદીએ બેસાડવાના છે." રાણીએ રાજી થઈને કહ્યું કે, "હે **મંથરા**, તેં મને બહુ સારી વધામણી આપી અને તેના બદલામાં હું તને આ મારો મોતીનો હાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇનામ આપું છું" આમ કહીને તેને હાર આપ્યો. તે હાર જમીન ઉપર ફેંકી દઈને મંથરા ક્રોધથી બોલી: "હે રાણી, તમને શું થઇ ગયું છે? રામ ગાદીએ આવે છે તેથી તો તમારું નખોદ નીકળી જશે. રામની માતા કૌશલ્યાનું જોર વધશે અને તમને તે દબાવશે અને પજવશે." કૈકેયી બોલી: "હે મંથરા, હું મારા ભરત અને રામમાં કાંઇ ભેદ જોતી નથી. વળી રામ સૌથી મોટા છે, માટે ગાદી તો તેમનેજ મળવી જોઇએ." મંથરા બોલી: "હે કૈકેયી, તમને તમારા દીકરાની પણ દરકાર નથી. રામ ગાદીએ આવશે તો ભરતને મારી નખાવશે; અને પછી તમારે કૌશલ્યાની દાસી થઇને રહેવું પડશે. જુઓને, આ તમારો ભરત એને મોસાળ ગયો છે એને કોઇ સંભારે પણ છે?" કૈકેયીએ કહ્યું: "મંથરા, આવું અવળું તને ક્યાંથી સૂઝયું? તું ફોકટનો સંતાપ કર મા." મંથરા ગુસ્સે થઇને બોલી. "રાણીજી, અવળું તે મને સૂઝયું છે કે તમને? જરા તો હૈયું ફોડીને જુઓ. પારકું તે પારકું અને પોતાનું તે પોતાનું. પારકાં પોતાનાં થયાં છે કે રામ તમારો થશે? મને તો તમારે માટે પેટમાં બળે છે અને મેં તમારું અન્ન ખાધું છે એટલે આ કહું છું." બહુ વિચાર કરીને કૈકેયી બોલી: "મંથરા, તારી વાત મને ખરી લાગે છે હોં; પણ હવે વખત થોડો છે એટલે આપણે શું કરી શકીશું? તને કાંઇ ઉપાય સૂઝે છે?" મંથરા રાજી થઇને બોલી: "રાણીજી, તમે મુંઝાઓ મા. હજી કાંઈ બાજી બગડી ગઇ નથી. તમે રાજા સાથે યુદ્ધમાં ગયાં હતાં અને તેમને સહાય કરી હતી, તે વખતે તમને તેમણે બે વચન માગી લેવાનું કહ્યું હતું. તે વાત તમને યાદ છે ને?" કૈકેયી બોલી: "હા બેન, તે વરદાન હજી સુધી મેં રાજા પાસે લેણાંજ રાખ્યાં છે." મંથરા બોલી: "હવે તે વરદાન માગી લેજો. રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારે મહેલે આવે ત્યારે તમે રીસાઇને સૂઇ જજો; અને જબરો ઢોંગ કરીને તેમને છેતરજો. પછી લાગ જોઇને એક વરદાનથી રામને ચૌદ વર્ષનો વનવાસ મળે અને બીજા વરદાનથી ભરતને રાજગાદી મળે એમ માગજો. જોજો, ભૂલતાં નહિ હોં! આ લાગ ભૂલ્યાં તો પછી આપણો કાંઇ ઇલાજ નથી." છેવટે મંથરાની અરાબ સલાહથી રાણી કૈકેયી ગોળવાઇ. તેણે રાજા પાસેથી બે વરદાન માગી લીધાં. આથી રામ, સીતા તથા લક્ષ્મણ સાથે વનમાં ગયા. પછી દશરથ રાજા મરણ પામ્યા અને છેવટે ભરતે પણ પોતાના મોટાભાઇનું રાજ્ય ન લીધું અને કૈકેયીને બહુજ ઠપકો આપ્યો તથા મંથરાને ખૂબ ધમકાવી. કહો, કનૈયાલાલ, તમે આમાંથી શું સાર લીધો?

કનૈયાલાલ—બરાબ માણસનો સંગ ન કરવો; કારણ કે તેથી આપણી બુદ્ધિ બગડે અને બરાબ કામ કરવાનું મન થાય.

મહેતાજી—બીજું કાંઇ, હરજીવનદાસ?

હરજીવન—વગર વિચારે કોઇને વચન ન આપવું; કારણ કે તેથી પાછળથી પસ્તાવું પડે છે.

મહેતાજી—આ વાતમાં કોણે વગર વિચારે વચન આપ્યું હતું, માધવલાલ?

માધવલાલ—દશરથ રાજાએ, સાહેબ.

મહેતાજી—બરાબર. બીજો કાંઇ સાર તમે કહેશો, ચુનીલાલ?

ચુનીલાલ—હા જી. જે કોઇ બીજાનું ભુંડું કરવા જાય તેનું જ ભુંડું થાય છે.

મહેતાજી—કોની પેઠે, છોટાલાલ?

છોટાલાલ—કૈકેયી અને મંથરાની પેઠે.

મહેતાજી—બરાબર. ભુંડું કરનારનું ભુંડું જ થાય છે. તે ઉપર તમે કોઇ કહેવત કહેશો, કપિલરાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપિલરાય—હા જી. ખોદે તે પડે.

મહેતાજી—હવે કાલે તે ઉપર એક બરી બનેલી વાત કહીશ.

૨૨—ખોદે તે પડે.

પરનું ભુંડું ઇચ્છતાં, નિજનું ભુંડું થાય;
બાઝે ખોદે તે પડે, સંશય નહીં જરાય.

મહેતાજી—કહો હરજીવનદાસ, આજે આપણે કયી વાત કહેવાના છીએ ?

હરજીવનદાસ—સાહેબ, આજે આપે "ખોદે તે પડે" તે ઉપર એક બરી બનેલી વાત કહેવાનું કહ્યું હતું.

મહેતાજી—રામપ્રસાદ, કેમ બહુજ હસવું આવે છે ? જે હોય તે કહો.

રામપ્રસાદ—સાહેબ, ચાર દિવસ પહેલાં હરજીવનદાસ પોતાની છત્રીવતી છોટાલાલની છત્રીને ઇજા કરવા દોડયા; તેટલામાં તો તે પોતેજ કાદવમાં પડયા; લૂગડાં બધાં બરાબ થયાં; તે છત્રી પણ થોડી ફાટી અને લોકો હો હો કરવા મંડયા.

મહેતાજી—કેમ હરજીવનદાસ, તમને તો બાત્રી થઇને કે બોદે તે પડે ?

હરજીવનદાસ—હા જી. મને તો બરાબર બાત્રી થઇ ચૂકી.

મહેતાજી—હું તમને જે વાત કહેવાનો છું તે વાત મદ્રાસ ઇલાકામાં બનેલી છે. એક વાણીઓ હતો. તે ગામડામાં ઉઘરાણીએ ગયો. ત્યાંથી સાંજ પડી ગઇ એટલે તે ઉતાવળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતાવળો મુસાફરી કરીને એક મોટા શહેરમાં પહોંચી ગયો. પોતાની પાસે હજાર રૂપીઆનું જોખમ હતું, તેથી પોતાના એક ઓળખીતા બ્રાહ્મણને ત્યાં ગયો. તે બ્રાહ્મણ બહાર ગામ ગયો હતો; પણ તેની બે બહેનો હતી. તેમણે પેલા વાણીયાને પોતાને ત્યાં ખુશીથી ઉતરવા દીધો. વાણીયાએ પોતાની પાસે જે જોખમ હતું તે પેલી બહેનોમાં જે મોટી હતી તેને આપ્યું અને કહ્યું કે; " હું સવારે જઇશ ત્યારે તમારી પાસેથી લઇ જઇશ. " વાણીયાને તો સારી રીતે જમાડી કારવીને બહાર ફળીયામાં એક ખાટલો પાથરીને સુવાડયો. પછી વાણીયાના હજાર રૂપીઆ ઉપર પેલી મોટી બેનની દાનત બગડી અને તેણે વાણીયાને મારી નાખવાનો વિચાર કર્યો. તેણે આ વિચાર નાની બહેનને કહ્યો અને તેની મદદ માગી. નાની બહેને આવું ઘાતકી કામ કરવા ચોકખી ના પાડી અને મોટી બહેનને ખૂબ ઠપકો આપ્યો.

પછી બન્ને બહેનો ઓરડામાં સુવા ગઇ. બેઠી વારમાં નાની બહેન ઉઠી અને તેને પેલા મુસાફર ઉપર દયા આવી હતી; તેથી તેને ફળીયામાંથી એકદમ ઉઠાડી એક બીજા ઓરડામાં પધારીએ સુવાડયો અને પછી પોતે નિરાંતે સુઇ ગઈ. હવે તે બહેનોનો ભાઇ જે બહારગામ ગયો હતો તે આવ્યો. તે થાકયો પાકયો હતો એટલે પેલા વાણીયાવાળા ખાલી પડેલા ખાટલામાં એકદમ સુઈ ગયો. પછી મોટી બહેન જાગી અને એક છરો લઇને અંધારે અંધારે ખાટલા પાસે ગઈ અને ભર ઉંઘમાં પડેલા માણસને મારી નાખ્યો અને પાસેના એક કુવામાં મડદું નાખી નિરાંતે સુઈ ગઈ.

બીજે દિવસે સવારે પેલો વાણીયો પોતાનું પોટલું લેવા મોટી બહેન પાસે આવ્યો; એટલે તે તો વિચારમાં પડી ગઇ કે આ શું? તે કાંઈ ભૂત થઇને આવ્યો કે શું? અંતે રૂપીઆનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોટલું તેને વિલે મોઢે આપવું પડયું. મુસાફર તો તે લઇને રસ્તે પડયો. થોડા વખત પછી કૂવામાં મડદું તરતું જોઇ લોકો ત્યાં ભેગા થયા. પેલી મોટી બહેન પણ સૌના ભેગી ત્યાં જોવા ગઇ. લોકોએ પોલીસની મદદથી મડદું બહાર કાઢયું. તે જોઇને મોટી બહેન તો હેબતજ ખાઇ ગઇ; કારણ કે તે તો પોતાના એકના એક કમાઉ ભાઇનું મડદું હતું. તે બહુ રોવા અને પીટવા લાગી, પણ હવે કરે શું ? આથી જીવતાં સુધી તેણે ઘણું દુઃખ વેઠયું અને હંમેશાં પસ્તાવો કરી તે બોલતી કે, " બોદ્દે તે પડે. " માટે તમારે પણ આ વાત ઉપરથી એટલું શિખવાનું કે કોઈ દિવસ કોઇનું મનથી, વચનથી કે કર્મથી બુરું ન કરવું.

૨૩—યુધિષ્ઠિરની કસોટી.

દુઃખ દેખી પારકાનું, દિલથી દુભાઈ વીરા !
ઘટિત જે હોય તે તે, આપી દયા દાખજો;
એની દશા તેવી દશા, આપણી ન આપી તેનું,
સ્મરણ અંતર લાવી, ઇશને સંભારજો.

મહેતાજી—આજે વિનાયક અને સુમંતરાયને કેમ ઉભા રાખ્યા છે, **મોનીટર** ?

મોનીટર—સાહેબ, એ બન્ને જણા રાડો પાડતા હતા.

મહેતાજી—કેમ વિનાયક, શું હતું ?

વિનાયક—સાહેબ આજે હું ઘેર પેનસીલ ભૂલી ગયો એટલે સુમંતરાય પાસે માગી; કારણ કે તેની પાસે બે હતી. તેણે કહ્યું, હું તને આપવાનો નથી. મેં કહ્યું, હું દાખલા શી રીતે ગણી શકીશ ? ત્યારે તેણે મને કહ્યું, દાખલામાં તારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંબર છેલ્લો જાય તો બહુ સારૂં. આવી રીતે જરા રાડો પાડતા હતા.

મહેતાજી—કેમ **સુમંતરાય**, સાચી વાત ?

સુમંતરાય—હા જી. મને તે ઘણીવાર કનડે છે એટલે આજે મેં તેને તેમ કહ્યું.

મહેતાજી—તમે બન્ને સગા ભાઈઓ નજીવી નજીવી બાબતોમાં બાઝો અને એક બીજાનું બુરૂં ઈચ્છો એ શું ઠીક કહેવાય ? પાડોશીઓ પણ અરે વખતે એક બીજાને મદદ કરે છે; ત્યારે તમે સગા ભાઈઓ આમ લડો તે તો બહુજ ખોટું.

સુમંતરાય અને વિનાયક—સાહેબ, હવેથી એવું નહિ કરીએ. આજે અમને માફ કરો.

મહેતાજી—ભલે, બેસી જાઓ. ફરીથી કદિ આવું ન થાય તેની બહુ સંભાળ રાખજો અને હંમેશાં સંપ રાખજો. આજે હું તમને યુધિષ્ઠિરની કસોટીની વાત કહું છું; તે ઉપરથી તમે જોઈ શકશો કે તેમણે એક કૂતરાની ખાતર કેટલો ભોગ આપ્યો ! પાંચ પાંડવો તથા દ્રૌપદી પરીક્ષિત રાજાને રાજ્ય સોંપીને હિમાલય તરફ ચાલી નીકળ્યાં. તેઓની પછવાડે પછવાડે એક કૂતરો ચાલતો હતો. ચાલતાં ચાલતાં દ્રૌપદી ઓચિંતાં જમીન પર પડયાં અને મરણ પામ્યાં. આથી ભીમે મોટા ભાઇ યુધિષ્ઠિરને પૂછયું કે, દ્રૌપદીની આવી દશા કેમ થઇ ? યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો કે, તેની પ્રીતિ આપણા સૌ કરતાં અર્જુન ઉપર વિશેષ હતી; અને તે પક્ષપાતને લીધે આજે તેને આ ફળ મળ્યું. દ્રૌપદીને ત્યાં મૂકીને તેઓ સર્વ આગળ ચાલ્યા. ત્યાં સહદેવ મરણ પામ્યા. ભીમે પૂછયું કે, સહદેવની આવી દશા કેમ થઈ ? યુધિષ્ઠિરે કહ્યું કે, તે એમ સમજતો હતો કે દુનીઆમાં મારા જેવો બીજો કોઈ ડાહ્યો નથી. તેના આ દોષને લીધે તેની આવી દશા થઇ છે. સહદેવને છોડીને તેઓ આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલ્યા એટલે નકુળ પડયા. ભીમે ભૂમ પાડી યુધિષ્ઠિરને આ ખબર આપ્યા. યુધિષ્ઠિરે કહ્યું કે ભાઈ, તે એમ માનતો હતો કે મારા જેવો બીજો કોઈ રૂપાળો છેજ નહિ; તેથી તેની આવી દશા થઈ. આગળ ચાલતાં અર્જુન પડયા, એટલે ભીમના પૂછવાથી યુધિષ્ઠિર બોલ્યા કે, અર્જુનને એવો ગર્વ હતો કે હું આપણા શત્રુઓને એક દિવસમાં બાળી નાખીશ. તેને પોતાના બળ માટે બહુ અહંકાર હતો; પણ તેણે બોલ્યા પ્રમાણે કરી બતાવ્યું નહિ તેથી તેની આવી દશા થઇ. પછી ભીમ પડયા. પડતાં તે બોલ્યા: હે રાજા, હું આ દશાને કેમ પામ્યો છું. આપ જાણતા હો તો કહો. યુધિષ્ઠિરે કહ્યું, તું ઘણો આહાર કરતો અને તારા બળનો વારંવાર ગર્વ કરતો. વળી જમતી વખતે બીજાઓને શું જોઈએ છીએ તેની તું દરકાર રાખતો નહિ, તેથી તારી આવી દશા થઈ છે. હવે એકલા હિંમત રાખીને રાજા યુધિષ્ઠિર આગળ ચાલ્યા. પણ શું તે એકલા હતા મથુરદાસ ?

મથુ૦—હાજી, હવે તો તેઓ એકલાજ રહ્યા.

મહે૦—ના ભાઈ, ના. તમે એક જણને હજી ભૂલી જાઓ છો ? તમે કહેશો ઘનશ્યામ ?

ઘન૦—હા જી, તેમના છઠ્ઠા ભાઇ કર્ણ હશે.

મહે૦—ના ના. તમારી અટકળ ઠીક છે, પણ કર્ણ તો યુદ્ધમાં મરી ગયા હતા અને તેથી આપણે "પાંચ પાંડવો" એમ કહ્યું હતું. તેઓની પછવાડે બીજું કોણ હતું વેણીલાલ ?

વેણી૦—હાજી, એક કૂતરો હતો.

મહે૦—શાબાશ. ત્યારે હવે તે અને તેનો નિમકહલાલ કૂતરો, એ બે હિંમતથી આગળ ચાલ્યા. પણ તેટલામાં ચોમાસામાં જેમ મોટી ગર્જના થાય તેવો એક અવાજ થયો; અને તરતજ એક ઝળહળતા રથમાં બેસીને ઈંદ્ર યુધિષ્ઠિર રાજા પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા અને તેને આજ્ઞા કરી કે આ રથમાં બેસી સ્વર્ગ પ્રત્યે ચાલ.

યુધિષ્ઠિર—મારાથી તેમ બનશે નહિ. મારા ભાઇઓ તથા મારી પ્રિયા દ્રૌપદી માર્ગમાં પડ્યાં છે. તેમના વિના હું સ્વર્ગમાં આવીશ નહિ.

ઇંદ્ર—તેઓ તો તારી અગાઉ સ્વર્ગમાં આવ્યાં છે; પણ તારે તો આ દેહેજ ત્યાં આવવાનું છે.

યુધિ૦—હે ઇંદ્રરાય, આ કૃતરાનો મારા ઉપર ઘણો ભાવ છે; માટે તેને પણ સાથે લેવો જોઇએ. આ બિચારા પ્રાણી ઉપર મને બહુ દયા આવે છે.

ઇંદ્ર—હે રાજા, કૃતરાને સ્વર્ગમાં લઇ જવાય નહિ. આજે તેં અમરપણું તથા મારા જેવું પદ, બેહાળો વૈભવ, મહાન વિજય અને સ્વર્ગનાં સર્વ સુખ મેળવ્યાં છે; માટે આ કૃતરાનો ત્યાગ કર. એમ કરવામાં કાંઈ પાપ નથી.

યુધિ૦—હે સુંદર આંખવાળા, હે નીતિમાન, કોઇ પણ આર્ય અયોગ્ય કામ કદિ પણ કરે નહિ. મારા ઉપર ભાવ રાખનારને ત્યજીને હું સ્વર્ગનું સુખ મેળવવા ઇચ્છતો નથી.

ઇંદ્ર—કૃતરાને સાથે લાવનારને માટે સ્વર્ગમાં જગ્યા નથી.

યુધિ૦—ડાહ્યા પુરુષો કહી ગયા છે કે ભાવિકનો ત્યાગ કરવો તે ઘોર પાપ છે. બ્રાહ્મણનો વધ કરવાથી જેવું ઘોર પાપ થાય છે તેવું પાપ આથી થાય છે. હે ઇંદ્ર, સ્વર્ગનાં સુખ મેળવવા ખાતર હું કૃતરાનો ત્યાગ નહિ કરું.

ઇંદ્ર—તેં તારા ભાઇઓનો તથા પત્નીનો ત્યાગ કર્યો, ત્યારે આ કૃતરાનો ત્યાગ કેમ કરતો નથી ?

આ રીતે કસોટીના વખતમાં યુધિષ્ઠિર અડગ રહ્યા. દ્રોણને મરાવવા ખાતર પારકા ઉપર વિશ્વાસ રાખી તે સત્યથી ડગ્યા હતા; પણ ત્યાર પછી જે ઘડો તેમણે મેળવ્યો હતો તે તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમયે ઉપયોગી થઇ પડયો. સ્વર્ગનાં સુખ માટે અથવા કોઇના પણ આગ્રહથી ધર્મના માર્ગથી હવે તે ડગે તેમ નહોતા. તેથી તે બોલ્યા:–"ગત થએલાંઓની સાથે સ્નેહ કે વેર હોય નહિ. મારા ભાઇઓ અને દ્રૌપદી મરણ પામ્યાં તેમને જીવતાં કરવાની શક્તિ મારામાં નહોતી; માટે મેં તેમનો ત્યાગ કર્યો. હે ઇંદ્ર, હું ધારૂં છું કે શરણે આવેલાને ત્રાસ પમાડવાથી, સ્ત્રીહત્યા કરવાથી, ભક્ત માણુસની વસ્તુ ચોરવાથી તથા મિત્રને દુઃખ દેવાથી જેટલું પાપ થાય; તેટલું જ પાપ ભાવિક પ્રાણીનો ત્યાગ કરવાથી થાય છે." યુધિષ્ઠિરનું બોલવું પૂરૂં થયું કે તરતજ તે કૂતરો અદૃશ્ય થઇ ગયો અને તેને બદલે યમરાજની ઝળહળતી મૂર્તિ દેખાઇ. તેણે યુધિષ્ઠિરને આશીર્વાદ આપી કહ્યું:–"હે રાજા, તારી કસોટી કરવાને મારે તે રૂપ લેવું પડયું હતું. તેં તારી રીતભાતથી દયાનો અને ભાવિક પરના દૃઢ ભાવનો ઉત્તમ દાખલો આપ્યો છે. કૂતરાનો ભાવ તારી ઉપર છે એમ ધારીને તેનો ત્યાગ નહિ કરતાં તેં ઇંદ્રના રથનો અને સ્વર્ગનાં સુખનો ત્યાગ કર્યો તેથી તને ધન્ય છે, ધન્ય છે. તું અક્ષય સુખના લોકને પામ્યો છે." પછી ઇંદ્ર, યમ અને બીજા દેવો સહિત યુધિષ્ઠિર સ્વર્ગ પ્રત્યે ગયા. હવે આજે વખત થઇ ગયો છે એટલે બાકીની વાત કાલે કહીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪—ભાઈનું હેત.

દુઃએ દાઝશે ભાઈનું દીલ જેવું, કદી અન્યનું દીલ દાઝે ન એવું;
સદા કાળ તે સાથ સાચી સગાઇ, ભલે હોય ભૂંડા ભલો તોય ભાઇ.

મહેતાજી—કાલે ક્યાં સુધી વાત થઇ હતી હીરાલાલ ?

હીરાલાલ—યુધિષ્ઠિર રાજા સ્વર્ગ પ્રત્યે ગયા ત્યાં સુધી.

મહેતાજી—હા. બરાબર. હવે આપણે આગળ ચાલીએ.

ત્યાં ગયા પછી યુધિષ્ઠિરના પ્રેમાળ હૃદયમાં પોતાના ભાઇઓને અને સ્ત્રીને જોવાની ઇચ્છા થઇ. તે બોલ્યા કે, "મને સુખ થાય કે દુઃખ થાય, પરંતુ તેઓ જ્યાં હોય ત્યાંજ જવાની મારી ઇચ્છા છે. મારે બીજે ક્યાંય જવું નથી." ઇંદ્રે તેને સમજાવ્યો કે, "મનુષ્યજાતિનો સ્નેહ હવે તજી દે. તેં પ્રાપ્ત કરેલા સ્વર્ગનાં સુખ ભોગવ. તારા ભાઇઓ સુખી છે; પણ તેઓ જ્યાં હોય ત્યાં તેમને રહેવા દે." યુધિ.એ પૂછયું કે, "દ્રૌપદી ક્યાં છે ? તે જ્યાં હોય ત્યાં મારે જવું છે. હે દૈત્યોને જીતનાર, તે સર્વના વિયોગમાં હું કોઇ પણ સ્થળે રહી શકીશ નહિ. જ્યાં મારા ભાઇઓ ગયા હોય ત્યાંજ હું જવા ઇચ્છું છું."

આ વાતચીતથી યુધિષ્ઠિરને સંતોષ થયો નહિ, તેથી તે આતુર થઇને સ્વર્ગમાં પોતાનાં પ્રિય જનોને શોધવા મંડયા; પણ તેઓ ક્યાંય દેખાયાં નહિ. પછી તેની દૃષ્ટિ એક એવા માણસ ઉપર પડી કે જેની શોધ તે કરતા નહોતા. તે દુર્યોધન હતો ! તેને જોઇને યુધિષ્ઠિર ક્રોધથી બોલી ઉઠયા:—"મારે મારા જુના શત્રુનું મુખ પણ જોવું નથી; હું તો જ્યાં મારા ભાઇઓ હોય ત્યાં જવાને આતુર છું." નારદે હસીને કહ્યું કે, સ્વર્ગમાં શત્રુભાવ હોતો નથી. પણ યુધિષ્ઠિરે પોતાના ભાઇ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓની, કર્ણની અને પોતાના પક્ષના મરણ પામેલા યોદ્ધાઓની શોધ જરી રાખી. તે બોલ્યા: "હું અહીંઆં રહેવા ઇચ્છતો નથી. હું તમનેસાચેસાચું કહું છું. હે ઇંદ્ર દેવો, મારા ભાઇઓ સિવાય સ્વર્ગ મારે શા કામનું ? મારે મન તો જ્યાં મારા ભાઇઓ હોય તેજ સ્વર્ગ. મારે મન આ સ્વર્ગ નથી." ત્યારે દેવોએ સ્વર્ગના એક દૂતને આજ્ઞા કરી કે, યુધિષ્ઠિરને રસ્તો બતાવીને જ્યાં તેનાં વહાલાં છે ત્યાં લઈ જા. પછી દૂત તથા યુધિષ્ઠિર સ્વર્ગ મૂકીને આગળ ચાલ્યા. માર્ગમાં અંધકાર દીસવા લાગ્યો. આગળ ચાલતાં અંધારૂં વધારે વધારે પ્રસરતું ગયું. દુર્ગંધવાળી ગંદી ચીજો તથા ભયાનક દેખાવની આકૃતિઓ તેમની આસપાસ વિંટળાઇ વળી. રાજાએ આશ્ચર્ય પામીને દૂતને એ વિષે પૂછયું. તે ઉપરથી તે બોલ્યો: તમને અહીં સુધી લઇ આવવાની મને આજ્ઞા થઇ છે. જો તમે થાકી ગયા હો તો પાછા વળો. યુધિષ્ઠિર ધીમે પગલે પાછા વળ્યા; પણ એવામાં ચારે તરફથી દુઃખની બૂમો સંભળાવા લાગી; અને દયામણા સ્વરો તેને કાને પડયા. "તમે થોડીવાર અહીં અટકો, કારણ કે તમારા અહીં રહેવાથી અમને આનંદ થશે અને અમારાં દુઃખો ઓછાં થશે. માટે થોડીક પળ પણ કૃપા કરીને અહીં રહો." તે સાંભળી દયાળુ રાજા અટકયા અને તેણે પૂછયું કે, તમે કોણ છો ? ત્યારે ચારે તરફથી ગદગદ કંઠવાળા અવાજ થયા કે, "હું કર્ણ છું, હું ભીમ છું, હું અર્જુન છું, હું નકુળ છું, હું સહદેવ છું, હું ધૃષ્ટદ્યુમ્ન છું, હું દ્રૌપદી છું, અમે દ્રૌપદીના પુત્રો છીએ." યુધિષ્ઠિર બોલ્યા: "હે ન્યાયી દેવો, આ શો ગજબ ! દુર્યોધન સ્વર્ગમાં અને આ મહારથીઓ નરકમાં ?" આથી રાજાને ગભરાટ, ખેદ અને ક્રોધ થયો. તેણે દૂતને કહ્યું કે "જેઓએ તને દૂત તરીકે મોકલ્યો છે તેઓની પાસે તું પાછો જા. મારે તેઓની પાસે આવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. મારા અહીં રહેવાથી મારા દુઃખી ભાઇઓનું સાંત્વન થશે, માટે હું અહીંજ રહીશ." અહાહા! આ કેવું ઉમદા હૃદય! આ કેવી નિષ્કલંક એકનિષ્ઠા! આ કેવી અડગ હિંમત! તરતજ ઇંદ્રે ઇંદ્રિને અટકી કરીને ત્યાં આવ્યા અને તે બીહામણી વસ્તુઓ ભયંકર સ્વપ્નની પેઠે અદૃશ્ય થઇ ગઇ. સર્વ તેજોમય થઇ રહ્યું અને શીતળ સુગંધી વાયુ વાવા લાગ્યો. પછી ઇંદ્રે શોકાતુર યુધિષ્ઠિરની સાંત્વના કરી કહ્યું કે, "હવે મેં રચેલી મોહજાળનો અંત આવ્યો છે. તેં અને તારા ભાઇઓએ નરક જોયું તે મારી માયા હતી. અસત્ય બોલીને તું દ્રોણ પ્રત્યે કપટથી વર્ત્યો હતો; તેથી તને થોડા સમય માટે આ દુઃખ ભોગવવું પડયું છે. તું હવે સ્વર્ગ પ્રત્યે ચાલ. તારા ભાઇઓ ત્યાં તારી રાહ જુએ છે. ત્યાં આવીને આ સઘળી વિટંબનાના બદલામાં સુખરૂપ ફળ ભોગવ." પછી ધર્મોપદેશે પોતાના ઉત્તમ પુત્ર યુધિષ્ઠિરની પ્રશંસા કરીને કહ્યું કે, આ સ્વર્ગની ગંગામાં તું સ્નાન કર. પછી તેમાં સ્નાન કરીને યુધિષ્ઠિરે પોતાના મનુષ્ય લોકના શરીરનો ત્યાગ કર્યો અને સ્વર્ગલોકનું શરીર ધારણ કર્યું. હવે ભાઇઓનો અને સગાંસંબંધીઓનો પુનઃ મેળાપ થવાથી ત્યાં આનંદ આનંદ થઇ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫–સ્વદેશ પ્રેમ.

ભલી ભારત ભૂમિ વિષે રોજ ગ'તો, હશે કો બિચારો નથી જોડ કે'તો;
"ભલો દેશ મારો ભલી ભોમ મારી, મને પ્રાણથી નિત્ય છે એજ પ્યારી."

મહેતાજી—(ટેબલ ઉપરનું ચપ્પુ હાથમાં લઇને) આ ચપ્પુ અહીંઆં કોનું પડયું છે ?

ચુનીલાલ—સાહેબ, એ મારૂં છે. સ્વદેશી હોવાથી આપને જોવા ત્યાં મૂકયું હતું.

મહેતાજી—ચપ્પુ તો બહુ સારૂં છે. તમે ક્યાંથી લાવ્યા ?

ચુનીલાલ—સાહેબ, મારા પિતા મુંબઈ ગયા હતા તે ત્યાંથી લેતા આવ્યા છે. તેમને સ્વદેશી ચીજોનો બહુ શોખ છે.

મહેતાજી—ઠીક, આપણે આજે તે ઉપર વાત કરીએ. કહો હરજીવનદાસ, સ્વદેશ એટલે શું ?

હરજીવનદાસ—સાહેબ, સ્વદેશ એટલે પોતાનો દેશ.

મહેતાજી—તમારો દેશ કયો રતિલાલ ?

રતિલાલ—ભાવનગર.

મહેતાજી—નહિ. એ તો તમારૂં નાનકડું શહેર થયું. દેશ કયો કપિલરાય ?

કપિલરાય—હિંદુસ્થાન.

મહેતાજી—બરાબર. આપણા બધાનો દેશ હિંદુસ્થાન અને તેજ આપણો સ્વદેશ. આપણા દેશ માટે આપણે શું કરવું જોઇએ એ તમે જાણોછો છોટાલાલ ?

છોટાલાલ—આપણા દેશના માણસો ઉપર આપણે પ્રેમ રાખવો અને બનતાં સુધી આપણા દેશની ચીજો આપણે વાપરવી.

મહેતાજી—શાબાશ છોટાલાલ. દરેક પુરુષ, સ્ત્રી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકે સ્વદેશપ્રેમ રાખવો જોઇએ. જેનામાં સ્વદેશપ્રેમ નથી તે 'માણસ'ના નામનેજ લાયક નથી. પશુ પક્ષીઓ પણ પોતાનાં રહેઠાણ માટે કેટલો બધો પ્રેમ રાખે છે, તે ઉપર હું તમને એક વાત કહું તે સાંભળો. કાશીરાજાના રાજ્યમાં એક પારધિ રહેતો હતો. તે પોતાની પાસે ઝેરી બાણો રાખતો હતો. એક વખત તે શિકાર કરવા નીકળ્યો. ઘાડા જંગલમાં તેણે હરણના એક ટોળાને જોયું. પછી એક હરણને બરાબર તાકીને તેણે બાણ છોડયું; પણ હરણને ન વાગતાં તે એક ઝાડમાં પેસી ગયું. તે બાણ ઝેરી હતું તેથી તે ઝાડને ઝેર ચડવા લાગ્યું અને ધીરે ધીરે તે કરમાવા લાગ્યું. તેનાં ફળો ટપોટપ પડવા લાગ્યાં, ફૂલો ખરવા મંડયાં અને પાંદડાં સુકાવા લાગ્યાં. આથી તે ઝાડમાં રહેતાં પક્ષીઓ બીજે ઠેકાણે રહેવા ગયાં અને તે ઝાડ બીલી ઠુંઠા જેવું રહ્યું. તે ઝાડની બખોલમાં ઘણાં વર્ષોથી એક પોપટ રહેતો હતો. તે પોપટ ઝાડ ઉપરના સ્નેહને લઈને ત્યાંથી ખસ્યો નહિ. તે પોતાની ચાંચમાં પાણી ભરી લાવે અને ઝાડના મૂળમાં નાખે. આવી રીતે તેણે બે ત્રણ દિવસ મહેનત કરી, એટલે ઇંદ્રરાજા એક પક્ષીનું રૂપ લઈને તેની પાસે આવ્યા અને બોલ્યા:—હે પોપટ, તું હજી આ ઝાડને કેમ છોડતો નથી અને મફતની મહેનત કરે છે? આ ઝાડ પાંદડાં અને ફળવગરનું છે. પક્ષીઓના માળા માટે તે હવે કામનું નથી. આ જંગલમાં બીજાં ઘણાં સુંદર ઝાડો છે, ત્યાં તું જા. આ સાંભળીને પોપટે કહ્યું કે હે ભાઈ, હું આ ઝાડમાંજ જન્મ્યો છું, મોટો પણ હું અહીંજ થયો છું અને આ ઝાડજ મને આશ્રય આપેલો છે. માટે હું અહીંથી ખસવાનો નહિજ. જ્યારે તેના ઉપર લીલાં પાંદડાંઓ અને ફળો હતાં ત્યારે તેણે મારું પોષણ કરેલું છે; અને હવે તેની આ સ્થિતિ થઈ ત્યારે હું તેનો ત્યાગ કેમ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું ? આથી ઇંદ્ર બહુ રાજી થયા અને પોતાનું અરૂં રૂપ બતાવી તેને એક વરદાન માગવા કહ્યું. આથી તે પોપટે પ્રસન્ન થઇ માગી લીધું કે આ ઝાડ પાછું હતું તેવું થાય. ઇંદ્રે તે ઝાડ ઉપર હાથ ફેરવ્યો કે તરતજ તે ઝાડ પાછું હતું તેવું થઇ ગયું. પોપટ ઇંદ્રને પગે લાગ્યો અને ઇંદ્ર ત્યાંથી અદૃશ્ય થયા.

મહેતાજી—કહો મથુરદાસ, તમે આમાંથી શું સાર લેશો ?

મથુરદાસ—આપણે પેલા પોપટની પેઠે આપણા દેશ ઉપર પ્રેમ રાખવો જોઇએ.

મહેતાજી—બરાબર. આપણા દેશની કીર્તિ પાછી મેળવવા આપણે શું કરવું જોઇએ શંકરલાલ ?

શંકરલાલ—આપણે આપણા ઋષિ-મુનિઓના બોધ પ્રમાણે વર્તવું જોઇએ અને આપણા બાપદાદાઓ જેવું વર્તન રાખતા તેવું આપણે રાખવું જોઇએ.

મહેતાજી—બરાબર. આપણે આપણી ફરજ બજાવવી જોઇએ. રાજકર્તાઓ અને દેશના કાયદા પ્રત્યે વફાદારીથી વર્તવું જોઇએ. આપણા સમાગમમાં જે કોઇ આવે તેના પ્રત્યે દયા અને ભલાઇ રાખવી જોઇએ. સત્યવાદી અને પ્રમાણિક થવું જોઇએ. વડીલોની આજ્ઞા પાળવી જોઇએ, ગુરુઓને માન આપવું જોઇએ અને આપણાં પુરાતન પવિત્ર પુસ્તકોનાં બોધદાયક દૃષ્ટાંતોનું અનુકરણ કરવું જોઇએ. છેવટે આપણે પ્રભુ પાસે પ્રાર્થના કરવી જોઇએ કે અમારા દેશને તેનો અસલનો વૈભવ પાછો આપો અને જગતમાં સર્વત્ર શાંતિ પ્રસરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા.

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠાંક.
૧	મનને ભટકવા નહિ દેવા વિષે.	૫
૨	બંધુભાવ.	૧૧
૩	સર્વનો પ્રભુ એક છે, પણ જુદા જુદા નામથી ઓળખાય છે.	૧૮
૪	અપકારને બદલે ઉપકાર.	૨૧
૫	ગરીબનો અનાદર નહિ કરવા વિષે.	૨૯
૬	ક્ષમા.	૩૧
૭	મસ્કરીનાં માઠાં ફળ.	૩૬
૮	આલસ્ય ન કરવા વિષે.	૩૯
૯	પ્રાણી માત્ર ઉપર દયા રાખવા વિષે.	૪૨
૧૦	બીજાઓના સુખને માટે સ્વાર્પણ.	૪૬
૧૧	બોલેલું પાળવા વિષે–ભાગ ૧ લો.	૫૦
૧૨	બોલેલું પાળવા વિષે–ભાગ ૨ જો.	૫૪
૧૩	કરે તેવું ભરે તે વાવે તેવું લણે.	૫૭
૧૪	પુનર્જન્મ.	૬૦
૧૫	પુરૂષાર્થ.	૬૪
૧૬	સત્સંગ.	૬૭
૧૭	ભક્તિ.	૭૨
૧૮	નેમાનગતી.	૭૫
૧૯	પિતૃભક્તિ–ભાગ ૧ લો.	૮૧
૨૦	પિતૃભક્તિ–ભાગ ૨ જો.	૮૭
૨૧	સોબત તેવી અસર.	૯૧
૨૨	બોટે તે પડે.	૯૬
૨૩	યુધિષ્ઠિરની કસોટી.	૯૮
૨૪	ભાઈનું હેત.	૧૦૩
૨૫	સ્વદેશ પ્રેમ.	૧૦૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિ ઉત્તમ અને સસ્તાં પુસ્તકો.

બાળકો માટે ખાસ ઉપયોગી બીજાં પુસ્તકો.

આ પુસ્તકોની જાહેરાત આ પુસ્તકના પૂઠા પર વાંચો.

બોધપ્રદ અસરકારક વાર્તાઓ.	પૃષ્ઠ.	મૂલ્ય.
ટુંકી વાર્તાઓ–ભાગ ૧ લો. ૧૦ ઐતિહાસિક વાર્તાઓ.	૩૬૦	૦–૧૨–૦
ટુંકી વાર્તાઓ–ભાગ ૩ જો. ૨૩ કુટુંબ બોધક વાતો.	૨૨૪	૦—૮–૦
ટુંકી વાર્તાઓ–ભાગ ૫ મો. ૨૮ સાંસારિક વાતો.	૩૦૪	૦–૧૦–૦
ટુંકી વાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો. બોધપ્રદ ૨૭ વાતો.	૩૬૦	૦–૧૨–૦
કથાગુચ્છ–અસરકારક ૯ વાર્તાઓ.	૧૬૮	૦—૫–૦
નવલકથા સંગ્રહ–૧૫ ઉત્તમ વાર્તાઓ.	૧૨૮	૦—૪–૦

જીવન ચરિત્રો		
નામદાર શહેનશાહ અને શહેનશાહબાનુ.	૧૩૨	૦—૩–૦
મહાન શિખ ગુરૂઓ.–ગુરૂ નાનક અને ગોવિંદસિંહ.	૪૧૨	૦–૧૪–૦
ભારતની દેવીઓ.–જગતદેવી અને અપેરા કામિની.	૩૨૮	૦–૧૦–૦
જોન ઓફ આર્ક–ફ્રાન્સની દેશોદ્ધારક વીર કુમારિકા.	૨૨૮	૦—૮–૦
મહાન એલેકઝાંડર–અથવા શહેનશાહ સિકંદર.	૨૮૮	૦–૧૦–૦
થિયોડર પાર્કર—પ્રત્યક્ષ મહાન ધર્મગુરૂ.	૨૨૪	૦—૮–૦

સોળ પેજી કદનાં ધાર્મિક પુસ્તકો		
સ્વામી વિવેકાનંદના સદુપદેશ–ભાગ ૧ લો.	૨૬૦	૦—૭–૦
સ્વામી વિવેકાનંદના સદુપદેશ–ભાગ ૨ જો.	૪૭૦	૦–૧૨–૦
સ્વામી વિવેકાનંદના સદુપદેશ–ભાગ ૬–૭ મો.	૪૨૦	૧—૦–૦
સ્વામી વિવેકાનંદના સદુપદેશ—ભાગ ૮ મો.	૫૮૪	૧—૮–૦
સ્વામી વિવેકાનંદ–ભાગ ૯ મો–વિસ્તૃત જીવન ચરિત્ર.	૭૪૪	૨—૦–૦
શ્રી રામકૃષ્ણ કથામૃત–ગ્રંથ ૨ જો.	૪૧૬	૦–૧૪–૦

સ્વામી રામતીર્થના સદુપદેશ છુટા ભાગો કે જે ઉપરના મોટા ગ્રંથોમાં આવી જાય છે છતાં તેમાંના કેટલાક છુટા પણ સસ્તામાંજ મળી શકે છે.

ભાગ ૫ મો.	૨૪૮	૦—૮–૦
ભાગ ૬ ઠ્ઠો.	૨૯૬	૦—૯–૦
ભાગ ૭ મો.	૨૫૬	૦—૮–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાયચંદ આઠ પછી કંઠની ધર્મિક પુસ્તકો

સ્વામી રામતીર્થના સદુપદેશ–ગ્રંથ ૧ લા. ભા. ૧-૫	૪૦૦	૧—૮—૦
સ્વામી રામતીર્થના સદુપદેશ–ગ્રંથ ૨ જો. ભા. ૬-૯	૫૦૦	૨—૦—૦
શ્રી ભગવતી ભાગવત–અથવા દેવી ભાગવત.	૬૫૦	૨—૧૨—૦
આદિ અને સભા પર્વ–મહાભારતનાં.	૬૦૦	૨—૧૨—૦
શ્રી વાલ્મીકિ રામાયણ–ઉત્તમ ભાષાંતર બે ભાગમાં.	૧૪૦૦	૬—૦—૦

બોધદાયક પદ–ભજન વગેરેનાં પુસ્તકો

અખાની વાણી–મહાત્મા કવિની પ્રસાદી.	૩૨૪	૦—૮—૦
અનહર પદ–આધ્યાત્મિક ભજનો.	૧૮૦	૦—૨—૬
અધ્યાત્મક ભગવદ્ ગીતા–રાગ–૨૭ ગીતોમાં.	૬૬	૦—૨—૦
વૈરાગ્ય બોધ કાવ્ય–પ્રેમાનંદ શિષ્ય રતનેશ્વર કૃત.	૧૧૨	૦—૪—૦
છોટાલાલ પદબોધિની.	૧૨૮	૦—૪—૦

ઉત્સાહ અને નવચેતનાપ્રેરક પુસ્તકો

આગળ વધો.–આગળ વધવાનો ઉત્સાહ આપનારું.	૫૮૪	૧—૦—૦
ભાગ્યનાસૃષ્ટાઓ–પોતાનું ભાગ્ય પોતે બદલનાર. મણકો.	૭૨૦	૧—૮—૦
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ તથા વિચારોના ચમત્કાર.	આમાં નામ પ્રમાણેજ વિષયો છે.	૫૫૨ ૧—૩—૦
સાચું સ્વર્ગ–(અ. સુ. પટીયાર કૃત.)		૬૮૦ ૦—૧૫—૦
સંસારનાં સુખ–અનેક પ્રકારનાં સમજવેલાં છે.		૩૬૪ ૦—૧૨—૦
પ્રભુમય જીવન–ઉચ્ચ વિચારોની સાદી રીતે સમજુત		૨૧૬ ૦—૮—૦
દુઃખમાં વિદ્યાભ્યાસ–દુઃખો વચ્ચે અભ્યાસનાં દ્રષ્ટાંતો.		૧૩૨ ૦—૫—૦
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–મહાત્મા ગાંધીજી કૃત.		૧૨૮ ૦—૬—૦
હિંદી લેખ માળા-ગુજરાતી લીપીમાં ૪૧ હિંદી લેખો.		૩૫૬ ૦—૮—૦

ફરીથી છપાવા માંડેલાં પુસ્તકો

ભગવદ્ગીતા:—ભાષાંતર સહિત તેમજ મૂલ શ્લોકવાળા ગુટકા, આર્યભિષક્ અને જ્ઞાનેશ્વરીની પણ નવી આવૃત્તિઓ છપાય છે. એ સર્વ ચાલુ ૧૯૭૮ના ચોમાસા સુધીમાં બહાર પડી જશે. બીજાં પણ આગલાં જે જે ઉપયોગી પુસ્તકો નથી મળતાં, તે હવે ઝપાટાબંધ છપાશે. વધુ હકીકત પૂછનારે રીપ્લાઇ અથવા ટીકીટ સાથે અમદાવાદ લખવું.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. અમદાવાદ અને મુંબઇ-૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોદરેજની ગામઠી તીજોરી.

શેઠ હરગોવનદાસ જમનાદાસ રામજીએ તીજોરીઓ ખરીદ કરવા પહેલાં તપાસ કરી તેનું પરીણામ.

મેસર્સ ગોદરેજ અને બોઇસ, મુંબઈ.

જંત મારા તથા મારા સ્નેહી માટે ચારથી પાંચ તીજોરી ખરીદ કરવાની હતી તેથી તમોને મારા ઘર આગળ બોલાવ્યા હતા. તમો મને મલવા આવેલા પણ તમારો મારી સાથે મેળાપ થએલો નહી. તે દરમ્યાન મુળજી જેઠા મારકીટમાં આગ લાગી અને તે આગથી તમારી તીજોરીમાંનો કેટલોક માલ બળી ગયેલો માલમ પડ્યો તેથી તમારી તીજોરી લેવા વીચાર માંડી વાળ્યો. જેથી હમોએ વીચાર કરી અમારા સ્નેહીની ઓફીસ મારફત અમેરીકા, ફ્રાન્સ ઈંગ્લાંડના તીજોરીવાળાનાં કેટલોગો તથા ફાયરપ્રુફ તથા બર્ગલરપ્રુફ તીજોરીની હકીકતો મંગાવી અને તે વાંચ્યા બાદ હું તથા મારા સ્નેહી મીત્ર એવા નીર્ણય ઉપર આવ્યા કે તમારી તીજોરી ખરીદ કરવી એ વધારે સારૂં છે. તે ઉપરથી મારે માટે બે તથા મારા સ્નેહી માટે બે મળી ચાર તીજોરી બનાવવાનો તમને ઓર્ડર આપેલો છે. જે તૈયાર થયે મારા બીજા સ્નેહીનો વધુ ઓર્ડર આપવા વિચાર છે.

લી૦ હરગોવનદાસ જમનાદાસ રામજી

ગોદરેજનું કારખાનું

પરેલ અને મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોનાં મનપર ઉમદા વિચારોની છાપ પાડીને તેમને
સદ્‌ગુણી, બુદ્ધિમાન અને આદર્શિત બનાવવા માટે

બાળ ગ્રંથાવલિનાં ઉત્તમ પુસ્તકો.

સદ્‌ગુણી બાલકો.

બાળકોમાં પ્રાણ સાટે [illegible] માતૃભક્તિ, પિતૃભક્તિ, ગુરૂ-
ભક્તિ, પરોપકાર, સત્ય, વગેરે સદ્‌ગુણ દર્શાવી આપવાના
અનેક ખરા બનેલા અસરકારક દાખલાઓનો સંગ્રહ.

બાલકોની વાતો.

સ્વદેશ પ્રેમ, દેશની [illegible], કુસંપ, ધર્મ, પરોપકાર વગેરે
ઉપર રસિક વાર્તાઓ દ્વારા અનેક અસરકારક પાઠ આમાં છે.

બાળ સદ્‌બોધ.

સમયજ્ઞ, ભાગવત ઈ. માંથી બોધદાયક અનેક
અને દ્રષ્ટાંતો સાહિત ઉત્તમ ધાર્મિક શિક્ષણ

નીતિકથા.

[illegible] પાડીને મોટા બાળકો માટે
અને બોધદાયક [illegible]
બાલાના હીત્ય [illegible] ઉત્તમ
[illegible] પુસ્તકો તૈયાર કરાવ્યા.

ચારણ સાહિત્ય [illegible] કાર્યાલય અમદાવાદ.
[illegible] કાલુપુરટેકરો.
[illegible] ગામ બાંધે કાઢવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar